૩૭૭મું

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટે આજનું માસિક

વર્ષ બત્રીસમું · અંક પાંચમો · મે ’૫૫



ીક્ષા’ : કલાકાર શ્રી બી. એન. જિજ્જા · એમના ચિત્રવિષય સાદા હોય છતાં આલેખનમાં તો અંગની સુરેખતાથી માંડી મામૂલી પાત્ર સુદ્ધાંને સચ્ચાઈપૂર્વક ઉતારે છે

તંત્રી : બચુભાઈ રાવત



કુમાર — મે ૧૯૫૫ — અંક ૩૭૭

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના



આ અંકે ચંદ્રવદનની આપકથા આપે પૂરી કરાવી તે વાંચી ઘણો દિલગીર થયો. લગભગ દસબાર વરસનાં સ્મરણો છોડીને એકદમ કૂદકો મરાવ્યો હતો તે, હું માનતો હતો કે આ વરસમાં આવશે; પણ એકદમ બંધ રખાયું એથી ઘણો અફસોસ થયો. છેલ્લો હપતો વાંચી ચંદ્રવદન મહેતા પ્રત્યે પણ ઘણી સહાનુભૂતિ જાગી. છેલ્લા હપતામાં આશા હતી કે વિલાસ સાથેના નિષ્ફળ લગ્નજીવન પછી બીજું લગ્ન કર્યું હશે. પણ નહિ, બીજું લગ્ન જ થયું નહિ. ખરેખર એ માણસ સાથે પાંચેક વરસથી 'કુમાર' મારફત જે માયા બંધાઈ છે તે ભુલાય એવી નથી. એમને લખવા દેવું હતું, ખૂબખૂબ લખવા દેવું હતું. 'કુમાર'નું પણ એ એક આકર્ષક અંગ હતું એમ હું દૃઢતાથી માનું છું. હજી પણ આપ એમની પાસે લખાવી શકો છો. એમને મારા ઘણા ઘણા સલામ.

(મરોલ–વાયા અંધેરી) —યુસુફ કારા પટેલ

એપ્રિલ અંકના ટિકિટસંગ્રહમાં 'આંતરરાષ્ટ્રીય આયોગ'ની ટિકિટો ઈન્ડોનેશિયામાં ગએલાં ભારતીય દળોને વાપરવા માટે છાપેલી લખી છે; પરંતુ તે ઈન્ડોનેશિયા નહિ, પણ ઈન્ડોચાઈનામાં ગએલા ભારતીય પ્રતિનિધિ મંડળને માટે છાપેલી, એમ જોઈએ.

(અંકલેશ્વર) —જયંતકુમાર ઠા. દેસાઈ

માર્ચ અંકમાં પ્રગટ થએલા શ્રી ભાનુમતીબહેનના 'પતિતાનો પ્રશ્ન' કાવ્ય બદલ લેખિકાને અભિનંદન; પરંતુ કાવ્યના મથાળાની નીચે કૌંસમાં ગઝલ લખ્યું છે એ યોગ્ય નથી. ગઝલ એ ઉર્દૂ કાવ્ય-સાહિત્યનો એક પ્રકાર છે, પણ એનાં ઘણાં પેટાસ્વરૂપો છે. પ્રસ્તુત 'પતિતાનો પ્રશ્ન' એ દૃષ્ટિએ 'ગઝલ' નહિ, પણ 'નઝમ' કે 'મુસલસલ' ગણી શકાય, કેમ કે 'ગઝલ'માં જે 'રદીફ–કાફિયા'ની સળંગ એકસૂત્રતા હોય છે, તે 'નઝમ'માં બબ્બે કે ચારચાર પંક્તિ પૂરતી જ નક્કી હોય છે; દર કંડિકાએ પ્રાસાનુપ્રાસ બદલાય છે–સ્વતંત્ર હોય છે. વળી 'ગઝલ'માં દર બે પંક્તિનો વિચાર સ્વતંત્ર હોય છે, જ્યારે 'નઝમ'માં વિચારસાતત્ય. આ બધું જોતાં 'પતિતાનો પ્રશ્ન' 'ગઝલ' તો નથી જ. અલબત્ત, પછી ગુજરાતીમાં જે 'ગઝલ છંદ' કહેવાય છે તે રીતે બરાબર છે. પણ કાવ્યપ્રકાર તો 'ગઝલ' ન જ મનાય.

(સૂરત) —ભગવતીકુમાર હ. શર્મા

'આપના 'કુમાર'માં છબિકલાની સંપૂર્ણ માહિતી દર્શાવતી લેખમાળા પ્રગટ થાય છે. તો ગેવાકલર, ટેકનીકલર વગેરે ફિલ્મોની રંગ-પ્રોસેસની માહિતી આપો તો તે જ્ઞાનદાયી નીવડે. સાથે સાથે હું શ્રી મેવાડાને સિનેકલર, ડુફકલર, મેગ્નાકલર, કોડાક્રોમ, એન્સેકોકલર, ડુફાક્રોમ વગેરે પ્રોસેસોની વિસ્તારથી માહિતી આપવા પણ વિનંતી કરું છું.

(આણંદ) —વિ. ના. ઠક્કર

આપને વાચકો તરફથી કોઈ નવીન ભાગ શરૂ કરવાનું કહેવામાં અથવા વધારો કરવાનું કહેવામાં આવે ત્યારે આપ 'કુમાર'ની આર્થિક સ્થિતિનો પ્રશ્ન આગળ લાવો છો અને તેનાં કારણોમાં પૂરતા પ્રમાણમાં ગ્રાહકો ન હોવાનું ને જાહેરખબર ન મળવાનું કારણ બતાવો છો.

હિંદભરમાં ખ્યાતનામ ગુજરાતી ઉદ્યોગપતિઓ છે. એઓ એમના ધંધા અંગેની જાહેરખબર આપી એક સંસ્કારી માસિકને ન પોષી શકે? શું ગુજરાતીતરીકે તેમની આ ફરજ નથી?

'કુમાર'ને મદદ કરવાનો પ્રશ્ન બાજુએ મૂકીએ તોપણ 'કુમાર'માં આપેલી જાહેરાત યોગ્ય બદલો જરૂર આપે એમ હું માનું છું.

(ચીખલી) —મનુભાઈ દેસાઈ

'કુમાર' રમત-ગમતોનો વિભાગ શરૂ કરે તો 'કુમાર'નો સારો ફેલાવો થશે. ક્રિકેટ, હૉકી, ટેબલટેનિસ વગેરે વિવિધ રમતો વિષે કંઈક પીરસવું જોઈએ. ઉપરાંત 'પ્રશ્નોત્તર વિભાગ' પણ રાખવો જોઇએ.

(નવસારી) —મિરઝાં કે. ડી.

કસ્તૂરી

'કુમાર'ના ફેબ્રુઆરી અંકમાં કસ્તૂરીવિષેનાં કેટલાક મંતવ્યો શાસ્ત્રસંગત ન હોવાને કારણે આ ખુલાસો આવશ્યક લાગે છે. એ લેખમાં જણાવ્યા પ્રમાણે કસ્તૂરીની ઉત્પત્તિ વિષે સમાજમાં એવો મત મોટે ભાગે પ્રચલિત છે કે તે મૃગની નાભિમાંથી ઉત્પન્ન થાય છે. તે બરોબર નથી. સંસ્કૃતમાં કસ્તૂરીને માટે 'મૃગનાભિ', 'મૃગમય' વગેરે શબ્દો છે. આને લીધે પણ કેટલાક માને છે કે કસ્તૂરી મૃગની નાભિમાંથી અથવા વીર્યમાંથી ઉત્પન્ન થાય છે. પણ તે ચોક્કસ કયા અંગમાંથી ઉત્પન્ન થાય છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ મોટા ભાગના ગ્રંથોમાં નથી. કોઈ ડૂંટામાંથી, કોઈ અંડમાંથી અને કોઈ વીર્યમાંથી તે નીકળતી હોવાનું જણાવે છે.

વડોદરામાં ૧૯૪૨માં ભરાએલી ૨૯મી વિજ્ઞાન પરિષદમાં એના ઉપર ઠીકઠીક પ્રકાશ ફેંકવામાં આવ્યો હતો. એના અહેવાલમાં કૈલાસ ને માનસરોવરવાસી સ્વામી શ્રી પ્રણવાનંદનો 'musk and musk-deer' પર નિબંધ છપાએલો છે. આ વિદ્વાને જાતે કસ્તૂરીમૃગ મરાવીને કસ્તૂરી શી ચીજ છે એ ઉપર સારો પ્રકાશ નાખ્યો છે. એ કહે છે કે નાભિ તો નર અને માદા બંનેને હોય છે. પ્રાણિશાસ્ત્રની દૃષ્ટિએ પણ કસ્તૂરી એ નાભિની બનાવટ તો હોઇ શકે જ નહિ, કારણ નાભિને કોઈ જાતનો સ્રાવ હોતો નથી; અને ધારો કે હોય તો તે મૂત્રમાર્ગમાં જઈ શકતો નથી. જો નાભિ જ તેનું ઉત્પત્તિસ્થાન હોય તો નર અને માદા બંનેનાં મૂત્રમાં કસ્તૂરીની સુગંધ આવવી જોઇએ; પરંતુ તેમ નથી. એકલા નરમૃગના મૂત્રમાં જ કસ્તૂરીની સુગંધ હોય છે. એટલે કસ્તૂરી એવી કોઈ ગ્રંથિનો સ્રાવ હોવો જોઇએ જે એકલા નરમાં જ હોય અને જે મૂત્રમાર્ગ દ્વારા સ્રવતી હોય. પૌરુષગ્રંથિ (prosrtate gland) જ આ બંને વસ્તુ કરી શકે. નર મૃગના ઉપસ્થ નજીકના ભાગ આગળથી કસ્તૂરીનો ડૂંટો લેવામાં આવે છે, એટલે ભ્રમથી લોકો એને 'અંડ' માને છે. નાભિનો ભાગ પણ ઉપસ્થની પાસે જ વાળથી આચ્છાદિત થએલો હોવાથી એને નાભિ પણ ભ્રમથી જ કહેવામાં આવે છે, પરંતુ ખરી રીતે પૌરુષગ્રંથિ એ જ કસ્તૂરીનો ડૂંટો છે. અને આ ગ્રંથિનો સ્રાવ એ જ કસ્તૂરી છે.

વળી 'અસલી કસ્તૂરીની ગંધ એટલી તીવ્ર હશે કે સૂંઘવાથી નાકમાંથી લોહી પડશે.' એ પણ લોકમાનસમાં ઘર કરી બેઠેલો ભ્રમ જ છે. કોઈ પણ પુસ્તકમાં કસ્તૂરીના આવા ગુણ માટે ઉલ્લેખ નથી. અને મેં પોતે સાચી અને સારામાં સારી કસ્તૂરી અનેક વાર સૂંઘી છે, પણ મને કોઈ દિવસ લોહી પડ્યું નથી. કદાચ એમ બને, કે તમે વારંવાર સૂંઘ્યા જ કરો તો તેની તીવ્ર વાસને કારણેનાકની અત્યંત સુંવાળી (સેન્સિટિવ) શ્લેષ્મકલા (મ્યૂકસ મેમ્બ્રેન)ની રક્તવાહિનીઓ ઉત્તેજિત થાય અને રક્તનો પ્રવાહ ત્યાં અધિક વહેવાને કારણે લોહી તૂટી પડે. પરંતુ આ વસ્તુ ફક્ત કસ્તૂરીને માટે જ સાચી નથી, એ તો કોઇ પણ તીવ્ર વાસવાળી વસ્તુ આપણે વારંવાર સૂંઘીએ તો પણ થાય; એટલે કસ્તૂરી સૂંઘવાથી લોહી તૂટી પડે છે એ વિધાન ભ્રામક છે.

(આયુર્વેદ કૉલેજ–સૂરત) —ડૉ. પ્રફુલ્લ બી. વૈદ્ય



દર્પણ

· પરંપરિત ઝૂલણા ·

ગર્વ મુજ રિદ્ધિનો
ગર્વ મુજ બુદ્ધિનો
બાહુની અમિત મુજ શક્તિનો...
કોણ ઉદ્દંડ સંમુખ ઉભું આમ?
રે હઠ,
ભવાં તું ચડાવે?
શઠ!
એક બસ મુષ્ટિને ઘાત
આળોટશે ધૂળની સાથ;
રે એક બસ લાત,
જોજન કઈ પૂગશે ભગ્ન તવ ગાત.
જ્યાં ઘા કર્યો,
(મોરનાં પિચ્છ જાણે ખર્યાં...
ભૂમિ પર ઢગ નર્યો.)
પલક લઈ નેત્ર પાછાં ખૂલે
શૂન્ય સંમુખ
ધરાશાયી તે
એ જ એ રૂપ
ઉદ્દંડ...
રે! ભગ્ન દર્પણ મહીં
મેં લહ્યો માહરો પંડ
ખંડ...ખંડ!

રાજેન્દ્ર શાહ



જાદુપેટી

- કુંડળીઓ -

જાદુપેટી જિંદગી, બહુ ખાનાં, બહુ સંચ,
એકે એકે ખોલતાં, પામું બધો પ્રપંચ.
પામું બધો પ્રપંચ, વંચના કેવી કરી છે!
શોભા ઝાઝી અહીં, મહીં પણ ભૂખ ભરી છે!
ફાંફાં ફોગટ! યંત્ર માત્રમાં લીધો લપેટી!
કે નવ જાણું મંત્ર? જિંદગી જાદુપેટી!

વિનોદ અધ્વર્યુ

ફરી પાછો

- શિખરિણી -

ફરી આવ્યો પાછો વતનમહીં મારા સ્મરણના,
ફરી આવ્યો પાછો બચપનતણી સ્વપ્નભૂમિમાં.
અહીંની ધૂલિના પ્રતિ કણ થકી હું પરિચિત,
ઘડાએલું જેથી તન મન અને સ્વપ્ન સકળ.
અહીંનું સૌ લાગે નભ ઉકુખર્યું, સીમ, વિટપ,
ખગો, શંભુ-દેરું, સ્વજન સમ વ્હાલું પરિચિત.
મને આમંત્રી રહે વતન તણી શી આદક હવા,
પુરાણા પંથોમાં પ્રતિપળ મૂકું પાય હળવા.
ફરી આવ્યો, કિંતુ ભૂત સકળ કેરી મધુરપ
ભળી કાલાતીતે; પરિચિત મુખો ને સ્થળ પરે
નિહાળી રહે આંખો સમયકર-દીધા ઉઝરડા;
રહે ખૂટી મુખે શિશુવય તણી આત્મમયતા;
ફરું ભારે હૈયે વતન મહીં હું બે-વતન શો,
ગુમાવી રે! બેઠો સ્પરશમણિ હું શૈશવ તણો.

સનાતન

અર્ધનારીશ્વર

- છંદ હરિગીત -

કેમે કરી
ગૌરીતણો જ્યારે વિરહ
ક્ષણમાત્ર માટે યે સહન ના થઈ શક્યો!—
(આમ તો નિત્યે વિરાજિત એ હતી વામાંગ પ
પણ એટલી યે શેં જુદાઇ?)
—ત્યારે પ્રભુએ યુક્તિ તો કેવી કીધી!
નિજ અંગમાં સમાવી દીધી
દેવી, અને એ અર્ધનારીશ્વર થયા.
પ્રેમની તે શી અહો વ્યાકુળતા!

હેમન્ત દેસાઈ

જગતની પહેલા નંબરની મહાસત્તા તરીકે ગર્વોન્મત્ત મસ્તક રાખતા ઇંગ્લંડમાં ત્યારે દાયકાઓ પછી પોતાનાં બાવડાંની તાકાત દુનિયાને બતાવવાનો પ્રસંગ આવ્યો હતો. પહેલા મહાયુદ્ધનું *રણશીંગું ફૂંકાઈ* ચૂક્યું હતુ અને યુદ્ધની તૈયારીઓથી ઇંગ્લંડ આખું ધમધમી ઊઠયું હતું. એ વખતે દસ વર્ષનો એક દુર્બલ ભારતીય કિશોર ઇંગ્લંડમાં ભણતો હતો. ચમકતા ગણવેશમાં લશ્કરી શિસ્તથી ચોમેર ઘૂમતા સૈનિકોની એ અદા અને પોતાના દેશ માટે જાનફેસાની કરવાની તેમની તૈયારીની છાપ એના કુમળા મન પર હીરાના કાપ જેવી છપાઈ ગઈ. આતતાયીના વિનાશ અને માતૃભૂમિની ગૌરવરક્ષાકાજે શાળા-કૉલેજો છોડીને લશ્કરમાં ભરતી થતા હજારો તરુણોની આંખોની ચમક તેના હૈયા સોંસરી ઊતરી ગઈ અને એ જ વખતે તેણે મનમાં મજબૂત ગાંઠ વાળી લીધી કે મોટા થઇને આપણે તો સૈનિક જ થવું છે.

અને દસ વર્ષની વયે સૈનિક થવાનો સંકલ્પ કરનાર એ દુર્બલ કિશોર આજ બાવન વર્ષની વયે સ્વતંત્ર ભારતના સમસ્ત સૈન્યના સરસેનાપતિ બન્યો છે. આ અંક બહાર પડે છે તે જ દિવસે, ૧૫મી મેના રોજ એ લેફ. જનરલ સત્યવંત મલ્લાના શ્રીનગેશ, જે દક્ષિણ હકૂમતના જી.ઓ.સી.-ઈન-સી. (જનરલ ઑફિસર કમાન્ડિંગ ઈન ચીફ) હતા તે ભારતના લશ્કરી દળના વડા (ચીફ ઑફ આર્મીસ્ટાફ) બને છે.

ઉત્તરોત્તર બઢતીવાળી બત્રીસ વર્ષની લશ્કરી કારકિર્દી ગાળીને આજે સરસેનાપતિ બનેલા સત્યવંતનો જન્મ ઈ. ૧૯૦૩માં, હૈદરાબાદના નિઝામના અંગત તબીબ અને એક અગ્રિમ જંતુશાસ્ત્રી તરીકે નામના મેળવનાર ડૉ. મલ્લાના શ્રીનગેશનાં સાત બાળકો (ત્રણ ભાઈ અને ચાર બહેન)માં સૌથી મોટા પુત્ર તરીકે તેમના મોસાળ કોલ્હાપુરમાં થયો હતો. ચોપડીઓનો થેલો બેદરકારીથી ખભા પર નાખી, રસ્તે આવતા પથરા-કાંકરાને ઠેબે ચડાવતો, રોજ હૈદરાબાદના માર્ગ વીંધીને ત્યાંના નવાબો ને અમીરોના છોકરાઓને શિક્ષણ આપતી શાળા નિઝામ કૉલેજ જતો નાનો સત્યવંત ચપળ પણ શાળામાં બહુ નમ્ર, શરમાળ ને ઠાવકો ગણાતો, પણ કોઈ છંછેડે તો બરોબરનો હાથ બતાવી દેતો. અને દૃઢનિશ્ચયી પણ એવો જ. એક દિવસ ભાઈસાહેબે ઘેર આવીને જાહેર કર્યું કે હવે આપણે આ 'નિઝામ કૉલેજે' જવાના નથી! ને બીજે દિવસે તેને ગાડીમાં નાખીને જ નિશાળે લઈ જઈ શકાયો.



૧૯૨૧માં બ્રિટનની લશ્કરી શાળા સૅન્ડહર્સ્ટમાં પ્રવેશ સમયે

પણ સ્વતંત્ર લોકશાહીના *આદર્શોનાં સ્વપ્નાં સેવતા પિતા મલ્લાના*એ જોઈ લીધું કે હૈદરાબાદના બંધિયાર રજવાડી નવાબી વાતાવરણમાં સત્યવંતનો સ્વતંત્ર વિકાસ થઈ શકશે નહિ. તે માટે તો તેને શિસ્તભર્યા છતાં સ્વતંત્ર શિક્ષણની સર્વશ્રેષ્ઠ શાળાઓ તરીકે દુનિયાભરમાં પંકાએલી ઇંગ્લંડની 'પબ્લિક સ્કૂલ'માં મૂકવાનો જ તેમણે નિર્ણય લીધો, અને લગભગ આખો ઉનાળો ઇંગ્લંડમાં ખોજ કરીને નૉર્થ ડેવનમાં રેવરન્ડ હૅરિસના હેડમાસ્તરપણા નીચે ચાલતી 'વેસ્ટ બકલૅન્ડ પબ્લિક સ્કૂલ'માં તેને મૂકચો. સત્યવંતના જીવનઘડતરમાં એના પિતા મલ્લાના પછી બીજો મહત્ત્વનો ફાળો એ રેવરંડ હૅરિસનો છે. તેમની બેનમૂન વ્યવસ્થાશક્તિ, ને વિદ્યાર્થીઓ સાથેના મિત્રાચારીભર્યા વત્સલ વર્તને બાળક સત્યવંતના કુમળા મગજ પર ઘેરી છાપ પાડી. અને એ બે વડીલોની અસરથી જ એના જીવનને આજે અજવાળી રહેલા, પ્રામાણિકતા, નિખાલસતા, ખેલદિલી ને મર્દાનગીના ગુણ તેનામાં ખીલ્યા છે.

વેસ્ટ બકલૅન્ડ શાળામાં સીનિયર કૅમ્બ્રિજનો અભ્યાસ કરવાની સાથોસાથ સત્યવંતે ઓ.ટી.સી.ની લશ્કરી શાળામાં પણ તાલીમ લીધી અને તેમાં સાર્જન્ટના હોદ્દા સુધી પહોંચ્યો. આ દરમ્યાન જ તેને સદા પ્રિય એવા મહાન સેનાપતિઓ અને યુદ્ધકળા-પારંગત વીરોનાં ચરિત્રો તેણે રસતરબોળ થઇને વાંચ્યાં, જેમાં નેપોલિયન વિષેના ગ્રંથોએ તો એને ઉત્સાહથી સળગાવી મૂકચો.

પોતાના શાળાજીવનના એ દિવસો યાદ કરતાં જનરલ શ્રીનગેશ કહે છે કે એ કાળ ભારતની સ્વતંત્રતાનાં સ્વપ્નાંઓનો હતો અને ડુમીનીઅન સ્ટેટસ, હોમરૂલ અને પૂર્ણસ્વાતંત્ર્યના નાદ સતત અમારા કાનમાં ગાજ્યા કરતા. અને દિવસોદિવસ અમને પ્રતીતિ થતી હતી કે એક સમય એવો આવશે કે જ્યારે સ્વતંત્ર ભારતનું પોતીકું સર્વતંત્ર સ્વતંત્ર સૈન્ય હશે, અને જે દુનિયામાં કોઇથી ઊતરતું નહિ હોય.

વર્ષો પછી, કદાચ ૧૯૨૪ના ગાળામાં, સબાલ્ટર્ન શ્રીનગેશ (સબાલ્ટર્ન=કપ્તાનથી ઊતરતા દરજ્જાનો, મધ્યમ કક્ષાનો લશ્કરી અમલદાર) મુંબાઈમાં મહમદઅલી ઝીણા(જે એ વેળા ભારતના આજના ભાગલાના સર્જક નહિ પણ રાષ્ટ્રવાદી હિંદી હતા તે)ને મળેલા. એ પીઢ રાજપુરુષનાં શીખવચનો આજે પણ એમને યાદ છે કે 'લશ્કરીજીવન ગમે તેવું કપરું હોય તોપણ તેને વળગી રહેજો, કેમકે સૈન્યમાંના તમારા જેવા તરુણો જ દેશની મહાન સેવા બજાવી શકશે.'

આ શાળામાં જ સત્યવંતને એનું આજનું 'જહૉની'નું હુલામણું નામ મળ્યું. એકવાર સવારના નાસ્તા વખતે એક અંગ્રેજ છોકરાને આ કાળી ચામડીવાળા સત્યવંતને બટાટાની પ્લેટ પસાર કરવામાં નાનમ લાગી. આ અપમાનથી સમસમી ગએલા સત્યવંતે આખરે તેનું મુક્કાબાજીનું આહ્વાન ઝીલી લીધું, અને શાળાના કૉમ્પાઉન્ડમાં જ બધા વિદ્યાર્થીઓની વચ્ચે, મુક્કાબાજીમાં સિદ્ધહસ્ત સત્યવંતે તેને એવો તો ભોંયભેગો કરી દીધો કે સૌ વિદ્યાર્થીઓએ ત્યાં ને ત્યાં જ વિખ્યાત અંગ્રેજ મુક્કાબાજ (બૉક્સર) જૅક જહૉન્સનના નામાનુસાર તેનું ઉપનામ 'જહૉની' પાડી દીધું. આજે પણ શ્રીનગેશ એમના અંતરંગ કૌટુમ્બિક મંડળમાં 'જહૉની'ના નામથી જ ઓળખાય છે.

૧૯૨૧માં કૅમ્બ્રિજ યુનિવર્સિટીની પ્રાવેશિક પરીક્ષા પસાર કરીને અઢાર વર્ષનો સત્યવંત કૉલેજમાં જવાની તૈયારી કરતો હતો એવામાં, ઇંગ્લંડની જગત્ખ્યાત લશ્કરી શાળા સૅન્ડહર્સ્ટમાં દાખલ થવા માટેની પરીક્ષામાં પણ તેણે અચકાતાં અચકાતાં પ્રયત્ન કર્યો; અને મોટામોટા અંગ્રેજ સેનાપતિઓની સમિતિ આગળ આપેલી એ પરીક્ષામાંથી

ભારતીય દળોના નવા સરસેનાપતિ જનરલ શ્રીનગેશ



સફળતાથી પસાર થઇને તેણે સૅન્ડહર્સ્ટમાં પ્રવેશ મેળવ્યો. હવે કડક શિસ્ત ને કપરી જહેમતની તાલીમનો આકરો તબક્કો શરૂ થયો. એમાં સૌથી અગત્યની હતી, બઢતી માટેની પરીક્ષાઓ, અટપટા અભ્યાસક્રમો, અને હૉકી ફુટબૉલની ટુકડીઓમાં પસંદગી. કહેવાની જરૂર નથી કે સત્યવંતે એ બધાંમાં ઝળકતી કારકિર્દી હાંસલ કરી.

ઈ. ૧૯૩૪ના જુલાઈની ૨૯મી તારીખ સત્યવંતના જીવનનો એક અતિ મહત્ત્વનો બનાવ બન્યો. થોડા વખત પર લાહોરમા લાલા હરકિશનલાલના મકાનમાં તેણે કર્નલ કોચરની તરુણ ને રૂપવતી પુત્રી રાજકુમારીને જોએલી. એ પ્રથમ દૃષ્ટિએ જ તેમની વચ્ચે પ્રેમ બંધાયો. અને ઊંચી દડીના એ શ્યામસુંદર મહારાષ્ટ્રીય તરુણનું પંજાબની એ રૂપસુંદર પુત્રી સાથે ઉપર્યુક્ત તારીખે લગ્ન થયું.

સુગઠિત શરીર અને સુરેખ મુખાકૃતિવાળા જનરલ શ્રીનગેશ સ્વભાવે શાંત અને નિરભિમાની હોવા છતાં તેમની દૃષ્ટિમાં નિશ્ચલતા અને વાણીમાં દૃઢતા છે. સ્પષ્ટ શબ્દોવાળી તેમની વિશદ વાણી તેમના વ્યવસ્થિત અને અવિચલ વિચારોનું પ્રતિબિંબ પાડે છે અને તેમની ચપલ ને અક્કડ દેહયષ્ટિ તથા મુક્ત છતાં નિશ્ચલ પગલાં તેમનાં વ્યક્તિત્વની ન ભુંસાય તેવી છાપ ઉપજાવે છે.

પણ સામાના મન પર સૌથી વધારે સજ્જડ છાપ તો તેમનાં ચબરાક ને ચોખ્ખાં મન-બુદ્ધિની પડે છે. તેમના વિચારોમાં હમેશાં તાઝગી અને ચાપલ્યનો પ્રકાશ મળે છે. વાતચિતમાં તે પોતાના અભિપ્રાયો બીજા ઉપર લાદતા નથી. પોતાના વિચારો વ્યક્ત કરતાં અગાઉ સામાને એ બોલવા દે છે; પણ એ દરમ્યાન તેમની ચપળ આંખો ને ચબરાક મન સતત એટલાં તો જાગૃત હોય છે કે સામો માણસ હજી પોતાનો પ્રશ્ન ગોઠવે તે પહેલાં તો તેમની પાસે તેનો ઉત્તર તૈયાર થઇ ગયો હોય છે! સ્વમતાગ્રહી બન્યા વિના પણ તે અડગ રહી શકે છે, અને લશ્કરી તાલીમની વિશિષ્ટતા રૂપ વિચારની સ્પષ્ટતા તો તેમનામાં એટલી બધી છે કે વાતના જરૂરી મુદ્દાઓ ઝડપથી તારવી કાઢીને તેને પ્રશસ્ય ચોક્સાઇપૂર્વક તે રજૂ કરી દે છે. સાહિત્યનો તેમને શોખ છે. સાચી સાહિત્યકૃતિ ચૂંટી કાઢવાની તેમનામા દૃષ્ટિ છે અને એ કુશળ વક્તા તથા અંગ્રેજી ગદ્યના સુશ્લિષ્ટ લેખક છે.

'આપની લશ્કરી કારકિર્દીમા સૌથી શ્રેષ્ઠ સિદ્ધિ આપ શાને ગણો છો?' એ પ્રશ્નના ઉત્તરમાં એમણે કહેલું કે 'બીજા મહાયુદ્ધ વેળા, નવી જ ઊભી કરેલી છઠ્ઠી કુમાઉં રેજિમેન્ટને એકડે એકથી તાલીમ આપીને એક અવ્વલ નંબરની લડાયક ટુકડી બનાવી હું બ્રહ્મદેશને મોરચે લઇ ગયો ત્યારે મેં કર્તવ્યપૂર્તિનો પરમ સંતોષ અનુભવેલો.'

સૅન્ડહર્સ્ટમાંથી ૧૯૨૩માં કૅડેટ શ્રીનગેશને લશ્કરી કમિશન મળ્યું અને એ જ સાલમાં એણે તે વર્ષના સર્વશ્રેષ્ઠ હથિયાર વાપરનાર સૈનિક તરીકે 'કૅચેટા કપ' જીત્યો. તેમની પહેલી નિમણૂક નૉર્થ સ્ટૅફર્ડ-શાયર રેજિમેન્ટમાં કરાયા બાદ ૨/૧ મદ્રાસ પાયોનિયર ટુકડીમાં તે નિમાયા, ને ૧૯૩૩માં ૪/૧૯મી હૈદરાબાદ રેજિમેન્ટમાં તે જોડાયા. એ જ વર્ષના ડિસેમ્બરમાં તો તે ભારતીય લશ્કરી વિદ્યાલય 'ઇન્ડિયન મિલિટરી ઍકેડેમી'માં તાલીમ આપનાર શિક્ષક તરીકે લેવાયા.

બીજું મહાયુદ્ધ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું ત્યારે તેમને ૬/૧૯મી હૈદરાબાદ રેજિમેન્ટનું સેનાપતિપદ સોંપવામાં આવ્યું ને ત્યાર બાદ 'લુશાઇ બ્રિગેડ' સાથે તેમણે વઝીરિસ્તાન, આસામ ને બ્રહ્મદેશને મોરચે જંગ ખેલ્યા. પાછળથી બ્રહ્મદેશમાં ૧૯મી ભારતીય ડૅગર ડિવિઝનની ૬૪મા હિંદી પાયદળ ટુકડીના બ્રિગેડ કમાન્ડરનો હોદ્દો તેમને સોંપવામાં આવેલો.

૧૯૪૫ના નવેમ્બરમાં યુદ્ધ બાદ જર્મની અને જાપાન મોકલવામાં આવેલા હિંદી લશ્કરી મિશનના અનુક્રમે ઉપવડા ને વડા તરીકે તેમને પસંદ કરવામાં આવ્યા ને ત્યારબાદ મદ્રાસ વિભાગના જી.ઓ.સી.(જનરલ ઑફિસર કમાન્ડિંગ) તથા ૧૯૪૮માં સમસ્ત ભારતના લશ્કરી કેન્દ્ર 'આર્મી હેડ ક્વાર્ટર્સ, ઈંડિયા'ના એડજ્યુટન્ટ જનરલ તેમને બનાવાયા.

પણ જનરલ શ્રીનગેશની લશ્કરી કારકિર્દીની ચરમ સીમા તો ત્યારે આવી, જ્યારે ૧૯૪૮માં તેમને લેફ્ટેનન્ટ જનરલ બનાવીને જમ્મુ ને કાશ્મીરમાંનાં ભારતીય દળોનું સેનાપતિપદ સોંપવામાં આવ્યું. કાશ્મીરનું દળ ત્યારે બહુ મોટું બની ગયું હતું અને તેની વિવિધ ટુકડીઓ ઉપર એક સુગ્રથિત કાબૂની જરૂર ઊભી થઈ હતી. આ કપરું કામ લેફ્ટેનટ જનરલ શ્રીનગેશને સોંપાયું ને તેમણે તે પાર પાડી કાશ્મીરના યુદ્ધનો સરળતાથી અંત આણ્યો. એમાં એમણે બે મુખ્ય મોરચા યોજ્યા: એક તો નૌશેરા ને રાજૌરીથી છૂટા પડી ગએલા પુંચ વિભાગને ફરીથી તેમની સાથે જોડી દેવાનો મહાભીષણ પ્રયત્ન: ને બીજો મોરચો તે ઝોજી-લા સોંસરું પાડેલું બહુ જ યશસ્વી બંગાણુ—જેમાં ભારતીય દળે ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઇએ અતિ ભારે લશ્કરી સરંજામ ખેંચી જઇને દુનિયાની વાહવાહ પોકરાવે તેવી કામગીરી બજાવી, ને દુશ્મનોને લેહની યે પેલી મેર તગડી મૂકીને લડાખ તથા કાશ્મીરની ખીણનો કબજો મેળવ્યો. આને પરિણામે જ યુદ્ધબંધી થઈ; અને એ યુદ્ધબંધી માટેની વાટાઘાટો કરવા કરાચી ગએલા ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની પણ શ્રીનગેશને જ સોંપાઇ.

પછી તો ૧૯૪૯ના જાન્યુઆરીમાં તેમને ભારતની પશ્ચિમી લશ્કરી હકૂમત 'વેસ્ટર્ન કમાન્ડ'ના જી. ઓ. સી.-ઇન-સી. ને ૧૯૫૩ના જાન્યુઆરીમાં સધર્ન કમાન્ડના એ જ હોદ્દે નીમવામાં આવ્યા, જ્યાંથી આજ તે સમસ્ત ભારતીય દળોના સરસેનાપતિ પદે આવે છે.

('ઈલસ્ટ્રેટેડ વીકલી'માં આવેલા વી. લૅંગરના લેખને આધારે)

શેરીનો રાજા

તા. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦

શિયાળાની ઠંડી રાત હતી. રાતના બાર વાગવામાં પંદર મિનિટની વાર હતી, ત્યારે સિનેમાનો બીજો શો છૂટ્યો. ખુરશીની પાછળ ટાંગેલો ઓવરકોટ પહેરી હું બહાર નીકળ્યો.

થિયેટરની બત્તીઓ બંધ થઈ, અને રાત્રીની નીરવતા તથા નિઃસ્તબ્ધતામાં વધારો થયો. રાત અંધારી હતી. ઉતાવળે મેં ઘર તરફ પગલાં માંડ્યા. વીણા! મારા ઉપર જરૂર ગુસ્સે થશે. બિચારી રાહ જોઈ જોઈ, થાકીને સૂઈ ગઈ હશે. આજે હું વીણાને પૂછ્યા વગર જ સિનેમા જોવા ગયેલો;–જો કે કોઈ દિવસ પણ તેને પૂછીને સિનેમામાં જતો નથી. હું ઘેર આવું ત્યાં સુધી તે મારા માટે દાળ-ભાત ગરમ રાખવા પ્રયત્ન કરતી, પરંતુ દાળ-ભાત ગરમ થાય તે પહેલાં જ ચૂલાનો દેવતા ઠરી જતો. ચૂલાના અંગારા ગરમ રહેતા ત્યાં સુધી તે શાંત રહેતી, પરંતુ અંગારા બુઝાઈ ગયા પછી તે મારા ઉપર ગુસ્સે થઈ જતી. પણ છેવટે ટાઢા થએલા ભાત અને ઠંડી થઈ ગએલી દાળ કબાટમાં મૂકી...

'કું...ઊં...ઊં...ઊં...'

એકાએક મારી વિચારમાળા તૂટી. હું તરત જ ઊભો રહી ગયો. મેં ચારે તરફ બેટરીનો પ્રકાશ ફેંક્યો, પણ કંઈ દેખાયું નહિ એટલે મેં ઘર તરફ ફરી પગલાં માંડ્યા. એટલામાં એ જ કરુણ અવાજ ફરી સંભળાયો. અવાજ ઉપરથી મેં અનુમાન બાંધ્યુ કે કોઈ કૂતરું હશે. મને નાનપણથી જ કૂતરાં-બિલાડાં પ્રત્યે ઘૃણા છે, તેથી તે તરફ લક્ષ ન આપતાં ફરી હું ચાલવા મંડ્યો.

પરંતુ...પરંતુ તે અવાજ ખૂબ જ કરુણ અને હૃદયસ્પર્શી હતો. રસ્તાના ઢાળ નીચે ઊતરી, બૅટરીની મદદથી મેં તપાસ કરવા માંડી.

એક નાના ખાડામાં એક નાનું કુરકુરિયું ઠંડીથી કાંપી રહ્યું હતું અને કું...કું...કરી રહ્યું હતું. ઠંડી એવી તો સખત હતી, કે જો આ રાત એ આવી જ રીતે પસાર કરે તો આવતી કાલનો સૂર્યોદય જોવાની શક્યતા ન હતી. શું કરવું તેના વિચારમાં હું પડ્યો. પણ પછી તરત જ ઠંડીમાં કાંપતા તે કુરકુરિયાને ઉઠાવી લઈ મારા ઓવરકોટમાં છુપાવી દીધું



અને ચાલતો થયો; કારણ કે તેને ઉપાડતાં પહેલાં જ્યારે હું વિચારતો ઊભો હતો, ત્યારે તે એટલા જોરથી ચીસો પાડી રહ્યું હતું કે મારા જેવો સામાન્ય માનવી ત્યારે બીજો વિચાર જ ન કરી શકે.

ઘરમાં સર્વત્ર અંધકાર હતો. ચુપકીથી હું દરવાજા પાસે ગયો ને બારણું ધકેલ્યું. બારણાને સાંકળ દીધેલી ન હતી પણ બારણું ધકેલતાં જ તે ખખડી ને હું ચમક્યો. થયું કે વીણા આવી કે શું? પણ તરત જ મારો ભ્રમ ભાંગ્યો ને હું હસી પડ્યો. કહેવાય છે કે પાપ ભીરુ હોય છે તે ખરું છે. પરંતુ મેં શું પાપ કર્યું હતું? સિનેમાનું વ્યસન એટલે શું પાપ? વીણાનો મારા પ્રત્યે અકૃતિમ સ્નેહ હતો, પણ હું તેની સામાન્ય ઈચ્છા પણ પૂરી કરી શકતો નહિ. હાથપગ ધોવા હું બાથરૂમમાં ગયો અને ત્યાં પડેલાં જૂનાં કપડાં પાસે કુરકુરિયાને મૂકી દીધું. વીણા! જો તેને ખબર પડી જાય તો ધમાલ મચાવી મૂકે! ડરતો ડરતો હું મારા ઓરડામાં આવ્યો. બત્તી કરી જોયું તો એ ઘસઘસાટ ઊંઘતી હતી. ચાલો, સારું થયું. ઘડિયાળમાં દોઢનો ટકોરો પડ્યો.

તા. ૧૬ ડિસેમ્બર ૧૯૫૦

વીણાના અવાજથી હું જાગી ઊઠ્યો. ઘડિયાળમાં જોયું તો આઠ વાગ્યા હતા. 'સૂર્યનારાયણ શું આજે વહેલા ઊગ્યા કે?' વીણાને હસાવવાનો મેં પ્રયત્ન કર્યો, પરંતુ વ્યર્થ! સ્ત્રીઓ હઠીલી હોય છે તે વાત સાચી છે. કાલનો ગુસ્સો તે આજ કાઢશે. શું કરીએ? જેહના ભાગ્યમાં જે...

'કેમ, શું છે?' મેં ઊંચે જોઇ પૂછ્યું.

'બૅંકના કામથી ત્રાસીને તમે સીગરેટનો આશરો લ્યો છો, એમ પત્નીથી ત્રાસીને કૂતરાનો આશરો લ્યો છો કે શું?'

હું સ્તબ્ધ થઈ ગયો. રજનું ગજ કરવામાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે ચતુર હોય છે. ચકિત થઇને આ તેનું પ્રત્યક્ષ ઉદાહરણ હું જોઈ રહ્યો. શો અનર્થ થઈ રહ્યો છે! મારા ભણી ગુસ્સાભરી નજર ફેંકી તે અંદર ચાલી ગઈ, અને તેની પાછળ હું પણ ગયો.

કપડાંના ઢગલા પાસે પડેલા કુરકુરિયા તરફ આંગળી ચીંધતાં તે બોલી: 'જુઓ, આ તમારી દયાનો પ્રતાપ.' હાડકાંના માળખા જેવું અને મરવાની આળસે જીવતું તે કુરકુરિયું ત્યાં પડ્યું હતું, અને મૂર્ખાએ ત્યાં જ શૌચ કરી દીધું હતું! મારા તરફ તે એવા તો દીન વદનથી જોઈ રહ્યું હતું કે જાણે મને કહેતું હોય, 'મારાથી આ ભૂલ તો થઈ ગઈ, પણ હવે તમે જ સંભાળી લ્યો.' પરંતુ મને તેના તરફ એટલો ગુસ્સો આવ્યો કે તેની દયાજનક સ્થિતિને ન જોતાં, પાસે પડેલી લાકડી ઉપાડીને જોરથી મારી. જેવી બીજી વાર મેં લાકડી ઉગામી કે તરત જ વીણાએ નીચે બેસી જઈ કુરકુરિયાને તેડી લીધું અને આર્દ્ર થઇને બોલી, 'બળ્યું, તમે પણ કેવા છો? બિચારાની સ્થિતિ તો જુઓ!'

મેં વીણા સામે જોયું. તેની આંખો અશ્રુથી છલકાઈ ગઈ હતી! ફરી એક વાર હું ચકિત થઈ ગયો.

કંઈ પણ બોલ્યા વગર હું બીજા ઓરડામાં આવ્યો. વીણાના જીવનની—તેના સ્વભાવની બીજી બાજુ આજે મને જોવા મળી, જ્યાં દયા ને મમતાનો વાસ હતો. હિંદુ સ્ત્રી અને આદર્શ પત્નીનો આજે મને સાક્ષાત્કાર થયો. વીણાને આ શિક્ષણ અને સંસ્કાર કોણે આપ્યાં? તેને આ બધું કોણે શીખડાવ્યું? જે સંસ્કારી વાતાવરણમાં તે ઉછરી તેનું જ આ પરિણામ છે. સંસ્કાર!–માનવીના જીવન ઉપર અસર કરનાર 'સંસ્કાર' જેવી વસ્તુ છે ખરી.

તા. ૧૭ ડિસેમ્બર ૧૯૫૦

ગઈ કાલની ઘટના આજે મને ફરી યાદ આવે છે. ખરું જોતાં તો, વીણાને પણ મારી જેમ કૂતરાં-બિલાડાં પ્રત્યે ઘૃણા છે. મારી સાથે બેંકમાં કામ કરતા માધવે મને એક સરસ કૂતરો ભેટ આપવાનું વચન આપ્યું હતું, પણ વીણાને લીધે મેં ના પાડી દીધી. પરંતુ આજે જ્યારે વીણાએ પોતાના ભાઈ ભાલુને પેલા નાના કુરકુરિયા માટે જગ્યા કરવાનું કહ્યું ત્યારે ફરી હું આશ્ચર્યમાં પડી ગયો.

માધવ આજે આવ્યો હતો. કુરકુરિયાને જોઈ તેણે મને ખૂબ સંભળાવ્યું. સુકાએલા જામફળ જેવું મોઢું, ચુસાએલી શેરડી જેવું શરીર, ગધેડા કરતાં પણ વધુ ખરાબ રંગ. ગમાર, ડરપોક—આવું આવું તેણે વિધાન ઉચ્ચાર્યું; અને પછી 'આના કરતાં તો એકાદ ડુક્કર કે ગધેડાના બચ્ચાને પાળ્યું હોત તો સારું થાત.' એવી સલાહ આપી તે ચાલ્યો ગયો.

'મોતી'—આ નામ ભાલુએ પાડ્યું હતું—ગમે તેવો હોય, પરંતુ તેના દ્વારા મને નારીજીવનનું જે નવું પાસું જોવા મળ્યું છે, તે કિંમતી નથી શું? આ વિચારથી મને પોતાને જ હસવું આવ્યું. મોતી તો શું, પરંતુ તેને બદલે બીજો કોઈ પણ કૂતરો હોત, તો પણ મને નારીજીવનની બીજી બાજુનું દર્શન તો થાત. મોતીએ મારા હૃદયમાં જગ્યા કરી લીધી, અને મેં તેનો અધિકાર માન્ય રાખ્યો. મને એવો ડર હતો કે કદાચ મોતી રાત્રે સતાવશે. પણ નહિ. તે દિવસભર સૂતો રહેતો ને રાત્રે મૂંગો જાગતો પડી રહેતો. તે ગમે તેવો ખરાબ હોય, પરંતુ મને સમજદાર લાગતો, કારણકે તે હવે ઘરમાં શૌચ નથી કરતો.

હું હમણાં જ બેંકમાંથી આવ્યો હતો. આવીને બેઠો કે તરત જ ભાલુ દોડતો દોડતો આવ્યો અને બોલ્યો: 'જિજાજી, જિજાજી.'

'કેમ, શું છે?'

'આપણો મોતી ખૂબ હોશિયાર અને બહાદુર થવાનો છે.'

'હા, હા, જરૂર.'

'નીલકંઠ કહેતો હતો કે જે કૂતરાને કાન પકડીને ઊભો કરવામાં આવે, છતાં ચીસો ન પાડે તે કૂતરો બહાદુર ને હોશિયાર હોય છે.'

'અને તેં મોતીને કાન પકડીને ઊભો કર્યો'તો એમ ને?'

'હા, પણ મોતીએ ચુંકારો સરખો યે કર્યો નહિ.'

મોતીને સારો કહેવાવાળો બીજો ભાલુ અને પહેલો હું.

તા. ૧૮ ડિસેમ્બર ૧૯૫૦

૨૫ તારીખે બેંકના કામે મારે મિરત જવું પડશે. ત્યાંની બેંકની શાખામાં હિસાબમાં કંઈ ભૂલ થઇ છે અને તેની કાયદેસર તપાસ પહેલાં વ્યાવહારિક તપાસ માટે મને મોકલશે. વીણાને આજે જ તાવ આવ્યો છે. મિરત ન જાઉં તો નોકરીમાં આગળ વધવાનો ચાન્સ ખોઉં, અને જાઉં તો અહીં વીણાની સંભાળ કોણ લે?

તા. ૧ જાન્યુઆરી ૧૯૫૧

આજે જોન્સની સાથે 'કરેજ ઑફ લાસી' નામનું એમ. જી. એમ.નું ચિત્રપટ જોયું. લાસી! તેને કેટલો બહાદુર અને આકર્ષક બતાવવામાં આવ્યો છે! અને અમારો મોતી?

આજે વીણાનો પત્ર આવ્યો છે. તેણે એટલો સરસ પત્ર લખ્યો છે, કે મારામાં ઓસરી ગએલો ઉત્સાહ ફરી આવ્યો છે. તન્મયતા, સાહજિકતા અને અકૃત્રિમતાનો ત્રિવેણીસંગમ એટલે વીણા! તે લખે છે:

પ્રિય મનોહર, સપ્રેમ વન્દે. ભાલુ મજામાં છે. મિરતથી તમે તેને માટે ટૉમીગન લાવનાર છો, એ કલ્પનામાં મસ્ત છે.

'તમે મિરતના કુદરતી સૌંદર્યનું વર્ણન કર્યું ખરું, પરંતુ તમારી તબિયત સારી નથી લાગતી. મોતીની ચિંતા છે? પત્નીની ચિંતા તો નથી ને, એમ હું પૂછનાર હતી, પરંતુ આપણાં લગ્નને ત્રણ વરસ થઈ ગયાં ને... કેમ, ગુસ્સો તો નથી આવ્યો ને?—પણ આ તો મશ્કરી જ છે, હોં!

તમારી એવી કલ્પના હશે કે મોતીને તમારા દર્શન ન થવાથી તે દરરોજ ચિલ્લાતો હશે; પરંતુ દરરોજ આથી ઊલટું જ બને છે. કાલે મેં ભાલુને મોતીને દૂધ પિવડાવવાનું કહ્યું. તેણે સાંજ સુધી દૂધ ન પીધું. મેં જ્યારે તેને પ્રેમથી પંપાળ્યો, ત્યારે જ પીધું.

મારી તબિયત હજુ સારી રહેતી નથી.—તમારી વીણા.'

તા. ૧૫ ફેબ્રુઆરી ૧૯૫૧

આજે ભાલુનો પત્ર આવ્યો છે. તેને મોતી રોજના નિયમ મુજબ ફળિયામાં દડે રમી રહ્યા હતા. રમતાં રમતાં ભાલુએ ભૂલથી દડાને રસોડામાં ફેંક્યો, અને મોતી દડાની પાછળ એટલા જોરથી દોડ્યો કે તે અને દડો એકી સાથે રસોડામાં જઈ પહોંચ્યા. મોતીની શક્તિના આટલો ઝડપી વિકાસ જોઇને ભાલુ આનંદથી તાળીઓ પાડી ઊઠ્યો પરંતુ...પણ ત્યાં તો...'ભાગ બદમાશ'ના ક્રોધભર્યા શબ્દો અને પાછળથી મોતી ઉપર વેલણના થએલા ઘાએ ભાલુના રંગમાં ભંગ પાડ્યો. ભાલુ પોતાની બહેન તરફ જોઈ રહ્યો. તેનું આશ્ચર્ય દ્વિગુણિત થઈ ગયું. વીણાના હાથમાં સળગતું લાકડું હતું! તે નાના જીવને મનમાં પ્રશ્ન થયો કે સળગતું લાકડું ન મારતાં, વીણાએ વેલણ કેમ માર્યું?

ભાલુ બિચારો શું સમજે આનું કારણ? મને પણ શું સમજાય? પણ સ્ત્રીના હૃદયનું દર્શન મને તે જ દિવસે થયું. વીણાના હાથ ઉપર દૂધથી દાઝી ગયાનાં નિશાન છે. આ માટે વીણાને બે મહિના તકલીફ સહન કરવી પડી હતી. સળગતું લાકડું ફેંક્યાં પહેલાં, તેનું ધ્યાન પોતાના દાઝેલા હાથ તરફ ગયું હશે, અને તેથી જ કદાચ મોતી તરફ સળગતું લાકડું ફેંકતાં તે અચકાઈ હશે. વીણાએ તે જ દિવસે દૂધવાળા ભૈયાને મોતીને પોતાને ત્યાં લઈ જવાનું કહ્યું.

ભાલુ લખે છે: 'મોટી બહેનને કાલે આખી રાત ઊંઘ ન આવી અને તે રાતભર રોતી રહી. મેં પૂછ્યું, 'તબિયત સારી નથી કે શું!' પરંતુ તેમણે કંઈ જવાબ ન આપ્યો અને ભીંત તરફ મોં ફેરવીને સૂઈ ગઈ.

વહેલી સવારે મોટીબહેને મને ઢંઢોળીને ઉઠાડ્યો અને કહ્યું, 'અરે ભાલુ, જો તો મોતી આવ્યો છે!' હું તરત ઊભો થઇ ગયો. મોટી બહેને મોતીને તેડેલો હતો. ગઈ રાત્રે પડેલી સખત ટાઢથી ઠરી ગએલો મોતી મોટીબહેનને વળગી ગયો હતો.

જિજાજી, ગઈ કાલે મોટીબહેન કેમ રડતી હતી, અને આજે કેમ હસે છે, તેનું કારણ હવે મને સમજાય છે.—આપનો ભાલચંદ્ર.'

તા. ૫મી મે ૧૯૫૧

આજ સવારે હું મિરતથી પાછો ફર્યો છું. વીણા, ભાલુ ને મોતી મઝામાં છે. મોતીમાં ખૂબ જ પરિવર્તન થઈ ગયું છે. ગયા સાત મહિના દરમ્યાન તેનામાં થએલો ફેરફાર ઊડીને આંખે વળગે તેવો છે.

સવારે વીણા જ્યારે ચા લઇને આવી ત્યારે ભાલુ મને 'મોતી-પુરાણ' સંભળાવી રહ્યો હતો. પાડોશીના કૂતરાને કેમ હરાવ્યો અને પથ્થર મારતા વિનુને કેવો ડરાવ્યો વગેરે તેમાંના મુખ્ય હતા. ભાલુ તરફ જોતાં વીણાએ કહ્યું, 'પણ તમારો મોતી જંગલી તે જંગલી જ.'

ભાલુની ભ્રમર સંકોચાઈ. વીણા ધીમું હસી. મેં પૂછ્યું, 'કેમ?'

'નહિ, નહિ, જિજાજી.' ચાનો કપ ટ્રે ઉપર પછાડતાં ભાલુએ સખત શબ્દોમાં વિરોધ કર્યો, 'આ મોટકડી બહેન તો એવી જ છે. તમે મેલથી આવનાર હતા, એટલે મોતી દરરોજ મેલના સમયે સ્ટેશને જતો, ને મેલ જતાં ઘેર પાછો ફરતો. તેથી જ મોટી બહેન મોતીને 'જંગલી' કહે છે. પરંતુ તે દિવસે એક ભિખારી મોટી બહેનની સાડી...'

ભાલુ! જા, હવે તારું લેસન કર. તને ગપ્પા મારવાની ખોટી આદત પડી ગઈ છે.' વીણાએ ભાલુને ધમકાવતાં કહ્યું. (અનુ. પૃ. ૨૦૦મે)

મહારાષ્ટ્રના વિખ્યાત લેખક **આચાર્ય અત્રે**ની રસભર કલમે લખાએલાં

મારા શિક્ષકજીવનનાં સંસ્મરણો

જેમાં આત્મવિશ્વાસ પ્રકટે છે સમયસૂચકતા સૂઝી આવે છે અને ગર્જતા સિંહો કબજે થાય છે.

અનુવાદક - શશિન ઓઝા

ઓગણીસ સાલની તેરમી જૂને લગભગ સાડા બારના સુમારે પૂનાની ગાડીમાંથી એક શામળો, ઊંચો ને દૂબળો યુવાન બોરીબંદરના સ્ટેશને ઊતર્યો. તેના ગાલ બેસી ગએલા હતા. પણ ચહેરો ચમકદાર હતો ને આંખ પાણીદાર હતી. બેત્રણ મહિનાથી હજામની દુકાને ન ગયો હોય એમ લાગતું હતું. કાળી ઊંચી ફરની ટોપીમાંથી તેના વાળનાં ઝુલ્ફાં બહાર ડોકાતાં હતાં. શરીરે કાળા પટ્ટાવાળો લીલા સાટિનનો કોટ તેણે પહેર્યો હતો. લાલાશ પડતા રંગના જાડા ધોતિયાનો તેણે ચીપીચીપીને કચ્છો માર્યો હતો. પગમાં પૂનેરી ચંપલ હતાં. તેમાં એકની પટ્ટી તૂટેલી હતી. તેના હાથમાં ધોતિયામાં બાંધેલી એક નાનીશી પોટકી હતી. બોરીબંદરનું ભવ્ય સ્ટેશન અને માણસોની ગરદી જોઈ તેને પરસેવો છૂટચો. સદરાના આગળના ભાગથી તેણે એ પરસેવો લૂછયો ને આને-તેને પૂછપરછ કરતો આગળ વધ્યો. રસ્તા ઉપર ઘણો વખત એ ગૂંચવણમાં ઊભો રહ્યો. વળી કોઈકને પૂછ્યું ને પછી ગિરગામ તરફ જતી ટ્રામમાં ચડચો.

વાચક, આ યુવાન કોણ હતો એ તમને કહેવાની જરૂર ખરી કાંઈ? પ્રાર્થનાસમાજના નાકા આગળ ઊતરી હું ચોપાટીને રસ્તે જવા લાગ્યો. મારા કાકા પણ એલએલ. બી.નું ભણવા મહિના પહેલાં જ મુંબઈ આવ્યા હતા. 'મારવાડી વિદ્યાલય'માં તેમને શિક્ષકની નોકરી મળી હતી. તેમને મળવા માટે હું નીકળ્યો હતો. પણ ડાબી બાજુએ આવેલ 'મારવાડી વિદ્યાલય' મને દેખાયું જ નહિ. એમ ને એમ જ હું લૅમિંગ્ટન રોડ તરફ ચાલ્યો ગયો. ત્યાં જમણી બાજુ 'સૅન્ડહર્સ્ટ હાઈસ્કૂલ' એવું મોટું અંગ્રેજી પાટિયું મારી નજરે પડયું. તે જોઈ હું ચમકચો. અંદરની બાજુ એક નાનકડું કૅમ્પાઉન્ડ હતું. તેમાં સુંદર કપડાં પહેરેલાં દસબાર છોકરાં હસતાં રમતાં હતાં. ઉમરમાં એ મને જરા મોટાં દેખાયાં. મેં તેમને પૂછપરછ કરી તો ખબર પડી કે 'સિનિયર કૅમ્બ્રિજ'ની પરીક્ષા માટેનું શિક્ષણ આપતી એ છોકરાછોકરીની અંગ્રેજી શાળા હતી. એકદમ મારા મનમાં વિચાર આવ્યો કે આ શાળામાં આપણને શિક્ષકની નોકરી મળે કે નહિ? એલએલ.બી. માટે હું મુંબઈ આવ્યો હતો ખરો, પણ પૈસાની કંઈ જ સગવડ ન હતી. નોકરી કરું તો જ મુંબઈમાં રહી શકાય એવું હતું. એટલે શાળા નજરે પડતાં સાહજિક જ નોકરીનો વિચાર મનમાં આવ્યો. તપાસ કરું, એમ મનમાં બોલી હું પગથિયાં ચડી અંદર ગયો.

પ્રિન્સિપલની ઑફિસ સાવ પાસે જ હતી. અંદર ડોકિયું કર્યું તો એક મધ્યમ વયના મોટા દેખાવડા ને ભવ્ય ગૃહસ્થ ટેબલ પાસે બેઠા હતા. બંધ ગળાનો પારસી પદ્ધતિનો લાંબો કાળો કોટ, નીચે પેન્ટ, બૂટ, માથે કાળી ટોપી ને કપાળમાં લાલ કંકુની ટીકલી, આવો તેમનો રૂઆબ હતો. પૂનામાં આવી શોભાવાળા પુરુષને મેં કદી જોયો ન હતો. મનમાં હું જરા ગભરાયો. વિચાર થયો, અંદર જવું કે નહિ. બહાર નામનું પાટિયું હતુંઃ 'પ્રિન્સિપલ જયકર.' એ નામ વાંચી મને ધીરજ આવી. લાગે છે તો મહારાષ્ટ્રી. પછી શી હરકત છે? આગળના સ્ટૂલ પર મેં મારા હાથમાંની પોટલી મૂકી ને કોટનાં બટન બંધ કરતો હતો ત્યાં તો પ્રિન્સિપલ જયકરનું જ ધ્યાન મારા તરફ ખેંચાયું.

'શું જોઈએ છે?' તેમણે અંગ્રેજીમાં મને પૂછયું.

બીતાંબીતાં મેં બારણા આગળથી જ કહ્યું, 'નોકરી માટે હું આવ્યો છું.'

'શાની નોકરી?' મને પગથી માથા સુધી અવલોકીને એ બોલ્યા.

થોડાક ઓશિયાળા બની મેં કહ્યું, 'શિક્ષકની!'

'આવો, અંદર આવો.' પાસેની ખુરસી તરફ હાથ કરી એ સૌમ્ય સ્વરે બોલ્યા. હું અદબથી ખુરસી ઉપર જઈને બેઠો.

'શું ભણ્યા છો?' તેમણે મને પૂછયું.

'હમણાં જ બી.એ. થયો.' મેં કહ્યું.

'શીખવવાનો કંઈ અનુભવ?' તેમણે પ્રશ્ન કર્યો.

'ખાનગી શિક્ષણનો થોડો અનુભવ છે.' મારા ચંપલની તૂટેલી પટ્ટી તરફ જોતાં મેં કહ્યું. જયકર થોડું મલકીને શાંત રહ્યા. થોડીવારે મેં કહ્યું, 'કોઈ પણ વર્ગમાં કોઈ પણ વિષય હું શીખવી શકીશ.'

'એમ? તો છઠ્ઠા ધોરણમાં અત્યારે અંગ્રેજીનો પીરિયડ છે એ લઈ બતાવો!' એમ કહી જયકર એકદમ ઊઠચા.

મારા પેટમાં આ સાંભળી એકદમ પવનનો ગોળો જ ચડચો! 'બાપ બતાવ, નહિ તો શ્રાદ્ધ કર' એના જેવું થશે એની તો કલ્પના યે ન હતી. છઠ્ઠા ધોરણમાં અંગ્રેજી શીખવવાનું? કશી યે તૈયારી વિના? બાપ રે! મારી નસોમાં લોહીને બદલે બરફનું પાણી વહેતું હોય એવું મને લાગ્યું. અંગ્રેજીમાં મને બોલતાં આવડશે કે નહિ તેની જ પહેલાં તો મને શંકા હતી. ત્યાં શીખવવાની વાત તો છેટી રહી! પણ હવે બીવાનું શા કામનું? આવેલ સંકટનો સામનો કરવો જ જોઈએ, એવો વિચાર કરી, ફાંસી માટે માણસ જતો હોય એમ જયકરની પછવાડે મૂંગોમૂંગો હું છઠ્ઠીના વર્ગમાં ગયો.

વર્ગના વિદ્યાર્થીઓ જોઈ મારા મોતિયા જ મરી ગયા. આગલી બેન્ચ ઉપર સુંદર વેષભૂષા કરી બેઠેલી પાંચસાત વિદ્યાર્થિનીઓ અને પાછળની બાજુ વિવિધ જાતનાં ભભકાદાર કપડાં પહેરેલા બાર-પંદર વિદ્યાર્થીઓ જોઈ મારી આંખો જ અંજાઈ ગઈ. મારાં પૂનેરી કપડાં તરફ એ વખતે મારું પહેલુંવહેલું જ ધ્યાન ગયું. ખુરશી ઉપર બેસી મેં એક વાર આગળ જોયું. વર્ગમાં હાસ્યની એક લહરી ઊઠી. આથી મારી છાતીમાં એકદમ થરથરાટ થયો. વિદ્યાર્થીઓ ચમત્કારિક દૃષ્ટિથી મારી સામે જોઈ રહ્યા હતા. 'આ વળી કયા નવીન જાનવરને પ્રિં૦ આજ પકડી લાવ્યા.' એ જાતની જ જિજ્ઞાસા તેમની દૃષ્ટિમાં હતી. વર્ગના બારણા આગળ ખુરશી નાખી જયકર શાંતિથી બેઠા. તેમની સામે જોવાની મારી છાતી જ ન ચાલી. ટેબલ પરનું પુસ્તક મેં ઊંચક્યું ને ઉઘાડયું. જમણી બાજુના પાના ઉપર વર્ડ્ઝવર્થની 'ડૅફોડિલ્સ' એ કવિતા મને દેખાઈ. અરણ્યમાં ઓળખીતું કોઈ મળે એના જેવું મને લાગ્યું. બી.એ.ના અભ્યાસમાં અમારે એ કવિતા હતી. મેં એકદમ બુલંદ અવાજે અંગ્રેજીમાં બોલવાની શરૂઆત કરી, 'વિદ્યાર્થીઓ, અંગ્રેજી ભાષાની એક સુંદર કવિતા આજે હું તમને શીખવવાનો છું.'

મારું પહેલું વાક્ય સાંભળતાં જ વિદ્યાર્થીઓ ગભરાઈ ગયા. તેમનાં મોં પરનું તોફાની હાસ્ય ઓગળી ગયું ને એક ચિત્તે તેઓ મારી સામે જોઈ રહ્યા. આ મારા લક્ષ બહાર ન રહ્યું. પછી હું થોભું ખરો? આપણે તો ભરપૂર વેગે ગાડી છોડી મૂકી. વાણીનીસ્તો! વચગાળાના સ્ટેશને અટકવાની ભાંજગડમાં હું પડ્યો જ નહિ; કારણ, વચ્ચે અટકું તો વળી ગરબડ થાય ને! સતત ચાળીસ મિનિટ અંગ્રેજીમાં હું બબડ્યો. એટલામાં ઘંટ વાગ્યો ને હું શુદ્ધિમાં આવ્યો. બારણા આગળ બેઠેલ જયકર ક્યારના ચાલ્યા ગયા હતા. મારા વક્તૃત્વના ઝપાટાથી છોકરાં દબાઈ ગયાં હતાં. તોફાનમાં સપડાયાં હોય એવાં દીન તેમનાં મુખ બની ગયાં હતાં. હું રૂઆબથી ઊઠ્યો ને બોલ્યો, 'કાલે હું તમને શેલીની આ કરતાં પણ વધુ સરસ કવિતા શીખવીશ!'

'કાલે? કાલે તમે આવવાના?' છોકરાંઓ એકદમ બોલી ઊઠ્યાં. મેં થોડું હસી તેમના સામે જોયું અને કહ્યું, 'કદાચિત્.'

ઑફિસમાં પગ મૂકતાં જ જયકરે મારી સાથે હાથ મિલાવીને કહ્યું, 'ઉત્તમ. સુંદર શીખવો છો. કાલથી કામ પર આવો. પગાર શું લેશો?'

હું શું બોલું? હું જાગૃત છું કે સ્વપ્નામાં એ જ મને સમજાયું નહિ. અંતે જયકરે કહ્યું, 'હું તમને પચાસ રૂપિયા આપીશ!'

મેં હસીને ડોક હલાવી અને એકદમ બહાર નીકળ્યો. મારી પોટલીની મને એવી શરમ આવી! લાંબા લાંબા ભરી હું રસ્તા ઉપર આવ્યો ને રસ્તો ઓળંગી પાસેની એક ઈરાનીની હૉટેલમાં પેઠો. મારું મોઢું શોષાતું હતું. મેં લેમન મંગાવી. જન્મભરમાં મને આટલો આનંદ કદી નહોતો થયો. હું અંગ્રેજી બોલી શકું છું એ મોટી શોધ મેં કરી હતી! મુંબઈમાં આવ્યાને મને પૂરા બે કલાક પણ નહોતા થયા ત્યાં તો શિક્ષકની નોકરી પણ મળી ગઈ! હું લેમનના પૈસા દેતો હતો ત્યાં જ એક યુવાન મારી પાછળ એકદમ આવ્યો ને બોલ્યો, 'હું આપું છું, સર!'

'હું અને વળી **'સર'**?' મારા અંગ ઉપર રોમાંચ ખડા થયા.

સાંજે એલએલ. બી.ના વર્ગમાં નામ નોંધાવવા હું ગયો ત્યાં ઘણા ઓળખીતા મળ્યા. કોને ક્યાં નોકરી મળી વગેરે બાબત સૌ ચિંતાતુર મોઢે પૂછપરછ કરતા હતા પણ હું તો સાવ બેફિકર હતો.

'કેમ તમારો કાંઈ પત્તો ખાધો કે?' એકે મને હળવેથી પૂછ્યું.

મેં રૉફથી જવાબ આપ્યો, 'આ જ સવારે જ સો રૂપિયાના પગારે મારી સૅન્ડહર્સ્ટ હાઈસ્કૂલમાં ઍપોઇન્ટમેન્ટ થઈ!'

આ સાંભળી એ હસવા લાગ્યો. મેં ઉગ્ર ચહેરે પૂછ્યું, 'કેમ, શું છે?'

'અરે! ત્યાં તો બબ્બે ચારચાર મહિના સુધી પગાર મળતો નથી!' તેણે કહ્યું: 'મેં કાલે જ ત્યાંની નોકરી છોડી. કાં તો ઘણું કરીને મારી જગા ઉપર જ તમારી નિમણૂક થઈ હશે! પણ તમને સો રૂપિયા—'

એનું પાછલું વાક્ય સાંભળવા હું રોકાઉં શું કામ? હું ત્યાંથી છટકી જ ગયો. મારી છાતીમાં ધ્રાસકો પડ્યો. બપોર લગી હું કેવો નિશ્ચિંત હતો! ને ત્યાં પાછું કેવું થયું! જયકરનો રૂઆબદાર ચહેરો મારી આંખ આગળ આવ્યો. કેવો સારો માણસ. બબ્બે ચારચાર મહિનાનો પગાર નહિ દેતો હોય? ગલત વાત! મેં એ વિચાર જ મગજમાંથી કાઢી નાખ્યો. જાણે એવું કાંઈ સાંભળ્યું જ નથી.

એલએલ. બી.ના બે વર્ગ સાંજે ભરાતા ને એક સવારે ભરાતો. રહેવાની સગવડ મારા કાકાએ આગળથી જ મલાડમાં કરી હતી. રોજ સવારે છ વાગે લોકલ પકડવાની. દૂધવાળા ભૈયાઓ સાથે જ ચર્ચગેટ આવવાનું ને ત્યાંથી પગે ચાલતાં 'લૉ સ્કૂલ'માં જવાનું. પીરિયડ પૂરો થયા પછી ટ્રામમાં ગિરગામ. 'બાળા ભાગવત'ની લૉજમાં પહેલો પાટલો આપણો જ પડે. જમીને તરત શાળા. શાળા પૂરી થાય કે ગ્રાંટ રોડ પર 'લોકલ' પકડી પાછા મલાડ! આમ મારો મુંબઈનો કાર્યક્રમ શરૂ થયો. આ ગરબડમાં અભ્યાસ માટે તો ક્યાંથી વખત મળે? વળી કાયદાનાં મોંઘાં પુસ્તકો ખરીદવાના પૈસા પણ પાસે નહોતા.

શાળામાં આપણને ઠીક ફાવી ગયું હતું. પાંચમી, છઠ્ઠી ને સાતમીને અંગ્રેજી અને ગણિત શીખવવાનું કામ મારા ઉપર આવ્યું. ઈન્ટરમાં મેં ગણિત લીધું હતું એટલે મારો એ વિષય સરસ તૈયાર થયો હતો. 'સીનિયર કૅમ્બ્રિજ'ના વિદ્યાર્થીઓને હું શેક્સપિયરનું 'ઍઝ યુ લાઈક ઈટ', ચૉસરનું 'ફેઅરી ક્વીન', ને ઍલજિબ્રાના 'સર્ડ્સ ઍન્ડ ઈન્ડાઇસિસ' શીખવવા માંડ્યો. આટલું બધું ડહાપણ મારામાં ક્યાંથી આવ્યું એની મને પોતાને જ નવાઈ થઈ. વિદ્યાર્થીઓમાં હું સારીરીતે લોકપ્રિય થયો. શનિવારે બપોરે મરીન લાઈન્સના મેદાન ઉપર તેમની સાથે ક્રિકેટ રમવા હું જતો તેમજ ચર્ચા-સભામાં પણ મુખ્ય ભાગ લેતો. વિદ્યાર્થીઓને આથી વધારે શું જોઈએ? મહિનો પૂરો થવા આવ્યો એટલે વેળાસર પગાર મળશે કે કેમ તેની મને ચિંતા થવા માંડી. પણ નિશ્ચિત તારીખે જયકરે મારા હાથમાં દસ દસની પાંચ નોટો મૂકી ને મારા જીવમાં જીવ આવ્યો. જયકર વખતસર પગાર નથી દેતા એવું મને કહેનારને મેં મનમાં ને મનમાં લાખો ગાળો ચોપડાવી.

પણ બીજા મહિનાની પહેલી તારીખે જયકરે મને બાજુએ બોલાવ્યો ને હાથમાં પચીસ રૂપિયા મૂકી હળવેથી કહ્યું, 'આજ આટલું જ લ્યો! બાકી આવતે મહિને આપીશ!'

આ સાંભળી મારો ચહેરો ઊતરી ગયો. મનમાં જ બોલ્યો 'કાને વાત આવેલી એ ત્યારે થોડી સાચી તો ખરી!' મારા મોઢા ઉપરનો ફેરફાર એમના ધ્યાનમાં આવ્યા વિના રહ્યો નહિ. તેમણે કહ્યું, 'કાલથી તમને હું પચીસ રૂપિયાનું ટ્યૂશન આપીશ.' ને એ પ્રમાણે બીજે દિવસે તેમણે મને ટ્યૂશન અપાવ્યું. જયકર હમેશાં પૈસાની મુશ્કેલીમાં જ હોય. શાળામાં તેમને ખાસ નફો પણ નહિ થતો હોય, એટલે એમની તબિયત પણ સારી ન રહેતી. ખંડાળામાં તેમનો બંગલો હતો ત્યાં તે વારંવાર જતા. તેમની ગેરહાજરીમાં શાળા અમારે જ ચલાવવી પડતી. લેણદારો ભારે પજવણી કરતા. એમને 'પ્રિન્સિપાલ ખંડાળા ગયા છે.' એવો નક્કી કરેલો જવાબ અમે આપી દેતા!

પહેલી ટર્મ જેમતેમ કરીને પૂરી થઈ. દિવાળીની રજા પૂરી કરી અમે પાછા આવતા હતા ત્યાં તો 'શાળા બંધ કરવામાં આવી છે.' એવી નોટિસ ઑફિસના બારણા ઉપર લગાડેલી અમે જોઈ. એ વાંચીને મારું મગજ જ ફરી ગયું. કેવી સારી નોકરી ગઈ! હવે ક્યાં નોકરી માટે જવું? હું મારા વર્ગમાં એક બાંકડા ઉપર કપાળે હાથ મૂકીને બેઠો. શું કરવું ને ક્યાં જવું એ જ સૂઝે નહિ! હું બેકાર થયો એ વિચારથી આંખ આગળ અંધારાં આવ્યાં... કલાક દોઢ કલાક એમ ને એમ બેસી રહ્યો. એટલા વખતમાં શાળા સાવ ખાલી થઈ ગઈ. છોકરાંઓ બહાર નીકળી ગયા હતા. બેચાર શિક્ષકો વર્ગમાં આંટાફેરા કરતા હતા. એટલામાં 'પ્રિન્સિપાલ છે કે?' એવા શબ્દો મારા કાને પડયા.

મેં ચમકીને ઊંચું જોયું તો કોઈ અપરિચિત ગૃહસ્થ હતા.

'આપને શું જોઈએ છે?' મેં પૂછ્યું.

'શિક્ષકની નોકરી માગવા હું આવ્યો હતો.' તેણે જવાબ આપ્યો.

મનમાં ને મનમાં મને હસવું આવ્યું. કેવો વિચિત્ર માણસ છે? બંધ પડેલી નિશાળમાં માસ્તરની નોકરી માગવા આવ્યો છે!

'કાંઈ શિક્ષણનો અનુભવ છે?' કંઈક પૂછવું જોઈએ ધારી મેં પૂછ્યું.

આથી પેલા ગૃહસ્થને લાગ્યું કે હું કોઈ શાળાનો અધિકારી માણસ છું. તેથી 'આપ કોણ?' એમ વિવેકથી તેણે પૂછ્યું.

'હું વાઈસ-પ્રિન્સિપલ છું!' મેં એકદમ જવાબ આપ્યો. શાળા

તો બંધ પડી હતી. પછી શિક્ષક શું ને વાઈસ પ્રિન્સિપલ શું? આ સાંભળી પેલા સર્જન સ્તબ્ધ જ થઈ ગયા. નમસ્કાર કરી એ બોલ્યા: 'છેલ્લાં બે વર્ષથી હું રૉબર્ટ મની હાઈસ્કૂલમાં શિક્ષક છું. પણ એના પ્રિન્સિપલ સાથે ફાવ્યું નહિ એટલે નોકરીનું રાજીનામું દઈ હું છૂટો થયો. તમે જ કહો, જ્યાં આપણને ફાવે નહિ ત્યાં નોકરી કરવામાં પછી શો અર્થ?'

હું જરા સરખી રીતે બેઠો. મારા મનમાં કંઇક વિચાર આવ્યો. 'ક્યારની વાત તમે કરો છો?' મેં અધીરાઈથી પૂછ્યું.

'ક્યારની શું રાજીનામું દઇને જ ત્યાંથી સીધો અહીં આવું છું.' હું ફડાક દઇને બેઠો થયો.

'તમે જરા અહીં બેસો. પ્રિન્સિપલ સાહેબ ઉપર રહે છે. તેમને કહીને હું આવું છું.' કહી ત્યાંથી હું છટકીને બહારના રસ્તા પર આવ્યો.

રૉબર્ટ મની હાઇસ્કૂલનો ત્યાંથી પાંચ જ મિનિટનો રસ્તો છે. એકદમ લાંબાં ડગલાં ભરી હું પ્રિન્સિપલની ઑફિસ તરફ ગયો. 'રિસેસ' પૂરી થતાં વિદ્યાર્થીઓ પોતપોતાના વર્ગ તરફ જતા હતા. મારું જવું ને પ્રિન્સિપલનું બહાર નીકળવું એકીસાથે જ બન્યું. મધ્યમ વયના, રુક્ષ ચહેરાવાળા એ ગોરા સાહેબને જોઈ હું ચમક્યો. તેના સ્લેટ જેવા રંગના ડોળા સોનેરી ચશ્માંમાંથી મારી સામે જોવા લાગ્યા.

'હું આપને જ મળવા આવ્યો હતો. આપની શાળામાં શિક્ષકની એક જગા ખાલી પડી છે એમ સાંભળ્યું–' હું ઉતાવળે બોલી ઊઠ્યો.

સાહેબ આશ્ચર્યથી મારી સામે જોઇને બોલ્યા, 'જગા ખાલી પડ્યાને હજી એક કલાકે ય પૂરી નથી થઇ ને તમને ક્યાંથી ખબર પડી?

મેં ઉત્તર આપવાનો જરા યે પ્રયત્ન ન કર્યો. શાંત ઊભો રહ્યો.

'ક્વૉલિફિકેશન શું તમારા?' નિશ્ચિત પ્રશ્ન તેના મુખમાંથી બહાર પડ્યો. આનો મારી પાસે સુંદર જવાબ હતો.

'હું ગ્રૅજ્યુએટ છું.' મેં રુઆબથી કહ્યું, 'ને છેલ્લા છ મહિના સૅન્ડહર્સ્ટ હાઇસ્કૂલમાં સીનિયર કૅમ્બ્રિજમાં અંગ્રેજી શીખવતો હતો!'

સાહેબ ખુશ થયા. મહિને સાઠ રૂપિયાના પગારે સાહેબે ત્યાં ને ત્યાં જ મારી નિમણૂક કરી નાખી ને રિસેસ પછી તો મારા કામની શરૂઆત પણ કરી નાખી. બીજા ધોરણના 'ક' કે 'ડ' ડિવિઝનનો મને વર્ગશિક્ષક નીમવામાં આવ્યો. પહેલો પીરિયડ દાખલાઓનો હતો. મારી આસપાસ છોકરાંઓ ઘોંઘાટ કરતાં હતાં ને હું સ્વસ્થપણે ખુરશીમાં બેઠોબેઠો મનમાં ને મનમાં હસતો હતો. એ વિચારથી કે ત્યાં સૅન્ડહર્સ્ટ હાઈસ્કૂલમાં પેલો માણસ પ્રિન્સિપલની વાટ જોતો ક્યાં સુધી બેઠો હશે બિચારો! કોને ખબર?'

રૉબર્ટ મની હાઇસ્કૂલમાં હું એક મહિનો રહ્યો. મહિનાની આખરે ફૉર્ટની 'ન્યૂ હાઈસ્કૂલ'માં મહિને સવાસોના પગારથી ઉપલા વર્ગના સંસ્કૃત શિક્ષક તરીકે મારી નિમણૂક થઈ. વર્તમાનપત્રમાં જાહેરખબર વાંચી અરજી કર્યાના જવાબમાં મને આ નોકરી મળી હતી. 'ન્યૂ હાઈસ્કૂલ' એટલે મુંબાઈની સૌથી મોટી અને જૂની શાળા. ભર્ડા ને મઝૅબાન એ બે પારસી પદવીધરોએ તે ૧૮૯૦ની સાલમાં કાઢી. છેલ્લાં પચાસ-સાઠ વર્ષોમાં મુંબઈનાં વિવિધ ક્ષેત્રોમાં જે મોટા મોટા માણસો થઈ ગયા તેમાંના ઘણાખરા માણસો આ જ શાળામાં ભણી ગએલા એમ દેખાઈ આવશે. એસ્પ્લેનેડ મેદાનની આગળનાં બે પ્રશસ્ત મોટાં મકાનોમાં આ શાળા બેસતી. હૉર્નબી રોડ ઉપર એનું એક ત્રીજું મકાન પણ છે. છોકરાંઓની સંખ્યા બે થી અઢી હજાર ઉપર હશે. પારસી ને ગુજરાતી વિદ્યાર્થીઓનો ભરાવો વધારે. શિક્ષક પણ ઘણાખરા પારસી જ. આવી સુવ્યવસ્થિત અને સુયંત્રિત શાળા આખા હિંદુસ્તાનમાં નહિ હોય. ઇંગ્લૅન્ડની એકાદ 'પબ્લિક સ્કૂલ'ના જેવી શિસ્ત ને શિક્ષણની પરંપરા તેણે અહીં નિર્માણ કરી છે. બધાં અદ્યયાવત્ સાધનો ને સામગ્રીથી એ સુસજ્જ છે. વિદ્યાર્થીજીવનનાં બધાં અગ્રગણ્ય ક્ષેત્રોમાં વર્ષોવર્ષ તેનું કામ યંત્રની જેમ ચાલુ જ હોય છે. ગ્રંથાલય, વસ્તુ-સંગ્રહ, શરીરસંવર્ધન, બૉક્સિંગ, માસિક પર્યટન, સ્કાઉટિંગ, બૅન્ડ, નાટક, વક્તૃત્વ—આમ કોઈ પણ એક ક્ષેત્ર એવું નહિ હોય જેમાં શાળાએ પ્રાવીણ્ય પ્રાપ્ત નહિ કર્યું હોય! શિક્ષકોને છૂટે હાથે પગાર આપી તેમના 'પ્રૉવિડંટ ફંડ'ની ઉત્તમ વ્યવસ્થા અનેક વર્ષોથી આ શાળાએ કરી છે. ને આમ છતાં યે કોઈ દિવસ સરકાર પાસેથી આ શાળાએ ગ્રાંટ લીધી નથી. પૂનાની માધ્યમિક શાળાઓનાં હમેશ મોંફાટ વખાણ કરવામાં આવે છે, પણ ખરું કહીએ તો તેમાંની એક પણ શાળા 'ન્યૂ હાઈસ્કૂલ'ના પગ પાસે બેસવાને પણ લાયક ન હતી.

હું શાળામાં દાખલ થયો ત્યારે ભર્ડા અને મઝૅબાન બંને હયાત હતા. ભર્ડા ગણિત, વિજ્ઞાન બહુ સરસ શીખવતા. ને મઝૅબાનનું અંગ્રેજી બહુ વખણાતું. આ બંનેનો ને મારો સંપર્ક ભાગ્યે જ થતો. કારણ હું સંસ્કૃતનો શિક્ષક હતો. ચોથા, પાંચમા અને છઠ્ઠા ધોરણને હું સંસ્કૃત શીખવતો. મૅટ્રિકના વર્ગને વેલણકર નામના એક વૃદ્ધ શિક્ષક શીખવતા. શાળાના આરંભથી તે અહીં હતા તેથી વિદ્યાર્થીઓ તેમને ખૂબ માન આપતા. તેમનું ખાનગી ટ્યુશન રાખવા શ્રીમંત વિદ્યાર્થીઓ પડાપડી કરતા. તેથી સવારના પાંચથી રાતના દસ સુધી સતત તેમનું શિક્ષણકાર્ય ચાલુ રહેતું. એમાંથી જ મહિને સાતસો આઠસો રૂપિયા તેમને મળતા હશે. સંસ્કૃત શાખામાં તે મારા વરિષ્ઠ હતા. પણ મારી સામે જોવાનો યે તેમને વખત ન હતો. હું સંસ્કૃત લઇને બી.એ. થયો હતો, પણ શાળામાં સંસ્કૃત શીખવવા લાગ્યા પછી મને જણાયું કે મને સંસ્કૃતનું કંઈ જ જ્ઞાન નથી. એટલે ઘેર રોજ બે કલાક તૈયારી કરવી પડતી.

મારા બધા વિદ્યાર્થીઓ ગુજરાતી હતા. પણ પારસી વિદ્યાર્થીઓની સંગતિને લીધે એ બધા જ ખૂબ વાયડા ને તોફાની થઈ ગયા હતા. પહેલે દિવસે મને બનાવવા તેઓએ પ્રયત્ન કર્યો. મેં વર્ગમાં પ્રવેશ કર્યો કે ચારે બાજુથી સિંહની ગર્જનાઓ થવા લાગી. હું આગળ જોવા લાગ્યો. વિદ્યાર્થીઓનાં મોઢાં તો બંધ હતાં. ને સિંહની ગર્જના ક્યાંથી આવે છે તે જ સમજાય નહિ. પછી મારા ધ્યાનમાં આવ્યું કે મોઢું બંધ રાખી છોકરાઓ નાકમાંથી આ અવાજ કાઢતા હતા. હું સ્ટેજ ઉપર ચડ્યો ને શાંતપણે બોલ્યો, 'Good Morning, Lions!'

ને તેની સાથોસાથ જ ગર્જનાઓ શાંત થઇ. તેઓને કલ્પના ન હતી કે તેમની ગર્જનાઓનું હું આટલી શાંતિથી સ્વાગત કરીશ. હું ખુરશી ઉપર બેસી સંસ્કૃતનું પુસ્તક ઉઘાડતો હતો ત્યાં ફરી સિંહો ગર્જવા લાગ્યા. મેં ફરી એકવાર આખા વર્ગ સામે સ્થિર ને કઠોર દૃષ્ટિથી જોયું ને કહ્યું, 'હું સંસ્કૃતનો શિક્ષક તો છું જ, પણ સર્કસમાં રિંગ માસ્ટરનું કામ પણ મેં કર્યું છે. ખેલ ચાલુ હોય ત્યારે સિંહે ગર્જના કરવી, કામ ચાલુ હોય ત્યારે નહિ. એટલે હવે જો સિંહ ગર્જવા લાગશે તો એકેએકની પૂંછડી પકડી પીંજરામાં જ ઘાલી દઈશ!'

આ વાક્યો સાથે જ 'સિંહ' ત્યાં ને ત્યાં જ ખતમ થઈ ગયા. ને ફરી એ સિંહોનો સંપર્ક જ મને ન થયો. (ચાલુ)

ગુપ્તોત્તરકાલીન ગુજરાતની શિલ્પસમૃદ્ધિ



લેખક · ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ


★ આ લેખમાં માત્ર ઈડર પાસેના રોડાનાં મંદિરનાં–અને તે પણ કેવળ તેની દ્વારશાખો(બારસાખો) પરનાં જ શિલ્પનું નિરૂપણ કર્યું છે; પણ એ ધ્યાનથી વાંચતાં જણારો કે આપણી કેટલી લલિત સુંદર ને મોંઘી સમૃદ્ધિ આજે રવડતી દશામાં પડી છે.★

'કુમાર'ના પાછલા અંકમાં આપણે ગુજરાતની ગુપ્તકાળની શિલ્પકલાનું દર્શન કર્યું. એમાં બતાવ્યા પ્રમાણે શામળાજીથી મળેલા અને હાલ વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત, કોઈ ગુપ્તકાલીન સ્થાપત્યની દ્વારશાખાનો (?) એક ભાગ અહીં આકૃતિ ૩૧ તરીકે રજૂ કર્યો છે. આપણી પાસે જોકે આવા વધુ કલામય ટુકડા બચ્યા નથી, અથવા હોય તો હજુ શોધાયા નથી; પણ આ અવશેષને ગુપ્તકાલીન માનવાને પૂરતાં કારણો છે. આમાં એક ગજના મસ્તક ઉપર સિંહ ઊભો કર્યો છે. આ ગજ-શાર્દૂલ એ ભારતીય કલામાં સૈકાઓ સુધી બહુ પ્રચલિત વસ્તુ છે. અહીં શાર્દૂલ વાસ્તવિક કેસરી જેવો નથી, પણ જેને અંગ્રેજીમાં leograph કહે છે તેવો કાલ્પનિક વ્યાલી છે. એની યાળ, એનું મુખ વગેરે જોતાં એ ગુપ્ત અને તેથી પહેલાંના કેસરીઓની શૈલી પરથી ઊતરી આવેલી આકૃતિ છે. મથાળાનું મકર મુખ, મકરના ઉઘાડા મુખનો પ્રચંડ આવેગ બહુ અસરકારક રીતે રજૂ કરે છે. બાજુની વેલબુટ્ટીની કોતરણી ઘણી સુંદર છે. ગુપ્ત યુગની જે અનેકવિધ સુંદર વેલોની કોતરણી જુદાજુદા પ્રદેશોમાંથી મળી છે તેની વિવિધતા આગળ આ તો એક બહુ નાનો અને અપૂર્ણ દાખલો છે. પણ એની કોતરણી ઘેરી (ઊંડી) તેમજ સુંદર છે. આ પણ મરકતશિલાની ઘડાએલી જ કલાકણિકા છે. ને ઘણુંખરું શામળાજી—દેવની મોરીનાં અન્ય શિલ્પો માફક ગુપ્ત યુગની હશે,–કદાચ ઇ. ૬૦૦ આસપાસની હોય તે સંભવિત છે, અને હાલ પૂરતી એમ જ ગણવી ઇષ્ટ છે.

દ્વારશાખાઓ અને વેલબુટ્ટાઓની વાત નીકળી છે એટલે સાથે-સાથે અહીં ગુજરાતના બીજા થોડાક દાખલા જોઇ લઇએ. આકૃતિ ૩૨માં ઈડર રિયાસતના રોડા ગામના એક પ્રાચીન હિંદુ મંદિરની દ્વારશાખાનો એક ભાગ રજૂ કર્યો છે. આમાં ત્રણ ઊભી તકતીઓ (panels) દેખાય છે, જેમાં વચલીમાં વેલની વચ્ચેવચ્ચે ગણોની–કીચકોની વામન આકૃતિઓ આપી છે. એ આકૃતિઓ ગુપ્ત કલાની અસરવાળી સુંદર હોવા છતાં ગુપ્તકાલીન કેશરચના, શરીરના ઘડતર વગેરેથી જુદી પડતી–કૈંક ઊતરતી કક્ષાની છે. આ ઉપરાંત વૈવિધ્યપૂર્ણ જૂની વેલોને બદલે અહીં દેખાતી વેલો નવા ઘાટ ધારણ કરે છે. હજુ સલાટનું ટાંકણું ઠીકઠીક ઊંડી કોતરણી કરે છે અને વેલને છાયા–પ્રકાશની (light and shadeની) ચમત્કૃતિયુક્ત બનાવી શકે છે. આ સ્થાપત્ય અને શિલ્પ, (આવી જ બીજી કોતરણી, શિલ્પો અને બાંધણી વગેરેના આધારે) ઈસ્વીસનના આઠમા સૈકા આસપાસના સમયનાં ગણી શકાય.



←ચિત્ર ૩૧: ગુપ્ત સમયની પથ્થરની દ્વારશાખામાં હાથીના માથા પર સિંહનું કલામય સુશોભન. 'ગજ-શાર્દૂલ'નું આ શોભન ભારતીય કલામાં સૈકાઓ સુધી પ્રચલિત રહ્યું છે. નીચે: ચિત્ર ૩૨: ઈડર પાસેના રોડાના મંદિરની એવી જ કલામય આ બીજી બારસાખનો પરિચય લેખમાં વાંચો.



રોડાના એક બીજા હિંદુ મંદિરની દ્વારશાખા ને બાજુનો કોતરણીવાળો સ્તંભ ચિત્ર નં. ૩૩માં રજૂ કર્યાં છે. સ્તંભ ઉપરની બે આકૃતિમાંની એક વિષ્ણુની છે, પણ તે જીર્ણ થએલી છે. એનાં ઘડતર, વેશભૂષા વગેરે જોતાં તે ઈ. સ.ના સાતમા સૈકાનાં શિલ્પોને મળતી છે. બાજુના સિંહોની આકૃતિઓની વચ્ચેનાં પદ્મોની હાર ગુપ્ત કાળની આ જાતની પણ આથી સારી પટ્ટીઓની યાદ આપે છે. દ્વારશાખાની સૌથી પહેલી હાર અથવા કોતરણી મનોહર હોવા છતાં તેવી ગુપ્ત કાલમાં નજરે પડતી નથી અને તે પછીની શૈલીની છે. સ્તંભ ઉપરના ડમરુ ઘાટના પાસાદાર સ્તંભશિલ્પ(flutted capital)ની રચના તો અજન્તાનાં છઠ્ઠા સાતમા સૈકાનાં શિલ્પો અને ચિત્રોમાં મળે છે. સમયે વિચારતાં આ દેવાલયને ઇ. સ. ૭૦૦ થી ૭૫૦ વચ્ચેનું ગણવાનું હું પસંદ કરું છું.

આ જ મંદિરના આ મુખ્ય દ્વારની બીજી બાજુની





ચિત્ર ૩૩ તથા ૩૪ : રોડાના બીજા પ્રાચીન મંદિરની બે દ્વારશાખની અદ્‌ભુત શિલ્પસમૃદ્ધિ દાખવતાં ચિત્રો. સિંહોની વચ્ચે કમળવેલના કંદોરા, ડમરુ આકારનાં સ્તંભશીર્ષ, વચ્ચેની તકતીઓમાંની દેવમૂર્તિઓ વગેરે ૮મા સૈકાની શૈલી દાખવે છે. જમણી બાજુના ચિત્રમાં વચ્ચે ત્રિભંગે ઊભેલા અર્ધનારીશ્વરની પ્રતિમા કેટલી લલિત છે! જમણા હાથમાં શિવનું ત્રિશૂલ અને ડાબા હાથમાં ★ પાર્વતીનું દર્પણ ધારેલી એ મૂર્તિ 'વાહ'નો ઉદ્‌ગાર કઢાવે છે.★

એક છબિ ચિત્ર ૩૪માં રજૂ કરી છે. તે ઉપરના મારા મંતવ્યને પુષ્ટિ આપે છે, એટલું જ નહિ પણ સ્તંભ ઉપરની બે દેવમૂર્તિઓ વચ્ચેના ભાગની ચૈત્ય-ગવાક્ષની આકૃતિઓનો વિચાર કરતાં આ દેવાલયને ઉપરના સમયનું ગણવાનું સુસંગત લાગે છે. એ બે દેવમૂર્તિઓમાંની ઉપરની મૂર્તિ ત્રિભંગે ઊભેલાં અર્ધનારીશ્વરની પ્રતિમા છે. અર્ધનારીશ્વરની કલ્પના ગુપ્ત કાલમાં શરૂ થઇ ચૂકી હતી, અને આ આકૃતિ ગુજરાત ખાતે હાલ નો જૂનામાં જૂની અર્ધનારીશ્વરની પ્રતિમા કહી શકાય. એક હાથમાં શિવનું ત્રિશૂળ છે, જ્યારે ડાબા હાથમાં પાર્વતીનું દર્પણ છે. નીચેની આકૃતિ જટાયુક્ત ત્રિશૂલધારી ભગવાન શંકરની છે. કમર નીચેથી પસાર થતો પહોળી પટ્ટીનો બંધ અથવા દુપટ્ટો અને બારીક વસ્ત્ર વગેરે ગુપ્ત કાલના અંતભાગની યાદ આપે છે. (અહીં એટલું જણાવી લઉં કે સરકારે અથવા સરકારી પુરાતત્ત્વવિદોની દેખરેખ નીચે ગુજરાતના ધનિકોએ આ દેવાલયોની વહેલી તકે મરામત, સાચવણી, જીર્ણોદ્ધાર કરવાં આવશ્યક છે.) ઘણી ઘસાઇ ગઇ હોવા છતાં આ આકૃતિઓ








સામેના પાના પર આપેલી દ્વારશાખોમાંની તકતીઓમાંની મોટી કરીને બતાવેલી પ્રતિમાઓ · ડાબી બાજુથી–ચિત્ર ૩૫: 'અર્ધનારીશ્વર'ની નીચેની તકતીમાંના ત્રિશૂલધારી શિવ; ચિત્ર ૩૬ : એ જ સ્તંભ ઉપરની બીજી તકતીમાંની 'રાધા કૃષ્ણ'ની આકૃતિ; અને ચિત્ર ૩૭ : હરિહરની મૂર્તિ

હજુ પણ સુંદર લાગે છે. એનાં અંગોનું લાલિત્ય અને સપ્રમાણ રચના, એકેએક અંગનું સજીવ આલેખન, એટલું જ નહિ પણ દેવનાં વાહનો અને પરિચારકો સુદ્ધાંની પણ ભાવપૂર્ણ સજીવ આકૃતિઓ સિદ્ધહસ્ત કલાકારની જ કૃતિ હોઇ શકે. વધુ અભ્યાસ માટે એ શિવની અલગ મોટી છબિ ચિત્ર ૩૫ તરીકે અને તેની નીચે એ જ સ્તંભ ઉપર આવેલી એક પુરુષ અને સ્ત્રીની આકૃતિ ચિત્ર ૩૬ તરીકે રજૂ કર્યાં છે.

ચિત્ર ૩૬માંની સ્ત્રીની આકૃતિના કમરબંધ અને તેની ઝૂલ વગેરે જોતાં આ શિલ્પ ઈ. સ.ના આઠમા સૈકાનું માનવાનું મન થાય; પણ સાથેની પુરુષ-આકૃતિને અત્યંત બારીક વસ્ત્ર પહેરાવ્યું છે, જેમાંથી પુરુષલિંગનો આછો ઘાટ બતાવ્યો છે. આ ગુપ્તકાલીન પ્રણાલિકા તથા ગળાની સુંદર એકાવલિ વગેરે જોતાં એ શિલ્પને ગુપ્તકાલથી બહુ મોડું ગણાય નહિ. વાસ્તવમાં તો આ મંદિરની બંને દ્વારશાખોના સ્તંભો ઉપરની આકૃતિઓ શિલ્પકલાની દૃષ્ટિએ ઠીકઠીક જૂની છે. ઘણી જીર્ણ થવાથી એની સ્પષ્ટ આકૃતિ ફોટોમાં આવી શકી નથી; પણ ચિત્ર ૩૭માં રજૂ કરેલી આ જ દરવાજાની બીજી બાજુની શાખા પરના સ્તંભ ઉપરની હરિ-હરની મૂર્તિ તેમજ ચિત્ર ૩૮માં રજૂ કરેલી વિષ્ણુમૂર્તિની કલા સ્પષ્ટ રીતે આઠમા સૈકાના પૂર્વાર્ધ(ઈ. સ. ૭૦૦ થી ૭૫૦)ને બદલે સાતમા સૈકાના અંત ભાગની ગણવાનું મન થાય છે. આ દરવાજાની બંને શાખાઓ ઉપર વૈષ્ણવ અને શૈવ પ્રતિમાઓ ભેગી કરી છે, તે સૂચવે છે કે આ સમય વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયના સમન્વયનો યુગ હતો. અને ઉપલબ્ધ હિંદુ પુરાણોને જે સમયમાં આ સ્વરૂપ આપવામાં આવ્યું તે (એટલે ગુપ્ત યુગ અને તે પછીના સમયમાં ઈ. સ. ૬૦૦ આસપાસ) સમયે આ મંદિર બન્યું હોઈ શકે. અજન્તાના સ્તંભશીર્ષકો જેવા હોવા છતાં રોડાનાં સ્તંભશીર્ષકમાં સહેજ ફેર છે. પણ ઓસિયાનાં આઠમા સૈકાના સ્તંભશીર્ષકો કરતાં આ જૂનાં હોઇ શકે છે. સૌરાષ્ટ્રના કડવરમાં, ભિન્નમાલમાં, અજમેર પ્રદેશમાં, આબુ પ્રદેશમાં, પાટણ પ્રદેશમાં અને અન્યત્ર આવાં શીર્ષકો ને એના ઉપરથી સહેજ ફેરફાર સાથેના શીર્ષકો ખૂબ પ્રચલિત હતા, જે વિષે આગળ ઉપર વિચારીશું. પણ એ બધું વિચારી જોતાં, અને ખાસ કરીને સ્તંભ ઉપર નાના નાના ગોખમાં ગોઠવેલી આ દેવપ્રતિમાઓની શૈલી જોતાં આ દ્વાર (અને મંદિર) ઈ. સ.ના આઠમા સૈકાની શરૂઆતનું (ઈ. સ. ૭૦૦ આસપાસનું) હોવા ઘણો સંભવ છે. રોડામાં કોઈ શિલ્પ ઉપર કે આ મંદિરના કોઇ ભાગ ઉપર કોઈ લેખ જડ્યો નથી; પણ જડી આવે ત્યાં સુધી આપણે અન્ય શિલ્પો અને સ્થાપત્યોની શૈલીના આધારે જ અનુમાનથી આ દેવાલયના સમય નક્કી કરવો પડે. એ રીતે રોડાના આ મંદિરને આપણે આઠમા સૈકાથી જૂનું ગણી શકીએ નહિ, અને ઈ. સ. ૭૫૦ આસપાસનું ગણી હાલ ચલાવવું પડે.

પણ આ વિધાન જેના આધારે કરી શકાય તે તો મારવાડમાં ઓસિયાનાં હિંદુ મંદિરો અને ત્યાંનું વિખ્યાત જૈન મંદિર છે. 'ઈડર સંસ્થાનના કેટલાક પુરાતન અવશેષો' એ પુસ્તકના લેખક અને ઈડરના ભૂતપૂર્વ કેળવણી અધિકારી શ્રી પંઢરીનાથ ઇનામદારે રોડાનાં આ મંદિરોને પહેલાં પ્રકાશમાં આણ્યાં. તેમણે પોતાના પુસ્તકના ચિત્ર ૪૮ અને ૪૯ તરીકે આ બારશાખને ઈ.ના નવમા અથવા દસમા સૈકાની ગણી છે. એટલે જ મારે આ વિષય ઉપર અહીં લંબાણથી ચર્ચા કરવી પડે છે. ઓસિયામાં હરિહરનાં ત્રણ મંદિરો અને સૂર્યનું એક મંદિર છે, એની સાથે આ મંદિરને ખાસ સરખાવવાથી જણાશે કે હરિહરનું મંદિર અને આ મંદિર સ્થાપત્યની દૃષ્ટિએ ઘણાં જ મળતાં છે. ચૈત્ય–ગવાક્ષ જે રોડામાં મળે છે તે ઓસિયામાં મળે છે. ઓસિયામાં કેટલાક

ગવાક્ષોની આકૃતિઓ : अ ब क અને ड



ગવાક્ષ વધુ વિકસિત અને વધુ સુશોભનયુક્ત પણ છે. ગવાક્ષની નીચે અર્ધાગવાક્ષ આકૃતિનાબે ભાગકરી,આખા યે ચૈત્ય-ગવાક્ષના સુશોભન-(motif)ને વધુ અલંકૃત કરેલા દાખલા ઓસિયામાં મળે છે. આ તો આખા યે રાજસ્થાન અને મધ્ય ભારતમાં ફેલાતાં જતાં સુશોભનો છે. પણ ઓસિયાનાં મંદિરો સાથે રોડાના સ્થાપત્યને ઘણું સામ્ય હોવાથી અહીં એ દાખલો આપ્યો છે. ઓસિયાના ગવાક્ષોની હાથે દોરેલી જે આકૃતિઓ આ સાથે રજૂ કરું છું (જુઓ ચિત્ર अ, ब, क, ड) તેની સાથે આ લેખમાં આપેલા રોડાની કોતરણીના ગવાક્ષો સરખાવી જોવા ભલામણ છે. ઇલોરાની આઠમા-નવમા સૈકાની ગુફાઓમાં પહેલદાર અથવા કાંગરીદાર (flutted) સ્તમ્ભશીર્ષકો મળે છે એ અને રોડા તથા પાટણના એવા શીર્ષકો એ જ પ્રણાલિકાની એથી પછીની કે સમકાલીન કલાકૃતિઓ છે. કાઠિયાવાડમાં કડવરના વરાહ મંદિરના છૂટા અવશેષોમાં રામ અને વામનની મૂર્તિઓવાળા' બે ટુકડાઓ ઉપર પણ રોડાને મળતાં શીર્ષકો છે.

એટલે આ શીર્ષકોના આધારે આ મંદિરને સાતમા સૈકાનું ગણવું કે આઠમા સૈકાનું ગણવું તે સહેલાઈથી નક્કી કરી શકાતું નથી. પરંતુ ઓસિયાના હરિહરના મંદિરમાં પણ લેખ નથી એટલે ઓસિયાના મંદિરનો સમય-નિર્ણય (જોકે સાચો હોવા સંભવ છે છતાં) જેના પર આધાર રાખે છે તે જ વસ્તુ આમાં જોવી પડે. એ છે ત્યાંના જૈન મંદિરમાંના અમુક જૂના સ્તંભો, જેની ચર્ચા સદ્ગત ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે Archaeological Survey of India, Annual Report for 1901-09માં પૃ. ૧૧૧ પર કરી છે અને Plate XLIII. b ઉપર એની છબિ એઓએ આપી છે. એ સ્તંભો પ્રતિહાર રાજા વત્સરાજના સમયમાં, ઈ. સ. ૭૭૦-૮૦૦ વચ્ચે બંધાએલા. આ જૈન મંદિરના સ્તંભો છે. હવે એના આધારે ઓસિયાનાં હરિહરનાં મંદિરોને આઠમા સૈકામાં મૂકી શકાય છે. પણ જૈન મંદિર અને હરિહર મંદિરનો પૂર્વાપર સંબંધ વિચારવાનો આવે તો કદાચ હરિહરનાં ત્રણ મંદિરોમાંથી હરિહર મંદિર નં. ૧ વાળું પંચાયતન મંદિર કંઇક જૂનું ગણી શકાય. પણ સુશોભનોની પ્રચુરતાની દૃષ્ટિએ વિચારીએ તો ચિત્ર નં. ૩૯માં રજૂ કરેલું રોડાનું મંદિર ઓસિયાના હરિહર મંદિર નં. ૧ થી કંઇક જૂનું પણ હોઈ શકે.

શિખરની બાંધણીની દૃષ્ટિએ તેમજ મંદિરના સ્થાપત્યની દૃષ્ટિએ વિચારીએ, તો ગુપ્ત કાલની ઘણાં જ લગોલગ આવે તેવાં અને ઓસિયાનાં મંદિરોથી પણ પહેલાંનાં ગણવાં પડે તેવાં મંદિરો સૌરાષ્ટ્રમાં છે. એક તો થાનમાં સૂર્યમંદિરની બાજુનું નાનું મંદિર (જુઓ, કઝેન્સનું Somnath and other medieval antiquities in Kathiawad, plate XLVIII, fig. a) અને ત્યાંનું જ જૈનમંદિર (એજન, pl. XLVIII. fig. 2)એ, ગોપ પછીનાં અને રોડા તથા ઓસિયાનાં મંદિરો પહેલાંનાં છે, એના ઉપરના ચૈત્ય-ગવાક્ષોની આકૃતિ પણ એને આ સમયમાં મૂકવાં સૂચવે છે. થાનના હિંદુ મંદિરની (એજન, pl. XLIII, fig. a) બહારની દીવાલ પરના ગોખ ઉપરના ચૈત્ય-ગવાક્ષ અને તેની નીચેના ગવાક્ષવિભજન (bisected caity window)-વાળું સુશોભન આટલું વહેલું શરૂ થઈ ગયું છે એ આ મંદિર ઉપરથી માનવું જોઈએ. સૌરાષ્ટ્રમાં બીજું પ્રાચીન મંદિર, થાનનાં બે મંદિરો પછીનું, વીસાવાડામાં (જુઓ, એજન pl. XLIII) છે. કડવરનું વરાહ મંદિર એ પછીનું ગણાય. હવે કડવરનાં પ્રાચીન શિલ્પો જોતાં એને ઈ. સ. ૭૦૦ પછીનાં ગણવાં યોગ્ય નથી. સૌરાષ્ટ્રનાં ઉપર્યુક્ત મંદિરોમાંનાં શિલ્પોના નમૂના ભવિષ્યમાં જોઇશું. અહીં તો પ્રસગ ઉપસ્થિત થતાં ગુજરાતના ગુપ્તોત્તરકાલીન શિલ્પ જોડે તેનાં સ્થાપત્યોનો થોડો નિર્દેશ માત્ર કરું છું. છેક મૈત્રકોના સમયના આ કલાવશેષો સૌરાષ્ટ્રમાં પડ્યા છે, પણ એને પૂરું મહત્ત્વ અપાયું નથી. રોડાની આ બારશાખ (ચિત્ર ૩૪)ને મૈત્રકોના સમયમાં મૂકવી કે ચાવડા (વનરાજ)ના સમયમાં,—અથવા તો કહો કે ગુર્જરપ્રતિહારોના યુગની શરૂઆતમાં મૂકવી તે હું નક્કી કરી શકતો નથી, એટલે અત્યારે અંદાજે ઈ. સ. ૭૫૦નો સમય આપું છું. રોડામાં વિશેષ સંશોધન કરવું જરૂરી છે.

રોડાની આ બારશાખ ચિત્ર નં. ૩૪ પર નીચેના ભાગમાં આવેલી તકતીમાંના ચિત્ર નં. ૩૬ તરીકે આપેલા શિલ્પને ખાસ વિચારવા જરૂર છે. આ મંદિરની દ્વારશાખાના બેઉ સ્તંભો પરની વૈષ્ણવ અને શૈવ મૂર્તિઓનો સમન્વય તો ઉપર બતાવ્યો છે જ, એટલે આ શિલ્પ વૈષ્ણવ હોય તો અજુગતું તો નથી જ. હવે માથે ઓઢણી ઓઢેલી સ્ત્રી-આકૃતિને રાધા તરીકે ને બાજુના પુરુષને કૃષ્ણ તરીકે ઓળખવાનું હું પસંદ કરું છું. રજૂ કરેલા ફોટોમાં છાયા (shade)ને લીધે અસ્પષ્ટ દેખાતી એક ગાય આ બેઉની પાછળ ઊભી છે, જેનું મુખ શ્રીકૃષ્ણની બાજુમાં દેખાય છે. આવું કૃષ્ણ-રાધાનું પ્રાચીન માટીનું શિલ્પ (terra cotta) બિકાનેર તરફથી મળ્યાની હકીકત મારા મિત્ર શ્રી રમણલાલ મહેતા જણાવે છે. એ શિલ્પ રોડા કરતાં પણ પ્રાચીન છે. એમાં રાધા લગભગ આવી વેશભૂષાએ જ ઊભી છે. ગુજરાતમાં શ્રીકૃષ્ણ-રાધાનું આ શિલ્પ, મારું આ અનુમાન ખરું હોય તો, બહુ જ મહત્ત્વનું ગણાય. ગુજરાતમાં રાધા-કૃષ્ણ-ભક્તિના પ્રચારનો આ એક અતિ પ્રાચીન પુરાવો છે. શિલ્પકલાની દૃષ્ટિએ જોતાં આ શિલ્પ ઈ. સ. ૭૦૦ કે તેથી કંઈક પ્રાચીન માનવાનું મન થાય એટલું સુંદર આ શિલ્પ છે. આવાં કારણોથી જ રોડાની આ બારશાખને ઈ. સ. ૭૫૦ થી પ્રાચીન ગણવાનું મન થાય છે; પણ હાલ તે નિર્ણય કરવો ઉચિત નથી.

સામેના પૃષ્ઠ પર ચિત્ર નં. ૪૦ તરીકે રજૂ કરેલી, રોડાના એક બીજા મંદિરની દ્વારશાખ આ મંદિર કરતાં પછીની કલાની છે. એના સ્તંભ ઉપરની મંગલ કલશની આકૃતિ અને તે ઉપરની કોતરણી તથા સ્તંભની બેઉ બાજુઓની કોઇ ફૂલની હારનું આલેખન અને અન્ય સુશોભનો, આ મંદિરને ગુર્જર પ્રતિહારોના સમયમાં,-ઈ. સ.ના નવમા દસમા સૈકામાં-મૂકવા પ્રેરે છે. આ જાતની ફૂલ-પટ્ટી વગેરે ઠેઠ મધ્ય ભારતમાં દેવગઢ અને બુંદી ચંદેરી વગેરે સ્થળો સુધી પણ આવાં પ્રાચીન મંદિરોમાં જોવા મળે છે. તે સમયે ગુર્જર-પ્રતિહારોનું આ બધા ય પ્રદેશ ઉપર રાજ્ય હતું.

સુભાષિત

અનુષ્ટુપ

न कूपखननं युक्तं प्रदीप्ते वह्निना गृहे ।
चिंतनीया हि विपदामादावेव प्रतिक्रिया ॥

(અનુવાદ)

વિપત્તિ ટાળવા યોગ્ય ઉપાયો વહેલા ખરે,
ઘરને આગ લાગે ત્યાં કૂવો ખોદ્યે નહીં વળે.

[વિવરણ: 'આગ લાગે ત્યારે કૂવો ખોદવો' એ કહેવત આપણામાં જાણીતી છે, તે આ શ્લોકમાં આપેલી છે. તાત્પર્ય સ્પષ્ટ છે. વિપત્તિઓનો વિચાર કરી તેના ઉપાયો પહેલેથી ચિંતવવા જોઇએ. વિપત્તિ આવ્યા પછી દોડાદોડ કરવાથી કાંઈ વળતું નથી. —ર. ભી.]



↑ ચિત્ર ૩૯: આ લેખમાં દાખવેલી અમૂલ સુશોભનોની પ્રચુરતાથી ભરેલું, ઈડર સંસ્થાનમાં ઉત્તરે રોડા નામે નાના ગામ પ સેનું આ પ્રાચીન મંદિર આજે તદ્દન બિસ્માર હાલતમાં વેરાનમાં પડેલું છે. અને એવું એક નહિ પણ અનેક મંદિરો ત્યાં આજે પડેલાં છે. સરકારે અથવા ગુજરાતના શ્રીમંતોએ વહેલી તકે તેની મરામત તથા સાચવણી કરવી જરૂરી છે. નીચે ચિત્ર ૪૦: રોડા પાસેના બીજા એક મંદિરની દ્વારશાખ પરના સુશોભનનો નમૂનો. નીચે: ચિત્ર ૩૮, પૃ. ૧૭૪ ઉપરની બારસાખમાંની વિષ્ણુની મૂર્તિ.



રોડાના મંદિરની ચિત્ર નં. ૩૨, ૩૪ અને ૪૦માંની દ્વારશાખો સાથે કારવણની બે મોટી બારસાખો (પૂઠાપ્લેટ પર ચિત્ર ૪૧–૪૨) સરખાવવા જેવી છે. લગભગ તેરચૌદ ફૂટ ઊંચી આ પ્રત્યેક બારસાખ સળંગ પાષાણની બનાવેલી છે. વચમાંની કમાન અથવા ઉતરંગા (શિરદલ–સુહાવટી=door-lintel)તો નાશ પામી વિલુપ્ત થઈ છે, પણ આ બે પાર્શ્વસ્તમ્ભો (દ્વારશાખા= loor-jambs) કારવણની પ્રાચીન સંસ્કાર-સમૃદ્ધિની કીર્તિ-પતાકા સમા હાલ કારવણના તળાવના સુથાર ઓવારા પાસે ઊભા છે. ત્રણ ઊભા ફલકો-(panels)માં વહેંચાએલા એના બંને બાજુના અંદરના ફલકોમાં સૌથી નીચેની તકતીઓમાં ગંગા અને યમુના સામ-સામે ઊભી છે. વચલા બંને ફલકોની નીચેની તકતીઓમાં નાગદેવની આકૃતિઓ છે, જ્યારે બહારના મોટા ફલકમાં નીચેના ભાગે બે શૈવ દ્વારપાલની આકૃતિઓ છે. ચિત્ર ૪૧માં મોટા ફલકમાં મથાળાના કીર્તિમુખ અથવા મકરમુખની નીચે પહેલી તકતીમાં સિંહવાહના દુર્ગા છે. એની નીચેના ગોખમાં બે હાથમાં પદ્મધારી સૂર્ય છે; તેથી નીચે કોઈ યુગલની આકૃતિ છે. તેની વચલી પટ્ટીમાં ગાંધર્વો અને અપ્સરાઓની મનોહર આકૃતિઓ છે, જ્યારે છેલ્લી પટ્ટીમાં ગંગાની ઉપર અમૃતકુંભ અને તેની ઉપર વજ્ર, વેલ વગેરેનું સુશોભન છે. ચિત્ર નં. ૪૨ની બારસાખમાં પણ અંદરની બે નાની પટ્ટીઓ ઉપર તો એવી જ આકૃતિઓ છે, જ્યારે બહારના મોટા ફલક ઉપર, કીર્તિમુખના મથાળે ડમરુ ઘાટનું ખંડિત સ્તંભશીર્ષક છે.



સ્તમ્ભશીર્ષક નીચેના ગોખમાં ગરુડવાહન વિષ્ણુ; તેની નીચે ચતુર્ભુજ વિષ્ણુ (ત્રિવિક્રમ–રણછોડજી), તેથી નીચે ભક્ત–યુગલ, અને તેની નીચે દ્વારપાલની ઊભી આકૃતિ છે. આ દ્વારપાલોની આકૃતિઓ સ્પષ્ટરીતે સૂચવે છે કે ગુપ્તકાલીન શિલ્પકલામાં ઘણું પરિવર્તન થએલું છે. અલંકારોની પ્રચુરતા ખાસ ધ્યાન ખેંચે છે. કેડે પહોળી પટ્ટીનો મોટો કંદોરો છે જેની નીચેથી મોટી ઝૂલો લટકે છે. બીજી બધી આકૃતિઓના પહેરવેશ કંઈક જૂની શૈલીના છે અને આખી યે બારસાખ બહુ સુંદર કોતરણીની છે. આ બધું જોતાં આ બંને સાખોને આઠમા સૈકાના મધ્ય ભાગથી જૂની નહિ એવી ગણવી ઉચિત લાગે છે. રોડાની બારસાખ ઉપરની દેવદેવીઓની આકૃતિઓ સાથે આ બારસાખના વિષ્ણુ કે સૂર્યને સરખાવી જોવાથી પણ લાગશે કે કારવણ કરતાં રોડાનું આ સ્થાપત્ય જૂનું છે, જોકે બંને એક જ કલાશૈલી (school of art)ની કૃતિઓ છે. (ચાલુ)

માંદગીનાં મૂળ · લેખાંક-૫

વેદના અને પીડા

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



પીડાના વિવિધ પ્રકારો અને તેનો એકમાત્ર અમોઘ ઉપાય દર્શાવતો લેખ

વેદના અને પીડા એ રોગની નિશાનીઓ છે, કેમકે વેદના અને વ્યાધિ અરસપરસ સંકળાએલાં છે. રોગની વ્યાખ્યા આપતાં મહર્ષિ સુશ્રુત કહે છે: 'જેનો સંયોગ દુઃખ દે એ રોગ છે અને જે નાના પ્રકારનાં દુઃખ આપે એ વ્યાધિ છે: વિવિધં દુઃખમાદધાતીતિ વ્યાધિઃ।' એટલે એમ કહી શકાય કે જ્યાં ધુમાડો ત્યાં જેમ અગ્નિ છે, તેમ જ્યાં વ્યાધિ છે ત્યાં વેદના અને પીડા છે.

વેદનાની વ્યાખ્યા આપતાં ઈ.સ. ૧૯૦૯માં સર જેમ્સ મૅકેન્ઝીએ કહ્યું છે: 'ઉત્તેજનાને લીધે જ્ઞાનતંત્રના કોઈક ભાગમાં થએલી પ્રતિકૂળ (disagreeable) અસુખકર સંવેદના એ વેદના છે; અને તે શરીરની સપાટી પર પથરાએલા જ્ઞાનતંતુઓમાં અનુભવાય છે.'

ઈજા કે દાહ પમાડે એવી ઉત્તેજનાઓને લીધે આપણને વેદના થાય છે. બીજો મત એવો છે કે આપણા શરીરનાં રોગહર બળો(healing power)ની સામે લડતાં સંહારકારક બળોનો વિજય થવા માંડે કે કષ્ટ થાય છે. કોષોની મરણઝડપ વધતાં વેદના વધતી જાય છે. જ્યારે એ સંહાર (distruction) બંધ પડે ત્યારે વેદના શમે છે. પણ આથી એમ સમજવાનું નથી કે વેદના મટી એટલે નુકસાનીની મરામત થઈ ચૂકી. વેદના વગરના ગંદા મોટા ઘામાં ફરી વાગતાં કે અડકતાં, તંદુરસ્ત કોષોને હાનિ પહોંચવાથી ફરી પાછી વેદના થઈ આવે છે.

અત્યાર સુધી વેદના એક લાગણીની દશા માનવામાં આવતી હતી, પણ હવે તે વિશિષ્ટ સંવેદના તરીકે ઓળખાય છે. એ કાંઈ ભૌતિક (physical) બાબત નથી, પણ માનસિક જ સંવેદના છે. એની સાથે દુઃખભરી લાગણી અને આપોઆપ થતી વળતી ક્રિયા બંને જોડાએલાં છે. આમ વેદનામાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે: (૧) સંવેદના, (૨) એના અનુભવનું માપ અને (૩) એનાથી થતા પ્રત્યાઘાતો.

(૧) શરીરની સપાટી પરની ઉત્તેજનાઓને લીધે પેદા થતી વેદનાભરી સંવેદનાઓ જ્ઞાનતંતુઓ દ્વારા જ્ઞાનરજ્જુમાં થઈ મગજમાં જવાથી વેદનાનું જ્ઞાન થાય છે. (૨) એની સાથે જે દુઃખ અને પીડા થાય છે એ એના અનુભવનું માપ છે. (૩) વેદના કરનાર પદાર્થથી અળગા થવું, પીડાવાળો ભાગ જાળવવો, તેની શુશ્રુષા કરવી, અને ભય ક્રોધ ને ઉદાસીનતા દાખવવાં, આ બધાં પ્રત્યાઘાતોનાં લક્ષણો છે. આ ત્રણેય બાબતો એક થઈ એક સ્વરૂપે જે અનુભવાય તે વેદના છે.

ચામડી, અવયવો ઉપરનાં આવરણો, અસ્થિ-આવરણ, સ્નાયુ-બંધનો ને અસ્થિબંધનો, આ બધાં સપાટી ઉપરનાં અવયવોમાં થતી વેદના 'સપાટીની વેદના' (cutaneous pain) કહેવાય છે; જ્યારે શરીરના ઊંડાણમાં આવેલાં અવયવોમાં થતી વેદના 'આંતર કે ભીતરાઉ વેદના' (deep pain) કહેવાય છે. પહેલા પ્રકારની વેદનાનું સ્થાન ચોક્કસ રીતે જાણી શકાય છે, જ્યારે ઊંડાણનાં અવયવોમાં થતી વેદના તેના મૂળ સ્થાનથી થોડે દૂર (referred pain) અનુભવાય છે. ગુરદાના ગડ(tumour)ની વેદના જમણા ખભા ઉપર અને હૃદયશૂળની વેદના ડાબા હાથમાં ઊતરતી વરતાય છે. આ ઉપરાંત ધીમી નાડી, ઊબકા, ઊલટી, પરસેવો, પેટની માંસપેશીઓની સખતાઈ સાથે આળાપણું વગેરે ચિહ્નો પણ હોય છે; જ્યારે સપાટીની વેદનામાં ઝડપી નાડી, ઝડપી હલનચલન અને ઉત્તેજનાની અસરો જોવામાં આવે છે.

શરીરમાં કોઇ પણ ઠેકાણે થતી વેદના આ ત્રણમાંથી એક પ્રકારની હોય છે. ચૉંચાતી, લાહ્ય બળતી ને દુખતી સપાટીની વેદના ચૉંચાતી, ડંખતી કે લાહ્યબળતી હોય છે. ઊંડાણની વેદના દુખતી ને મંદ પણ બેચેની ઉપજાવનારી હોય છે. પહેલા પ્રકારની વેદનામાં ઈજાથી દૂર ખસવાની વૃત્તિ થાય છે, જ્યારે બીજા પ્રકારની વેદનાથી હલનચલન સ્થિર થઈ આરામ લેવાની વૃત્તિ થાય છે. વધારે વેદનામાં નાની વેદના દબાઈ જાય છે અને શારીરિક કરતાં માનસિક વેદના વધારે કષ્ટ આપે છે. વેદનાની વિચિત્રતા તો એ છે કે તે મટયા પછી જલદીથી ભુલાઈ જવાય છે.

સપાટીની વેદનાનું જ્ઞાન આપનાર નાડીના છેડાઓ છે. ચામડીનાં ઊંડાં પડોમાંથી જ્ઞાનતંતુઓ સપાટી પર આવી અતિ વિસ્તારથી પથરાએલા છે. એમનાથી સ્પર્શનું જ્ઞાન તો આપણને થાય છે જ, પણ સ્પર્શનું યથાર્થ તથા નાજુક જ્ઞાન તો જ્ઞાનતંતુઓના છેડા પર આવેલાં વિશિષ્ટ અંગો જ આપે છે. આ અંગો અનુસાર આપણને (૧) સ્પર્શ, (૨) દબાણ, (૩) ઠંડી અને (૪) ગરમીનું જ્ઞાન થાય છે. આ ચારેય જ્ઞાન અમુક હદથી જ્યાદે થતાં પાંચમું વેદનાનું જ્ઞાન અનુભવાય છે. સ્પર્શ, દબાણ ગરમી ને ઠંડી વગેરે જુદાજુદા પ્રકારનું જ્ઞાન આપનારા નાડીના છેડાઓ જુદાજુદા ઘાટના હોય છે. મંદ કે ઝડપી સંદેશા વહન કરનાર નાડીના છેડાઓ વતી વેદનાની સંવેદના જ્ઞાનતંતુમાં થઈ જ્ઞાનરજ્જુમાં આવે છે ને ત્યાંથી ઊર્મિમગજમાં જાય છે. અહીં વેદનાનું જ્ઞાન થાય છે. પરિણામે ઈજાકારક પદાર્થથી દૂર થવાની કે ઈજાવાળા અવયવને જાળવવાની ક્રિયા થાય છે. આ પછી સંવેદના મગજના ઊપલા પડમાં જાય છે. અહીં વેદનાની તીવ્ર લાગણી થવા સાથે મગજના આગલા પ્રદેશમાં એની નોંધ સંઘરાય છે.

હાડકાં, કલેજું, બરોળ, ગુરદા વગેરે શરીરના ઊંડાણમાં આવેલા અવયવો વેદનાવિહીન છે. શસ્ત્રવૈદ્યોનો અનુભવ છે કે ફેફસાં અને એનું આવરણ, હૃદય અને એનું આવરણ, મહાધમની, ગર્ભાશય, યોનિ ને સાંધાઓની સપાટી, આટલાં અવયવોમાં મંદ વેદના થાય છે. પિત્તાશય, ગર્ભાશય અને અન્નનળીથી માંડી ગુદા સુધીનો અન્નમાર્ગ વેદના જગાવે છે. વળી સોજો આવેલી હોજરીમાં પણ વેદના થાય છે. સ્નાયુબંધન, અસ્થિ-આવરણ, ચામડી નીચેની ચરબી, માંસપેશીઓ, સપાટી પરના જ્ઞાનતંતુઓ વગેરેમાં સોય ભોંકાવાથી કે તણાવાથી વેદના પ્રગટે છે. વૃષણની જેમ ગુરદા, મૂત્રવાહક નળી ને મૂત્રાશય સંવેદનાધારક છે. શરીર ને હૃદયની માંસપેશીઓમાં લોહી ઘટવાથી વેદના પણ ઊપડે છે.

ઉપર દર્શાવેલા ઊંડાણના અવયવોમાં થતી ભીતરાઉ વેદના કળતી, લાહ્ય બળતી કે ફેલાએલી હોય છે. વેદનાના મૂળ સ્થાનના જ્ઞાનતંતુઓ જ્યાંજ્યાં પસરેલા હોય ત્યાં ત્યાં વેદના અનુભવાય છે. દા.ત. દાંતની

વેદના ગાલલમણા ને કાન સુધી અનુભવાય છે, કારણ આ સર્વ સ્થળોએ દાંતના જ્ઞાનતંતુની શાખાઓ પથરાઈને પડેલી છે. હૃદયની વેદના છેક પેટમાં નોઢા પર કે ગળામાં દેખા દે છે. મૂત્રવાહક નળીની વેદના કમર વળાં ને વૃષણ સુધી અનુભવાય છે. આવી આડેનાં સ્થળોએ થતી વેદના રોગનું સ્થાન જાણવા ઊંધા રસ્તે દોરે છે.

વેદના સાથે બીજાં ચિહ્નો પણ દેખા દે છે. માથાની પીડા સાથે નાકમાં ભરાવો, પાંપણોનો સોજો, રતૂમડી આંખો, આંખોના વધી પડેલા પલકારા વગેરે થઈ આવે છે. ઈજાના સ્થાને સોજો આવી જવાથી ગરમી અને તાણની બેચેની વધે છે. પણ આ તો રોગ અંગે થઈ આવતી રક્ષણાત્મક યોજના છે. બહારની ઈજા વખતે જેમ નાસવાની કે લડવાની વૃત્તિ થઈ આવે છે એમ આંતરવેદનાની પીડાથી ઈજાવાળો ભાગ રક્ષવાની કે જાળવવાની વૃત્તિ નીપજે છે. ભીતરાઉ તીવ્ર વેદનાને લીધે પસીનો, ઊબકા, ઊલટી, લોહીનું દબાણ ઘટવું ને આઘાતની સ્થિતિ થઈ આવે છે. આના પરિણામે આપોઆપ આંસુ બૂમ ને ડૂસકાં દેખા દે છે. આપત્તિને પહોંચી વળવા હાથ અને દાંત સખત ભિડાવા, શરીર લાકડું થઈ જવું, તરફડવું, રોગવાળા ભાગને સ્થિર કરવો ને વેદના પર મન એકાગ્ર થવું વગેરે ચિહ્નોથી રોગી પીડાય છે.

દરેક જણને વેદના સહન કરવાની મર્યાદા છે. વેદનાના અમુક પ્રમાણ બાદ તે વરતાય છે. એ દુઃખનું પ્રવેશદ્વાર–'Pain Threshold કહેવાય છે. સપાટીની આ હદ સ્થાયી ને એકધારી છે. એને ઉમર, જાતિ, થાક કે લાગણીઓ સાથે કશો સંબંધ નથી, સુસ્તી, બેધ્યાનપણું અકળામણ, ચિંતા, હિસ્ટીરિયા, ઢોંગ, સૂચના અને સારવાર કરનાર ઉપરની શ્રદ્ધાને લીધે તે સહન કરવાની મર્યાદામાં વધ કે ઘટ થાય છે. ગ્લાનિ કે ખિન્નતા વખતે આપણને બહુ વેદના વરતાય છે. શાંત પ્રકૃતિ કરતાં ગરમ મિજાજ વખતે પણ વેદનાની માત્રા વધુ લાગે છે. ઈજા થતાં અગાઉ સંતોષ અને આનંદ હોય તો એની વેદના સહન કરવાનું બળ રહે છે. જો વેદના થવાની શંકા હોય તો ધ્યાન અને ખિન્નતા અગાઉથી મન પર સવાર થએલાં હોવાથી વેદના સહન કરવાનું બળ તૂટી પડે છે. ક્રોધ, ભય, ભૂખ, ગુના, શોક અને નિરાશા વખતે વેદના સહન કરવાની શક્તિમાં ઓટ આવે છે. આનંદ ને દુઃખ પરત્વે મનની સમસ્થિતિ રહેતી હોય એને વેદના બહુ પજવતી નથી. નવાઈ પામવા જેવું છે કે ભણેલા અને સભ્ય સમાજના માનવીને દુઃખની સંવેદના જલદી અને ઘણી થાય છે. અશિક્ષિત અને અસભ્ય જાતિના લોકોની જેમ ગુનેગારોને પણ વેદના અને પીડાની લાગણી ઓછી થાય છે. આમના જેવી જ કષ્ટ સહેવાની શક્તિ શહીદો તથા કાંટા-ખીલાઓ પર સૂનારા સાધુઓ દાખવે છે. ખડતલ જીવન અને પીડાને ન ગણકારવાની પ્રકૃતિ હોય તો વ્યાધિની વેદના ઓછી પીડે છે.

હવે સાંકેતિક વેદના વિષે: અગાઉની વેદનાની સ્મૃતિ તાજી થતાં કોઈ પણ પ્રકારની ઈજા વિના વેદના અનુભવાય એ સાંકેતિક વેદના છે. કદીક ગાલ પર લપડાક વાગ્યાની ઈજા એવી તો હૃદય સોંસરી ઊતરી ગઈ હોય છે કે ભય, ગ્લાનિ ને નુકસાનીની માનસિક વૃત્તિ ઉત્તેજાતાં તે પુનઃ જાગ્રત થઈ સતાવે છે. કોઈ દુઃખદાયક પ્રશ્નનો ઉકેલ ન આવતો હોય ત્યારે મનની સ્થિતિ તંગ થતાં માનસિક ઈજાએ સ્વીકારેલા શરીરના ભાગ પર વેદના અનુભવાય છે. આમ માનસિક વેદના શારીરિક પીડા રૂપે છતી થાય છે, જે એ વેદના ઘટતાં અદૃશ્ય પણ થાય છે.



૧૦½
૧૦
- પ્રસુતિ સમયની કેટલીક વેદના
- ઓચિંતી થએલી ઇજાની તાત્કાલિક વેદના
- મૂત્રાશયમાંથી પસાર થતી પથરીની વેદના
- ચામડી પર સળગની બીડી ચંપાતાં થની વેદના

૯
૮
૭
- હૃદયરોગના કેટલાક હુમલા
- દાઝવાની અમુક વેદના
- સ્નાયુઓના કેટલાક તાત્કાલિક લકવાની પીડા
- પ્રસંગોપાત્ત આધાશીશીના ચસકા
- મસ્તકમાં લોહીની નસ તૂટવાથી, પાક થવાથી કે ગાંઠ થવાને લીધે થતા માથાના દુખાવા

૬ **સામાન્યરીતે માણસને આ મર્યાદાની ઉપરની વેદના તેના જીવન દરમ્યાન ભાગ્યેજ ભોગવવાની આવે છે.**

૫
૪
૩
- મોટા ભાગની આધાશીશીના સણકા
- પેડુ–કમરના ઘણા દુખાવા
- હૃદયરોગના ઘણાખરા હુમલાની પીડા
- કેટલાંક કૅન્સરની વેદના
- માથાના કેટલાક દુખાવા
- જ્ઞાનતંતુઓના અમુક ચસકા

૨
૧
- દાંતનો દુખાવો
- ઑપરેશન પછીની ઘણાખરા ઘાની પીડા
- કૅન્સરનું સામાન્ય દર્દ
- બરડો ફાટવાનાં મોટા ભાગનાં દર્દ
- સંધિવાની પીડા
- જ્ઞાનતંતુઓના ઘણાખરા સણકા
- પેડુ–કમરના લગભગ બધા દુખાવા
- નાકના સણકા

ચામડી પરના ઘણાખરા ઉઝરડા

વેદનાનો ઉંબર

વેદનાનું પરિમાણચિત્ર

[સંપાદકીય]

માણસને થતી વેદનાનું પણ થર્મોમીટરની માફક માપ નીકળી શકે એવું 'ડોલોરીમીટર' નામનું એક યંત્ર વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે. ઉપરના કોઠામાં, એ બધી વેદનાઓની તીવ્રતાના પ્રમાણમાં ઉત્તરોત્તર ચડતો તેનો ક્રમ આપ્યો છે. એ પરિમાણ નક્કી કરવા માટે તેમણે 'ડોલ' નામનો એક એકમ ઠરાવ્યો, અને ૧ ડોલથી શરૂ કરીને વધારેમાં વધારે દર્દના ૧૦॥ ડોલ સુધીના તેના તબક્કા ગોઠવ્યા, જે આ આકૃતિમાં નીચલે છેડેથી ઉપર ચડતા દર્શાવ્યા છે. વેદનાના પ્રદેશમાં પ્રવેશ કરાવતા ઉંબર ઉપર સાધારણ ઊઝરડાથી થતું દર્દ આવે છે, જ્યારે માનવવેદનાની વધુમાં વધુ તીવ્રતા બાળકના જન્મ વખતે સ્ત્રીને થતી પ્રસુતિની પીડાની હોય છે.

આપણે આગળ જોઈ ગયા કે સપાટીની વેદના ઈજાના સ્થાન પર હોય છે, તો ભીતરાઉ વેદના ઈજાના સ્થાનથી આઘે દેખા દે છે. આમ શા માટે હશે? સપાટીની વેદનાની સૂચકતા વિશે શંકા નથી. ચામડીની સપાટી પર પથરાએલા નાડીના છેડાઓ બહારની દુનિયામાંથી આવતા ઘણા પ્રકારના સંદેશાઓ ઝીલવાનું કામ ઉપાડે છે. તે ક્રિયા આપણા માટે રક્ષણાત્મક છે; નહિ તો સખત અને ખૂણિયાવાળા પદાર્થોથી ભરપૂર આ દુનિયામાં આપણે વારંવાર ઈજા પામી હેરાન પરેશાન થઈ જાત. ચામડીના ચોક્કસ ભાગ પર અનુભવાતી વેદના ને પીડાને લીધે ફરીથી એવી ઈજા ન થાય એ માટે આપણે ધ્યાન રાખીએ છીએ. ટેબિસ ડોરસાલિસ નામના રોગમાં દરદીને સાંધાઓ ઉપર થતી ઈજાઓનું જ્ઞાન થતું નહિ હોવાથી ત્યાં વારંવાર વાગવાથી 'ચારકોટ જૉઈન્ટ' નામના સાંધાનો દેખાવે ત્રાસજનક વ્યાધિ થઈ આવે છે.

ત્યારે ભીતરાઉ વેદનાનો હેતુ શો હશે? ઈ. ૧૮૩૬માં હિલ્ટને કહ્યું કે વેદનાનો હેતુ રોગવાળા ભાગને આરામ આપવાની કુદરતની સૂચના જેવો છે. વેદના આપતો અવયવ આપણે જાળવીને બેસી રહેતા હોવાથી એનો ઉપયોગ થતો નથી એ જાણીતું છે. વળી વેદનાથી રોગની જાણ પણ થાય છે. પણ આ ખુલાસો સંતોષકારક નથી. મૂત્રવાહક નળીમાંથી પસાર થતી પથરીની તીવ્ર વેદના દરદીને પીડા આપ્યા સિવાય બીજો કોઈ લાભ કરતી હોવાનું જાણમાં નથી. કૅન્સર અને મગજના ગંડની શરૂઆતમાં નથી હોતી કશી વેદના કે નથી હોતી કોઈ પીડા. એ તો જ્યારે રોગ વધીને જામી પડયા બાદ વેદના ઉપજાવે છે, ત્યારે ફક્ત દરદીની રિબામણીમાં વધારો કરનારી નીવડે છે. એટલે ટ્રૉટર કહે છે કે શરીરના અંદરના ભાગોના સંબંધમાં વેદનાની ઘટના જડ, ઢંગધડા વગરની, બિનઅર્થી અને બિનઉપયોગી છે. જાણવા જેવું છે કે હોજરીને ચીપિયાથી દબાવતાં કે હૃદયમાં સોય ભોંકતા પણ વેદના થતી નથી. ગૉર્ટન હોમ્સ કહે છે કે શરીરના ઊંડાણનાં ઘણા અવયવો કાપવાની કે દાઝવાની ઉત્તેજનાથી પીડા પામતા નથી. એમની પીડાઓ મૂળ અવયવથી આઘે શરીરની સપાટી પર દેખા દે છે. આમ ભીતરાઉ વેદનાનો હેતુ કે પ્રયોજન રહસ્યભર્યું ને અણઉકેલ રહ્યું છે.

જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો દ્વારા સંવેદનાઓનું વહન થવાથી મગજમાં વેદના અને પીડાનું જ્ઞાન થાય છે. આ જ્ઞાન થવામાં મન મહત્ત્વનો ભાગ ભજવે છે. મહર્ષિ ચરક કહે છે કે 'મન પોતે અચેતન છે. આત્માના સંયોગ વિના મન ક્રિયામાં પ્રવર્તમાન થતું નથી. આત્મા ચેતનવાન છતાં નિષ્ક્રિય છે, જ્યારે મન અચેતન છતાં ક્રિયાવાન છે, મન, આત્મા અને ઇંદ્રિયોના સંયોગથી વેદનાનું ભાન થાય છે. **वेदनानामधिष्ठानं मनो देहश्च सेन्द्रियः ||** (ચરક શારીરસ્થાન ૧-૧૩૬)

આપણે જાણી ગયા કે જ્ઞાનતંતુઓ દ્વારા આવેલી વેદનાની સંવેદનાઓ ઊર્મિમગજમાં જાય છે. અહીંથી તે મગજમાં જતાં વેદનાની તીવ્ર લાગણી જન્મે છે. ઊર્મિમગજમાં ઉદ્ભવતી પીડાની એ સંવેદના પર મગજ જેટલો કાબૂ ધરાવે તેના પ્રમાણમાં એ દુ:ખ વધુ કે ઓછું સતાવે છે. એ પણ ખરું કે વેદનાના આવેગ વખતે બીજા વિચારોમાં ચિત્ત પરોવી તેના તરફ દુર્લક્ષ કરવાથી તે શમી જાય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે શું અસભ્ય લોકો અને ગુનેગારોને આ કળા સુસાધ્ય હશે? શું ભણેલાઓનું વિકસિત મગજ ખૂબ વિચારે ચડતું હોવાથી વેદનાનો અધિક અનુભવ થતો હશે? મન ઉપર કાબૂ ધરાવનારા સાધુઓ બેશુમાર ઠંડી, અસહ્ય ગરમી ને રોગનાં કષ્ટ સહન કરે જ છે ને?

વ્યાધિ અને વેદના પ્રારબ્ધકર્મનાં ફળ સમજી, તે ભોગવ્યા વિના છૂટકો નહિ હોવાનું યોગી પરમહંસો સ્વીકારે છે. દુ:ખ અને દરદો શરીરનો સ્વભાવ જ છે; વેદના અને પીડા તો 'શરીર'ને છે અને શરીર એ કાંઇ 'પોતે' નથી એવી દૃઢ ભાવનાવાળા મહાન સંતો દુ:ખદરદ ગણકારતા નથી હોતા. શ્રી રામકૃષ્ણ પરમહંસને ગળામાં કૅન્સરની ચાંદી પડી હતી. એમની આખર અવસ્થામાં ખોરાક લેવાતો ન હતો ને લોહીની ઊલટીઓ થતી હતી. આવી અપાર ને અસહ્ય વેદના સહન કરતા એ ભક્તોને કહેતા 'શરીરને અને દર્દને ફોડી લેવા દઇ, ઓ મન, તું તો આનંદમાં જ રહે. હું આ બધું કષ્ટ આનંદપૂર્વક સહી રહ્યો છું. પીડા કેવળ શરીરને જ થાય છે. જ્યારે મન એનામાં (પ્રભુમાં) જોડાએલું હોય છે ત્યારે પીડાનું ભાન પણ રહેતું નથી.' સૌરાષ્ટ્રના અપ્રસિદ્ધ મહાત્મા મસ્તરામજી(વિ.સં. ૧૯૫૭)ને પગ પર પાકેલા મોટા ગૂમડામાં જીવડાં પડ્યાં હતાં તો પણ તેઓ ખોડંગાતા ખોડંગાતા ફરતા રહેતા હતા. બીજી વખત હાથ પાકી ઊઠયો તે વખતના એમના શબ્દો આ રહ્યા: 'દુ:ખ તો હાથને છે; એમાં મસ્તરામને શું? નાશવંત દેહને પ્રારબ્ધ કર્મ ભોગવવાં જ પડે છે. અજ્ઞાની જીવો નાશવંત દેહનો શોક કરે છે. મસ્તરામ તો આત્માની મસ્તીમાં મગ્ન છે.'

મહર્ષિ ચરકનું કથન છે કે સત્ત્વબલ અને કાયસમ્પત્તિ-સંપન્ન લોકોને રોગ (એટલે વેદના ને પીડા) ઓછાં સતાવે છે. જ્યારે આ બંને અધમ પ્રકારનાં હોય ત્યારે રોગ બહુ સતાવે છે. સત્ત્વબળ એટલે બળવાન મન. દૂબળા શરીરમાં બળવાન મનનો વાસ હોઇ શકે છે, ને પુષ્ટ શરીરમાં એનો અભાવ પણ હોય છે. પણ બળવાન મનવાળાને રોગની વ્યથા કે વ્યગ્રતા સતાવતી નથી. વીર્ય, બલ, ઓજસ અને સુદૃઢ શરીર એ પૌરુષનો આદર્શ છે. આવા શરીરવાળા પણ દુ:ખ સહન કરી શકે છે.

માનવ સહન કરી શકે એવી ઉગ્રમાં ઉગ્ર વેદના પ્રસૂતિની છે. વાત્સલ્યમૂર્તિ માતા જ એ હોંશથી વેઠે છે, એને આવકારે છે, અરે, શોધે છે! અને દવાદારૂની સહાય લીધા વિના પસંદગીથી ઉપાડે છે. હિલ્ટન કહે છે કે માતાની દુ:ખવેદના સાથે બાળક પ્રત્યેની પ્રેમસંવેદના ગાઢ રીતે સંકળાએલી છે. એ વેદના સહન કરવાથી માતાનો બાળક પ્રત્યેનો પ્રેમ ગાઢ બને છે. આની સરખામણીમાં કૅન્સરની વેદના ઉગ્ર ના કહી શકાય. વિજ્ઞાન તો કહે છે કે કૅન્સરની વેદના હળવા પ્રકારની મંદવેદના (dull pain) છે. કોઈ પણ જાતની વેદનાને અમુક મર્યાદા છે. એથી આગળ એ કાંઇ વધારે ઈજા કરી શકતી નથી.

માનવી માટે માનસિક અને શારીરિક વેદના અનિવાર્ય છે. રોગની ચેતવણી માટે કુદરતે વેદનાની યોજના કરી છે, બીજા કોઈ મહત્ત્વને ખાતર નહિ. સાથોસાથ દયાળુ કુદરતે વેદનાહર ઔષધો પણ બનાવ્યાં છે. આમાંનું એક જાણીતું ઔષધ અફીણ છે. અફીણ ને મૉર્ફિયા વેદનાનો નાશ કરતાં નથી, પણ એનાથી વેદનાની સંવેદનાઓ દબાય છે. માનવીની બુદ્ધિશક્તિએ શોધેલી બીજી દવાઓ ઍસ્પિરીન, કોડિન વગેરે છે. દવાઓના ગુણને પુષ્ટિ આપનાર લાગણીઓ છે. એમાં એની મુખ્ય આશા છે. વિશ્વાસ આશા ઉપજાવે છે. રોગીને દાક્તરનાં જ્ઞાન અને હોશિયારી ઉપર શ્રદ્ધા હોવી જોઇએ. વળી વેદના-નિવારણ અર્થે રોગવાળા ભાગને કાઢી નાખવાની શસ્ત્રક્રિયાની પદ્ધતિ પણ છે. તદુપરાંત હઠીલી વેદનાની શાંતિ માટે વેદનાની સંવેદના લઈ જતા જ્ઞાનરજ્જુમાંના જ્ઞાનતંતુઓ અને મગજના આગલા ભાગના જ્ઞાનતંતુઓ ઉપર છેદ મૂકી સંબંધ કાપી નાખવાની શસ્ત્રક્રિયા પણ હાલમાં અસ્તિત્વમાં આવી છે.

છતાં વેદના નિવારણનો અમોઘ ઉપાય તો મનોનિગ્રહ જ છે. મનની કામગીરીઓને રોકવાનું સાધન ચિત્તવૃત્તિનિરોધ છે. પણ યોગની ક્રિયા સામાન્ય જન માટે સુલભ નથી. છતાં યે સમજવા જેવું છે કે વેદના જાતે કષ્ટદાયક નથી, પણ એના પ્રત્યેની લાગણી કષ્ટદાતા છે. વેદના ભાગ્યે જ પ્રાણઘાતક નીવડે છે. એ અમુક હદથી ભાગ્યે જ વધારે કષ્ટ આપે છે. સેંકડો રોગીઓ એ જીરવી ગયા છે. આમ મનને બલિષ્ઠ બનાવવાથી વેદના સહન કરવાની મર્યાદા વધે છે. (હવે પછી 'મન ને શરીર')

ઉત્તર ગુજરાતની આરાધ્યદેવતાનું લોકપૂજ્ય યાત્રાધામ

[ગુજરાતનાં ગામ : ૫]

બહુચરાજી

લેખક અને છબિકાર : નરોત્તમ વાળંદ



ગુજરાતના ચુંવાળ પ્રદેશમાં અમદાવાદની ઉત્તરે ૫૫ માઇલ દૂર, કર્ક વૃત્ત અને ૭૨ પૂર્વ રેખાંશની નજીક બહુચરાજી માતાનું તીર્થસ્થાન આવેલું છે. શ્રીમદ્ ભાગવતમાં આ સ્થાનક વિષે આ પ્રકારનો ઉલ્લેખ આવે છે :

इति प्रभाष्य तं देवी माया भगवती भुवि।
बहुनामनिकेतेषु बहुनामा बभूव ह ॥

શ્રીમદ્ ભાગવતના કથન મુજબ ભગવાન શ્રીકૃષ્ણના જન્મ સમયે યશોદાજીને માયા રૂપી જે પુત્રી અવતરી હતી તે બાલિકાના નામથી આ 'બાલા ત્રિપુરા સુંદરી બહુચરાજી' નામ પ્રસિદ્ધ થયું. દંતકથા મુજબ, શ્રી બહુચરાજી માતાએ બહુ દૈત્યોનો સંહાર કરવા બહુ વિચરણ કર્યું હોવાથી તેમનું નામ 'બહુચરી'(बहून् राक्षसान् दुष्टान् वा चरति भक्षयति इति बहुचरी) કહેવાયું; અગર તો, તેમને બહુ સેવકો હોવાથી બહુચરા' (बहवः चराः यस्याः सा बहुचरा) કહેવાયું. આ 'બહુચરી' અથવા 'બહુચરા' ઉપરથી બહુચરાજી નામ પ્રચલિત થયું. તેમનું તીર્થસ્થાન તે પણ બહુચરાજી કહેવાયું.

બહુચરાજીની ઉત્પત્તિ વિષે બીજી પણ એક દંતકથા છે. કેટલીક ચારણ સ્ત્રીઓ સંખલપુરથી નજીકના એક ગામે જતી હતી. રસ્તામાં તેમને લૂટારા મળ્યા. બહુચરા નામની એક સ્ત્રીએ લૂટારામાંના એકની પાસેથી તલવાર ખૂંચવી લઈ પોતાનાં બંને સ્તન કાપી નાખ્યાં અને તરત જ મૃત્યુ પામી. તેની સાથેની બે સ્ત્રીઓ પણ આ રીતે મૃત્યુને વશ થઈ. ત્રણેએ આ રીતે પોતાના શિયળનું રક્ષણ કર્યું. લોકોએ ત્રણેને દેવીઓના અવતાર તરીકે માનીને તેમની જુદાંજુદાં સ્થળે સ્થાપના કરી. તેમાં શ્રી બહુચરાજીની સ્થાપના ચુંવાળમાં થઈ.÷


ગુજરાતમાં ચાર શક્તિતીર્થો છે :

'આરાસુરમાં અંબા બિરાજે, પાવાગઢમાં મહાકાળી,
દક્ષિણમાં તુલજા ભવાની, ચુંવાળ બહુચરવાળી.'

તેમાં બહુચરાજી ગુજરાત-સૌરાષ્ટ્રનું મોટામાં મોટું શક્તિતીર્થ અને યાત્રાધામ ગણાય છે. તેનું માહાત્મ્ય પણ વિશેષ છે. શ્રીકૃષ્ણ ભગવાનનું કેશવપન આ સ્થાનમાં કરવામાં આવેલું. પાંડવો વિરાટનગરમાં છૂપા વેશે રહેવા ગએલા તે સમયે અર્જુને આ સ્થાનમાં વ્યંઢળનો વેશ ધારણ કર્યો હતો. યાદવોની મૂર્છા વાળવા કૃષ્ણ ભગવાને સ્તુતિ કરેલી કે 'देवानां मुमयं ददति वरदं श्री बहुचरी पाहि माम् !' કરણ ઘેલાના સમયમાં તેના પ્રધાન માધવે અલ્લાઉદ્દીન આગળ ધા નાખવાથી અલ્લાઉદ્દીનના લશ્કરે ગુજરાત પર ચડાઈ કરી. (ઈ. સ. ૧૨૯૭) કર્ણ હાર્યો અને નાઠો. જીતેલું મુસલમાન લશ્કર ગુજરાતમાં હાહાકાર વર્તાવી રહ્યું. એ વેળાએ મોઢેરાના સૂર્યમંદિર પર હુમલો થયો. ત્યાર બાદ અલ્લાઉદ્દીન આ સ્થાને પણ આવેલો. અલ્લાઉદ્દીનને આ સ્થાનમાં બહુચરાજીએ પરચો બતાવેલો તેની જુદી કથા છે. આમ બહુચરાજી વિષે અનેક દંતકથાઓ, પુરાણકથાઓ અને ઇતિહાસકથાઓ મળી આવે છે.

અઢારમા સૈકાની શરૂઆતમાં અહીંની આજુબાજુના પ્રદેશમાં ચોર-લૂટારાનો ત્રાસ વધી પડ્યો હતો. તે સમયે શ્રીમંત માનાજીરાવ ગાયકવાડ કડી શહેરમાં પ્રાન્ત સૂબાની જગાએ હતા. તેઓ ચોર લૂટારાની શોધ કરતા અચાનક આ સ્થળે આવી ચડ્યા. તે વખતે તેમને પાઠાનું દર્દ હતું. તેમણે ઘણા ઉપચાર કરેલા, છતાં દર્દ કાયમ રહેલું. આ સ્થાનમાં રહેતા માતાજીના સેવકને આ દર્દની જાણ થતાં તેણે માતાના કુંડની માટી લગાવવા સૂચવ્યું. શ્રીમંતે સલાહ મુજબ ઉપચાર કર્યો અને થોડા સમયમાં દર્દ નાબૂદ થયું. તેમની માતાજી પ્રત્યે શ્રદ્ધા જાગી. તેથી તેમને વડોદરાનું રાજ્ય મળ્યા બાદ તેમણે આ જગાએ સંવત ૧૮૩૯માં (સને ૧૭૮૩માં) હાલનું મોટું મંદિર, તેની આજુબાજુ ચાર બુરજ અને ત્રણ દરવાજાનો કિલ્લો તથા દીપમાળ બંધાવ્યાં તેમજ કુંડને સ્થાને માનસરોવર બંધાવ્યું, અને કિલ્લાની બાજુમાં વિશાળ તળાવ પણ ખોદાવીને બંધાવ્યું. આ પ્રમાણે મંદિરની સ્થાપના કરાવી શ્રીમંતે બહુચરાજી માતાના સેવાપૂજાના નિભાવ અર્થે આજુબાજુનાં ત્રણ ગામ—બેચર, સંખલપુર અને ડોડીવાડા અર્પણ

÷ 'રાસમાળા' ભા. ૨ પાનું. ૧૧૮. આ દંતકથાને સમર્થન આપતો અભિપ્રાય : Bechraji is believed to be a deified Charan lady, who prefered death to dishonour; but is (more probably) an old Koli goddess. The goddess Bahuchara is here Amba Bhavani—a pre-Hindu deity—incorporated by the usual process of sincretism. Bombay Gazatteeer Vol. IX part I. સ્વ. તાલુકદાર સેટલમેન્ટ ઑફિસર રાવબહાદુર ભીખાભાઇ કિરપારામ.



મંદિરના કોટના ઇશાન ખૂણાની લગોલગ, એક માઈલના ઘેરાવાવાળું, પાકું બાંધેલું, ને ઓરિંગની સગવડથી બારે માસ પાણીથી સભર રહેતું તળાવ; નીચે : મંદિરની પશ્ચિમે આવેલું માનસરોવર

કર્યાં. આ ગામોની ઊપજ સેવાપૂજાના ખર્ચમાં વપરાતી. પાછળથી આ ઇનામી ગામો ખાલસા થવાથી સરકાર તરફથી હાલ રૂ. ૧૦,૦૫૦ અપાય છે. આ સંસ્થાનનો વહીવટ સરકાર તરફથી થાય છે. વહીવટ માટે સ્થાનિક દેવસ્થાનઅધિકારી તરીકે સરકારતરફથી કારભારી રહે છે.

આશરે ૧૦૦ ફૂટ લંબાઈ અને ૫૦ ફૂટ પહોળાઇ ધરાવતું, બે સભામંડપ, બે મોટા તથા છ નાના ઘુમ્મટ અને ઉત્તુંગ શિખર વડે સુશોભિત બનેલું, પાટણના કારીગરોએ બાંધેલું, પૂર્વાભિમુખે આવેલું માતાજીનું ભવ્ય મંદિર કારીગરીના સુંદર નમૂનારૂપ છે. મંદિરની બાજુમાં અષ્ટકોણાકારની બે માળની દીપમાળ છે. દીપોત્સવી ને બીજા તહેવારોના માંગલિક પ્રસંગે તે ઝળહળતી રોશનીથી શોભી ઊઠે છે. મંદિરની સામે માતાજીના આદ્ય ભક્ત વલ્લભ ધોળાનું મકાન આવેલું છે.* તેની પાછળ સરકારી કચેરીનું મકાનછે.મંદિરની પાછળ વરખડીના પુરાણા વૃક્ષ નીચે માતાજીનું આદ્ય સ્થાન ગણાય છે. ત્યાં નાનું મંદિર છે. આ મંદિર નીચે માનસરોવર છે. તેને લગતી કથા આવી છે :

વિ. સં. ૭૮૭ના અરસામાં ઉત્તર ગુજરાતના પાટણવાડામાં નકરવાડા રાજધાનીમાં ચાવડા નરેશનું રાજ્ય હતું. તેમને માલવનરેશ રાઠોડના સોલંકી સાથે ગાઢ મૈત્રી હતી. આથી મિત્રભાવથી પ્રેરાઇને બંનેએ પોતાનાં ભાવિ સંતાન અરસપરસ પુત્ર અને પુત્રી જન્મે તો તે બંનેનાં લગ્ન કરવાં એવો કરાર કર્યો.

સમય જતાં બંનેને ત્યાં પુત્રીઓ અવતરી. પરંતુ માલવપતિની રાણીએ આ હકીકત ગુપ્ત રાખીને પોતાને પુત્ર આવ્યાનું જાહેર કર્યું. તેનું નામ તેજમાલ (તેજમલ કે તેજપાલ) રાખ્યું. પાછળથી કરાર મુજબ સોલંકી રાજાની પુત્રી સાથે તેનાં લગ્ન થયાં. લગ્ન બાદ સત્ય હકીકત બહાર આવી. તેથી સોલંકી રાજાએ ખાતરી કરવા જમાઇને તેડાવ્યા અને ચોક વચ્ચે બાજઠ નંખાવી તેમને સ્નાન કરવાને કહ્યું. તેજમાલે આનાકાની કરવા માંડી. વડસસરાએ તેને ખૂબ આગ્રહ કરવા માંડ્યો. આથી તેજમાલ ખિજાઇને વડસસરાને કટારથી ઘાયલ કરી, ઘોડી પર સવાર થઈ, નગરના દરવાજા બંધ હોવાથી કિલ્લો કુદાવી ભાગી છૂટ્યો. નાસતાં નાસતાં તે બોરૂવનમાં એક તળાવડી પાસે વરખડીના વૃક્ષ આગળ આવી પહોંચ્યો. પરિશ્રમથી થાકેલો તે વૃક્ષ નીચે આરામ લેવાના ઇરાદાથી ઊતર્યો. તેની પાછળ પાછળ એક કૂતરી




* આ મકાનને લઇને જ મંદિરની સામે પૂર્વ તરફનો દરવાજો થતો અટક્યો. માતાજીના આ પરમ ભક્તના મકાનને કોઈ પણ જાતનું નુકસાન ન કરતાં સ્મૃતિચિહ્ન તરીકે સુરક્ષિત રાખવા સારુ પૂર્વ તરફનો દરવાજો કરવાનું મોકૂફ રહ્યું, અને ફક્ત ઉત્તર પશ્ચિમ તથા દક્ષિણ દિશાએ કિલ્લામાં દરવાજા થઇ શક્યા.

વલ્લભ અને ધોળો તે અમદાવાદની પશ્ચિમે આવેલા નવાપુરાનાં મેવાડા બ્રાહ્મણ દંપતી હરિભટ્ટ અને ફૂલકોરબાઈના જોડિયા પુત્રો હતા. બંનેનો જન્મ સંવત ૧૬૯૯ના આસો સુદી આઠમે નવરાત્રિની પવિત્ર આઠમે થએલો. માતાજીની કૃપા થતાં વલ્લભે તેર વર્ષની વયે આનંદનો ગરબો રચ્યો. તે પછી તેણે શૃંગારનો, કળશ-સ્થાપનાનો, અંબાજીનો, કળિયુગનો, મહાકાળીનો, ધનુષધારીનો વગેરે ગરબા તથા અનેક પદ રચ્યાં. એ વલ્લભ સામવેદી, ગૌતમગોત્રી, કૌથમીય શાખાવંત, ભટ્ટ અવટંકી અને ભટ્ટ મેવાડા બ્રાહ્મણ હતો. તે ૧૧૧ વર્ષની લાંબી જિંદગી ગાળી સં. ૧૮૦૭માં અવસાન પામ્યો. તેનાં ચાર સંતાનો તેની હયાતીમાં જ અવસાન પામેલાં. ધોળાભટ્ટનો વંશ હજી ચાલુ છે. વલ્લભ ભટ્ટ ગુજરાતી કાવ્યસાહિત્યમાં 'વલ્લભ મેવાડા' તરીકે ઓળખાય છે.



વડોદરાના શ્રીમંત માનાજીરાવ ગાયકવાડે ઈ.સ. ૧૭૮૩માં બહુચરાજીનું આ મોટું શિખરબંધ મંદિર, તેની આજુબાજુ ચાર બુરજ તથા ત્રણ દરવાજા સાથેનો કિલ્લો, જૂના કુંડને સ્થાને માનસરોવર(જુઓ પૃ. ૧૮૨ પરનું ચિત્ર) તથા મોટી દીપમાળ (જુઓ જમણી બાજુનું ચિત્ર) બંધાવ્યાં.



આવતી હતી. કૂતરી જળાશય જોઈને તેમાં પડી. જ્યારે તે બહાર નીકળી ત્યારે તેજમાલે આશ્ચર્ય સાથે જોયું કે તે કૂતરાના રૂપમાં ફેરવાઇ ગઈ હતી! તેણે વિશેષ ખાતરી કરવા ઘોડીને પાણીમાં ઉતારી. તેજમાલનું આશ્ચર્ય વધી ગયું. ઘોડી ઘોડો બની ગઈ હતી! તેથી તેણે પણ વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું અને પુરુષરૂપ મેળવ્યું.

ત્યાર બાદ તેજમાલે ઘેર આવીને પોતાનાં માબાપ અને સસરાને સર્વ હકીકત કહી, અને સર્વને આ સ્થાને લઇ આવ્યો. સૌએ ત્યાં માતાજીના પ્રતીકરૂપ જૂનો ગોખ અને ત્રિશૂળ જોયાં. તેમણે આ ગોખને સ્થાને નાનું મંદિર બંધાવ્યું અને જળાશય જગદંબાની ઇચ્છાથી પુરાવી નાખ્યું. આ સ્થાન તે આદ્ય સ્થાન. તેની નીચેનું જળાશય તે જ ચમત્કારિક માનસરોવર. આદ્યસ્થાનની બાજુમાં પાંડવોનું અક્ષયપાત્ર બંધ દહેરીમાં મૂકેલું કહેવાય છે. સૂર્યનારાયણે આપેલા આ અક્ષયપાત્રમાં દ્રૌપદીએ દુર્વાસાદિ સાઠ હજાર બ્રાહ્મણોને જમાડેલા.

આ સર્વ સ્થાનોને ફરતો ચાર બુરજો અને ત્રણ દરવાજાવાળો કિલ્લો છે. મુખ્ય દરવાજો દક્ષિણ તરફનો છે. તેની ઉપર ઝરૂખા સહિત ઉપલો માળ છે. ત્યાં ચોઘડિયાં વાગે છે. આ ઊંચા બુરજની અગાશી પરથી દોઢ-બે માઇલના ઘેરાવાનો સપાટ પ્રદેશ અને આજુબાજુનાં ગામ દેખાય છે. પશ્ચિમના દરવાજા પાસે પાતાળપાણીથી ભરેલું હાલનું માનસરોવર આવેલું છે. બાજુમાં ઇલેક્ટ્રિક પાવર હાઉસનું મકાન છે. આ પાવર હાઉસ મંદિર કચેરી અને રસ્તા પર વીજળી પૂરી પાડે છે.

કિલ્લાના ઈશાન ખૂણાની લગોલગ લગભગ એક માઈલના ઘેરાવાવાળું બાંધેલું વિશાળ તળાવ છે. ત્યાં યાત્રાળુઓને અને ગામના રહીશોને નાહવાધોવાની સારી સગવડ મળે છે. તળાવની મધ્યમાં અમદાવાદના કાંકરિયાની નગીનાવાડી જેમ વાવ તથા કૂવાસહિત ઓવારો આવેલો છે. તળાવને સામે કિનારે આવેલા બોરિંગમાંથી પાણીનો સતત પ્રવાહ તળાવમાં આવ્યા કરે છે. તેથી ધગધગતા ઉનાળે પણ તે પાણીથી ભરપૂર રહે છે. બારે માસ પાણીથી સભર રહેતું આ તળાવ ગામની શોભા રૂપ છે. દક્ષિણ તરફના દરવાજેથી થોડે દૂર એક બીજું તળાવ છે. તેને કાંઠે ગેસ્ટ-હાઉસમાં સરકારી અમલદારો મુકામ કરે છે.

ત્રણચાર માઈલના ઘેરાવાવાળું આ ગામ મુખ્યત્વે બ્રાહ્મણ, પટેલ, વણિક અને ઇતર કોમો મળીને માત્ર ૧૭૫૦ જેટલી વસતિ ધરાવે છે. ગામમાં ૨૫ તો ધર્મશાળાઓ છે! મુખ્ય ઉદ્યોગ ખેતી અને વેપારનો છે. મોટા ભાગના બ્રાહ્મણો યજમાનવૃત્તિથી નભે છે. ગુજરાતી અને અંગ્રેજી શાળા, સાર્વજનિક છાત્રાલય, સાર્વજનિક પુસ્તકાલય, સાર્વજનિક દવાખાનું, ખાનગી દવાખાનું, પોલીસ કચેરી, જીનિંગ ફૅક્ટરીઓ આ બધાં ગામનાં આવશ્યક અંગો છે.

માતાજીની સવારી વર્ષમાં પંદર વખત નીકળે છે. સામાન્ય પૂર્ણિમાએ સવારી ગામની આજુબાજુ પ્રદક્ષિણા કરે છે. ચૈત્ર અને આસોની પૂર્ણિમાએ સવારી અહીંથી એક માઇલ દૂર આવેલા માતાજીના મૂળ વિશ્રાન્તિસ્થાન સંખલપુર જઈ આવે છે. દશેરા પર સવારી શમીપૂજન વિધિ કરવા નીકળે છે. આ પ્રસંગે ઘોડદોડની શરત જોવા જેવી થાય છે. દર પૂર્ણિમાએ મેળો ભરાય છે. ચૈત્ર, આષાઢ અને આસોમાં મોટા મેળા ભરાય છે. તેમાં યે ચૈત્રી પૂર્ણિમાનો મેળો સૌથી મોટો ગણાય છે. ત્યારે દોઢેક લાખ યાત્રાળુઓની મેદની જામે છે. આ મેળો શહેરોમાં ભરાતાં પ્રદર્શનો જેવા જ ઠાઠમાઠથી ભરેલો હોય છે. બહારગામના યાત્રાળુઓની અવરજવર માટે રેલવે અને બસની પૂરતી સગવડો છે.

બહુચરાજીની દક્ષિણ દિશાએ માત્ર અર્ધા માઈલના અંતરે બહુચરાજીનું પરું ગણાતું બેચર ગામ છે. ઉત્તર દિશામાં એક માઈલ દૂર માતાજીનું મૂળ વિશ્રાન્તિસ્થાન સંખલપુર ગામ સોલંકી ધવલના રાણક આનાકના પ્રતાપી વીર પુત્ર લવણપ્રસાદે તેની માતા સલખણબાઈના નામ ઉપરથી વસાવ્યું હતું, એવો વિ. સં. ૧૨૮૦નાં તામ્રપત્રોમાં ઉલ્લેખ છે. દંતકથા મુજબ ભીમદેવ બીજા(ભોળા ભીમ)ની પત્ની સુલક્ષણાદેવીએ વસાવેલું તેમ કહેવાય છે. આ સલખણબાઇ તે જ સુલક્ષણાદેવી એમ કેટલાકનું કહેવું છે. તેથી તે સુલક્ષણપુર–સલખણપુર–સંખલપુર કહેવાયું. પૂર્વ દિશામાં દોઢેક માઇલ દૂર કાલરી ગામ છે. પહેલાં બહુચરાજી સંસ્થાનનો વહીવટ આ ગામના સોલંકી નરેશના

અનુગામી સોલંકી ગરાસિયાઓના હસ્તક હતો. પછીથી તે હક્ક પાટણના બારોટ પાસે આવ્યો. કાલરીની આગળ, અહીંથી આઠ માઇલ દૂર મોઢેશ્વરી માતાનું તીર્થસ્થાન મોઢેરા આવેલું છે. આ ગામ ઊંચા ટેકરા પર વસેલું છે. કહેવાય છે કે ભીમદેવ બીજાના વખતમાં મોઢેરા બંદર હતું. આજુબાજુનો પ્રદેશ તે સમયે અસ્તિત્વમાં નહોતો. અત્યારનો અરબી સમુદ્ર પહેલાં ન હતો. કાઠિયાવાડ દ્વીપ હતો, અને ખંભાતના અખાત તથા કચ્છના અખાત વચ્ચે દરિયો હતો. પણ દોઢેક હજાર વર્ષ પહેલાંના ધરતીકંપને પરિણામે કાઠિયાવાડ અને ગુજરાત વચ્ચેનો સમુદ્ર અદૃશ્ય થયો, જમીન ઊપસી આવી, મોઢેરા બંદર મટીને શહેર બન્યું. હાલ તે નાનું ગામ માત્ર છે. તે મૂળ બંદરના ડક્કા પર વસ્યું છે. આ ભૌગોલિક હકીકત સત્ય હોવાનાં કારણો છે. અહીંની આજુબાજુનો પ્રદેશ એટલો બધો ખાર(ક્ષાર)વાળો છે કે કૂવામાં પાણી ખારું નીકળે છે, મકાનો પણ જમીનના આ ખારથી પાયામાંથી જ ખવાઇ જાય છે. ખારું પાણી પીવાના અને રસોઈના કામમાં ત્રાસદાયક નીવડે છે એવી યાત્રાળુઓની હમેશની ફરિયાદ છે. 'રાસમાળા'ના લેખક ફૉર્બ્સના મત મુજબ તે દરિયાનાં ચિહ્ન છે. નવમી સદીમાં મોઢેરા જૈન ધર્મનું પ્રચારકેન્દ્ર હતું. ભોળા ભીમદેવના સમયમાં સૂર્યપૂજાનું મહત્ત્વ વધતાં ત્યાં સૂર્યમંદિર બંધાયું. એ સૂર્યમંદિરની અનુપમ કોતરણીથી ગુજરાતના કલારસિકો ભાગ્યે જ અજાણ હશે. આ સૂર્યમંદિરનો બહારના મંડપનો ઘુમટ અલ્લાઉદ્દીને તોપના ગોળાથી ઉડાવી દીધેલો. હજી યે આ સૂર્યમંદિર ગુજરાતની કલાકારીગરીની યશગાથા ગાતું ભગ્ન દશામાં ઊભું છે.

બહુચરાજી આજુબાજુનાં ગામોનું બજાર અને દૂરદૂરના યાત્રાળુઓનું યાત્રાધામ બનીને મહાગુજરાતની અને તેથી યે દૂરની શ્રદ્ધાળુ પ્રજાને આજે પણ આકર્ષી રહ્યું છે.

OUR FRIENDS ABROAD
જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

ભારત આવી ગએલાં સ્વીડનનાં એક બહેનનો પત્ર

[પત્ર મેળવનારઃ રમણિક ચંદારાણા, જવાહર બજાર, ચલાળા(સૌરાષ્ટ્ર)]

પ્રિય મિત્ર,

તમારો સુંદર પત્ર મળ્યાથી ઘણો જ આનંદ થયો. ચલાળા આવ્યા પછી હું ભારતમાં ઘણાં ઘણાં સ્થળોએ ફરી આવી.

બંગાળમાં પૂ. વિનોબાજી સાથે પાંચ દિવસ ફરવાનું સુભાગ્ય સાંપડયું. વિનોબાજી, મારી દૃષ્ટિએ, ભારતશ્રેષ્ઠ પુરુષ કહી શકાય. તેઓ આપણામાંના એકબીજાને સાચા અર્થમાં ભાઈ-બહેન તરીકે રહેવાની પ્રેરણા આપી રહ્યા છે. તેઓએ કહ્યું, 'સમાજ માનવશરીર જેવો છે. ધારો કે તમારો કાન દુખે છે; ત્યારે તમારી આંખો એમ નહિ કહે કે કાન દુખે તેમાં મારે શું? કાન દુખે એટલે આંખને પણ દુઃખ થવાનું જ છે; અને એ રીતે સમાજમાં જ્યારે તમારો ભાઈ કે બહેન ભૂખી છે, તેને શરીર પર પહેરવા પૂરતાં કપડાં નથી, ત્યારે તમે અમનચમન નહિ કરી શકો. આપણને લાગણી થવી જોઇએ કે પડોશીને ખાવા રોટલો પણ નથી ત્યારે આપણે મિષ્ટાન્ન કેમ ખાઈ શકીએ? અને આપણે એમ પણ નહિ કહી શકીએ કે એ ભૂખ્યો છે તેમાં મારે શું?'

રાજસ્થાનનાં ગામડાંઓમાં પણ ફરી આવી. સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાં ઘણુંઘણું સામ્ય દેખાયું. પ્રદેશ, ખોરાક, ઘર, પોષાક-બધાંમાં સૌરાષ્ટ્ર સાથે સામ્ય છે. હિંદુ ધર્મમાં ચોખ્ખાઈ એ મહત્ત્વની ફરજ ગણાય છે. પરંતુ મને કહેતાં દિલગીરી થાય છે કે એ ફરજપૂર્ણ ચોખ્ખાઈ અહીં કોઈ સમજતું નથી, કે નથી તેને વ્યવહારમાં આણતું. જમીન પાણીથી લીંપી તમે લોકો જમવા બેસો છો. ચોખ્ખી કરીને પણ પછી એ ભીંજાએલી જમીન પર ખાવાનો અજીઠો થએલો ચમચો મૂકી દેતાં તમે જરા યે અચકાતા નથી. લોકો ત્યારે જ સંસ્કૃત કહી શકાય કે જ્યારે તેઓ ચોખ્ખા હોય. ચોખ્ખાઈ એ મહત્ત્વની વસ્તુ છે. તમારા ધર્મે પણ તે માટે ઓછી કાળજી નથી રાખી.

પણ મને વધુ દિલગીરીભરી વાત એ લાગી કે તમે 'શ્રમ'નું મહત્ત્વ સમજતાં નથી, કે નથી એકબીજા માટે લાગણી ધરાવતાં. મેં અહીં ઘણા એવા લોકો જોયા, કે જેમને શરૂશરૂમાં તમે સુખી અને સમૃદ્ધ જીવન જીવવાની સગવડો આપી હોય, પરંતુ થોડા વખતમાં જ તે ઉડાવી દઇને જેઓ પાછું નિરાશ્રિત જીવન જીવતા હોય છે. ખાલી રોટીમાં આપણું કાર્ય સમાપ્ત નથી થતું. પ્રેમ અને શ્રમની ભાવના જ આપણને સુખી અને સમૃદ્ધ જીવન અર્પશે.

ભારતમાં મને એક શિષ્ટાચાર ખૂબ જ ગમ્યો. તમે એકબીજાને 'ભાઇ' અને 'બહેન'નાં મીઠાં સંબોધનોથી સંબોધો છો. એ સુંદર વિવેક હું મારી સફર દરમ્યાન વારંવાર અનુભવી રહી.

મારી સફર દરમ્યાન ઘણાં ભારતીય મિત્રો પૂછતાં હતાં: 'હું શું કરી શકું?' હું તો કહું છું સામૂહિક સહકાર અને પ્રેમથી તમને જે કંઇ સારું લાગે તે કરવા માંડો. બધું જ થઈ જશે.

સહુ મિત્રોને મારાં અભિનંદન. ભારત માટે સદાની એક શુભ ભાવના સહ આ પત્ર પૂરો કરું છું. ઈરીના હૉફમેનના જયહિંદ


એક ઈટાલિયન પત્રમિત્ર-સંસ્થા

ભાઈ નિરંજન મુનશી (રાધાકૃષ્ણની ચાલ, ત્રીજે માળે, રૂમ નં. ૪૬, ખાડિલકર રોડ, મુંબાઇ-૪) તરફથી ઇટાલીની એક પત્રમિત્ર-સંસ્થાનું આ સરનામું, સંસ્થા તરફથી બહાર પડતા સાઈક્લોસ્ટાઇલ પદ્ધતિથી છપાએલ એક સામયિક સાથે) અમને મળ્યું છે: 'Mediteraneo,' International Exchange & Correspondence Club, Caselle Postale 231, Perugia. વાર્ષિક ફી રૂા. ૨-૮-૦ કે તે કિંમત સુધીનો ટિકિટોનો પૂરો સેટ ભરી તેના સભ્ય બની શકાય છે.

હિંદી પત્રમિત્રો

(225) Mahendra B. Acharya—16, C/o B. V. Acharya, Ganesh Bhavan, Opp. Hathibhai's Wadi, Ahmedabad, Cricket, Stamps, Cinema, Photography; (226) Bharatkumar J. Upadhyaya-22, Achrya Nivas, Station Plots, Gondal (Saur.), Stamps, First Day Covers, Painting; (227) Maheshchandra Indulal Barodia-16, 1268/3 Talia's Pole, Opp. Satya's Temple, Sarangpur, Ahmedabad, Stamps, Coins, View Cards. (228) Narendraprasad Chhaganlal Dhyani—17, Sankdi Sheri, Shamalji Thaver's Pole, Ahmedabad, Reading, Indian Art, Feather Collecting; (229) Kiritkumar C. Shah—16, Post Box No. 518, Poona City, Photography, Swimming, Greeting Cards, Stamps; (230) Maganlal R. Patel—22, 4/330 Barkot Old Kumbharwada, Veraval (Saur.), Reading, Photography, Commerce; (231) Chandrakant Ajmera—16, C/o Bhagwandas Jivraj, Card-Bord Box Manu. Co., Calcutta—7, Cinema, Novels, Cycling, Travelling, Stamps; (232) Ashwin I. Dave—17, Krishnamandir Compound, Potnis Villa, Bhadra, Ahmedabad, Reading. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



વૈશાખ '૮૭
અંક ૭૭

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંનો મે માસ દેશપ્રેમના કેવા જુવાળથી ધમધમતો હતો તેનો ખયાલ આજે કોઈ રીતે આપી શકાય તેમ નથી. ગાંધીજીની દાંડીકૂચે આખા દેશને મીઠાની લડતથી સળગાવી મૂક્યો હતો ને '૩૦ની લડત'ના નામથી ભારતના સ્વાતંત્ર્ય ઇતિહાસમાં અમર થઈ ગએલો એ જુવાળ તેની ચરમ સીમાએ પહોંચ્યો હતો. એવામાં ૧૯૩૦ના એ મે માસની પાંચમીએ અંગ્રેજ સરકારે, દાંડીકૂચ કરતા ગાંધીજીની, રસ્તામાં કરાડી-મટવાડ મુકામે રાતના એક વાગ્યે ધરપકડ કરી. એનું આંખે જોયું બયાન, એ જ ટુકડીમાં કૂચ કરી રહેલા આપણા યુવાન કવિ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીએ 'કુમાર' માટે લખી મોકલેલું તે આપીએ:

"કરાડી-મટવાડ : ૫-૫-૩૦ : રાતનો દોઢ

રાષ્ટ્રના પ્રાણને હમણાં જ વળાવીને લખવા બેઠો છું. અત્યારે દોઢ વાગ્યા છે, મધરાત છે; પણ જાણે ધોળો દિવસ ઊગી નીકળ્યો હોય તેવો ભાસ થાય છે!

પોણા બે વાગ્યે બે મોટી મોટરબસ આવીને બારણે ઊભી રહી. ક્ષણવારમાં તો એક પછી એક ૨૦-૩૦ સિપાહીઓ કૂદી પડ્યા. સુરતના પેલા ગોરા ન્યાયમૂર્તિ કલેક્ટર બ્રેહામ સૌથી આગળ. પાછળ સુપરિન્ટેન્ડેન્ટ મિ. રૉબિન્સન અને આંટિયા. દરવાજા આગળ સૂતેલો રાઘવન્ જાગી ઊઠ્યો અને Who are you? કરતોક ને ગોરા ન્યાયમૂર્તિ સામે આવી ખડો થઈ ગયો. પેલો જવાબ પણ દેવા ન થોભતાં બાપુજીની કુટિર તરફ ગયો.

પહેલાં તો સિપાહીઓએ અમને સૌને ઘેરી લીધા હતા. મેં ધાર્યું કે અમને પણ પકડશે, એટલે બિસ્તરો સંકેલવો શરૂ કર્યો. પણ ત્યાં તો જોયું કે એ લોકો બાપુજીની કુટિર તરફ ધસી રહ્યા છે, એટલે મેં પણ દોટ મૂકી. સિપાહીઓના જોડાના અવાજથી ને રાઘવનની બૂમથી સૌ જાગી ગયા હતા. કમળાબહેન ખુલ્લા આકાશની અનંત આંખોની ચોકી નીચે સૂતેલા બાપુ પાસે દોડી ગયા:

'બાપુ, તમને લઈ જવા આવ્યા લાગે છે.'

'હા. કેમ જશું ને?' બાપુએ માથું પંપાળ્યું. કમળાબહેને 'હા' જવાબ આપ્યો.

'તારે આવવું છે મારી સાથે?' 'હા' બોલ્યાં ત્યાં તો કમળાબહેનની આંખ પાણી આવ્યાં. 'અરે, ગાંડી!' બાપુ એ વાંસામાં બે ધબ્બા માર્યા.

એટલામાં તો ન્યાયમૂર્તિ અને આંટિયા આવી પહોંચ્યા. બાપુ ઉપર ટૉર્ચનો પ્રકાશ ફેંક્યો. બાપુએ મોં ફેરવ્યું. 'I arrest you.' ગોરો બોલ્યો. બાપુ હસ્યા.

'Do you want me?' બાપુજી બોલ્યા.

'Yes, sir.' ગોરાએ જવાબ આપ્યો અને પૂછ્યું, 'તમારું નામ મોહનદાસ કરમચંદ ગાંધી?'

'હા.' બાપુએ જવાબ આપ્યો. ત્યાં તો સિપાહીઓ આવીને ફરી વળ્યા.

'જો તમારે કશો વાંધો ન હોય તો હું દાતણ કરી લઉં?' બાપુએ પૂછ્યું.

'ખુશીથી.' જવાબ મળ્યો. બાપુએ દાતણ મંગાવ્યું. જાણે કાંઈ જ ન બન્યું હોય—જાણે હમેશની માફક ચાર વાગ્યાની પ્રાતરુપાસના માટે તૈયાર થતા હોય તેમ સ્વસ્થતાથી દાતણ કરવા લાગ્યા. 'કાન્તિ!' બાપુ બોલ્યા, 'મારાં કપડાં તૈયાર કર.' 'વાલજી, Young India માટે અધૂરું લખેલું પડ્યું છે; સંભાળી લેજો અને મોકલી દેજો.' દાતણ કરતા જાય અને સ્વાસ્થ્યથી સૂચનાઓ આપ્યે જાય. સામે અમલદારો સ્તબ્ધ ઊભેલા.

'મિ મેજિસ્ટ્રેટ, મને જણાવશો કે મને કયા સેક્શન નીચે પકડવામાં આવે છે?' બાપુજીએ ન્યાયમૂર્તિને પૂછ્યું. ન્યાયમૂર્તિએ વૉરંટ વાંચ્યું. સાર આ હતો: '૧૮૨૭ના રેગ્યુલેશનની ૨૫મી કલમ પ્રમાણે.'

ત્યાં તો આનંદ પત્રોની ફાઈલ લઇને આવી પહોંચ્યો. બાપુ એકેક પત્ર લેતા જાય ને સમજ પાડતા જાય. ત્યાં તો એક પત્ર આવ્યો. 'આ છાપી નાખજો.' બાપુ બોલ્યા. એ કયો પત્ર હશે? જે પત્રમાં લૉર્ડ અરવિનને બાપુએ કેટલીક એવી વાતો કહી છે કે જે તેઓ આખા જીવનમાં ન જાણી શકત.

'વખત છે ને?' બાપુએ પૂછ્યું. 'ના જી.' આંટિયાએ જવાબ આપ્યો, 'આપને એક વાગ્યા પહેલાં પકડી લેવાના છે.'

'ત્યારે પાંચ મિનિટ વધારે. એક ભજન ગાઈ લઇએ. પંડિતજી છે કે?' મહાવીર દોડ્યો અને એકતારો લઈ આવ્યો.




દાંડીકૂચને સ્મરણાંકિત કરતું શ્રી નંદલાલ વસુએ કાષ્ઠમાં કોતરેલું ગાંધીજીનું વૂડકટ ચિત્ર

બાપુ ઊઠ્યા. સૌ એકધ્યાન થયા. પંડિતજીએ શરૂ કર્યું: 'વૈષ્ણવજન તો તેને કહીએ...' વચમાં આદર્શ વૈષ્ણવજન નીચે વદને અંતર્મુખ ઊભા હતા ને આસપાસ સત્યાગ્રાહીઓ ગાતાગાતા '—તેનું દર્શન કરતા કુળ એકોતેર' તારતા હતા.

એટલામાં ગામલોક પણ આવી પહોંચ્યું. પાછલી વાડમાંથી પ્રવેશ કરે ત્યાં તો પોલીસો ગોઠવાઈ ગયા અને તેમને અંદર આવતાં અટકાવ્યા. ગામની સ્ત્રીઓ ગાવા લાગી: 'દાતણ કરતા જાવ રે ગાંધીજી...'

ભજન ખલાસ થયું અને એક પછી એક સૌ એ પતિતપાવનના ચરણોમાં પડવા લાગ્યાં.



નીચે: દાંડીકૂચ દરમ્યાન કરાડી-મટવાડ મુકામે ગાંધીજીની કુટિર, જ્યાંથી બરાબર ૨૫ વર્ષ પહેલાં એમની ધરપકડ થએલી

બાપુ હસતા જાય ને થાબડતા જાય: 'ચાલો, હવે ઉતાવળ કરો; મને જવા દો.' બાપુએ છેલ્લા નમસ્કાર કર્યા. ધીમેધીમે સૌ ખસ્યા. આંટિયાએ હાથ આપ્યો. જાણે ઊલટ આવી હોય એમ બાપુજી ઝપાટાભેર ચાલવા લાગ્યા. સૌ મોટરોની આસપાસ ગોઠવાઈ ગયા. એક ક્ષણમાં તો બાપુજી ખટારામાં ચડી બેઠા ને એક પછી એક અમલદારો ને સિપાહી ખડકાયા. કેટલાક બહાર ટીંગાયા ને ખરર...મોટરો ઊપડી ગઈ. ગામની સ્ત્રીઓ ગાવા લાગી: 'બાપુને શરણે આવજો રે, અવસર છે છેલ્લો, બાપુ ચરણે આવજો રે, અવસર છે છેલ્લો.' એનું શરણ તો નિત્ય રહેવાનું, પણ ચરણ તો હમણાં છેલ્લાં જ સ્પર્શવાનાં.

રાષ્ટ્રપ્રાણને વળાવી સૌ પાછા ફર્યા. બાપુની ખાલી કુટિર ઉપર આંબામાં કોયલ ટહુકતી હતી. એમની ખાલી પડેલી પથારી (The Blessed Bed) જોઇજોઇને સૌ પ્રાર્થનામાં વળ્યાં. પંડિતજીએ ગાયું: 'હમારે...નિર્બલ કે બલરામ...'

ગામ લોકો રડે છે કે અમારા ગામને કલંક ચોંટ્યું. પણ રડવાનું તો આખા રાષ્ટ્રને છે.

નવસારી સ્ટેશનથી બે માઈલ દૂર એક સરસ સલૂન ઊભું રાખવામાં આવ્યું હતું. કોઈને જાણ ન થાય માટે તેમાં બત્તી પણ નહોતી. બાપુને લાવીને તેમાં બેસાડી દીધા.

તાર કરવા માટે છાવણીમાંથી ઘોડો દોડાવવામાં આવ્યો. પણ તેને રસ્તામાં રોકવામાં આવ્યો. દરેક રસ્તે ૨૫-૨૫ પોલીસો ગોઠવી દેવામાં આવ્યા હતા. સ્ટેશન જલાલપુર ને નવસારીની તાર ઑફિસોનો તો ૧૨ વાગ્યાથી કબજો લઈ લેવામાં આવ્યો હતો. સરકારના આ સર્વશ્રેષ્ઠ પરાક્રમનો દેશ શો ઉત્તર આપશે?''

''**આ**જથી પોણા ત્રણસેંક વર્ષ પર ઈટાલીના ફ્લૉરેન્સ શહેરની પાસેના ગામડામાં એક વૃદ્ધ માણસ રહેતો હતો. પોતાને જાણે દુનિયાએ દેશપાર કર્યો હોય તેમ તે પોતાના ઘરમાં જ કેદ ભોગવતો. આજે તે તાવથી શેકાતો પડ્યો હતો. એક વાર તેનામાં એટલું બધું મનોબળ હતું કે જગતના ડાહ્યા ગણાતા માણસોની સલાહને તે હસી કાઢતો. ભલભલા સત્તાધીશોની તેણે દુશ્મનાવટ વહોરી લીધી હતી. પણ અત્યારે તે કંગાલિયત ને દુ:ખમાં સબડતો હતો. એક વાર પોતાનાં તીવ્ર ચક્ષુથી સમગ્ર આકાશનું તેણે ઉત્તમ નિરીક્ષણ કર્યું હતું. અન્ય કોઇ પણ માણસ કરતાં અનેક અદ્ભુતતા તેણે જોઇ હતી. એ જ આંખો અત્યારે અંધ થઈ હતી. ધ્રૂજતા હાથે આ વેળાએ તેણે



ગૅલિલીઓ

નીચેના શબ્દો લખ્યા: 'અરેરે! તમારો આ વહાલો સેવક અને મિત્ર એક મહિનાથી તદ્દન આંધળો બન્યો છે. મેં આ વિશ્વ, આ સ્વર્ગ, આ પૃથ્વી પ્રાચીન કાળના વિદ્વાનોની માન્યતા કરતાં લાખગણાં મોટાં કરી આપ્યાં; તે જ પૃથ્વીમાં આજે હું એક સાડા ત્રણ હાથના ખાડામાં દાટવા માટે આ કલેવર મૂકી જાઉં છું.'

આ કરુણ દૃશ્યનો પાત્ર મનુષ્ય આજે લગભગ ત્રણ સદી પછી વિજ્ઞાનનો એક અમર આત્મા ગણાય છે. આધુનિક જગતની ઘણીખરી અદ્ભુતતા તેના ચપળ બુદ્ધિમાન મગજમાંથી ઉદ્ભવી હતી. આજે તો લગભગ દરેક વિદ્યાર્થી તેનું નામ અને તેણે કરેલાં કામ જાણતો હશે. આ ગૅલિલીઓ વૈજ્ઞાનિક શોધક હતો, જેણે લોલક, થર્મોમીટર ને દૂરદર્શક યંત્રની પ્રથમ શોધ કરી. વળી એ ખગોળવેત્તા પણ હતો. અમાપ આકાશમાં દેખાતા અસંખ્ય તારાઓની અદ્ભુત મહાન વાતો તેણે જ પ્રથમ દુનિયાને કહી. તે તત્ત્વવેત્તા પણ હતો. સદીઓથી જ્ઞાનની પ્રગતિનાં દ્વાર બંધ થયાં હતાં તે તેણે ઉઘાડી નાખ્યાં. અગણિત ગ્રહો અને અનેક સૂર્યોની સૃષ્ટિમાં આ આપણી પૃથ્વી એક નાનો ફરતો માત્ર ભમરડો છે એવો ખયાલ તેણે જ પ્રથમ આપ્યો. પણ આવાં તત્ત્વજ્ઞાનનાં સત્ય શોધીને તે સાબિત કરવાના વિષયમાં અનાદિકાળથી બહુ પ્રતિબંધ મુકાયા હતા. તેને જ્ઞાનપ્રાપ્તિને ખાતર આ બુદ્ધિમાન પુરુષે ઠોકર મારી ફેંકી દીધા. પરિણામે પોતાના આખા જીવન દરમ્યાન તે નિંદા અને તિરસ્કારનો ભોગ થયો, એટલું જ નહિ પણ તેને ઘણુંઘણું દુ:ખ સહન કરવું પડ્યું. આટલું છતાં ભવિષ્યની પ્રજાને સારુ શક્તિ તથા ગતિના નિયમની નવી સમજણ તેણે આપી, જે વગર આ જમાનાની યાંત્રિક અદ્ભુતતા અસંભવિત હતી.''

આવા ઉપાડ સાથે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમારે' શ્રી રવિશંકર સોમપુરાની કલમે લખાએલું ગૅલિલીઓનું જે ચરિત્ર આપ્યું હતું તે આજે તો શિક્ષણમાં આવવાને લીધે ઘણા જાણે છે, એટલે આખું ન ઉતારતાં વાનગી તરીકે તેના બે પ્રયોગો જ ઉતારીએ:

''એક સાંજે પીસાના દેવળમાં ઊંચે લટકતી હાંડી ઝૂલતી તેણે જોઇ. તે હલનચલનમાં જે અંતર કાપતી હતી તે ક્રમશ: ધીમું થતું જતું હતું તે તેણે જોયું. આ પરથી એક ઉપયોગી વાત એકાએક તેને સ્ફુરી આવી. હાંડી ગમે તેટલો મોટો કે નાનો ઝોલો ખાતી હતી, પણ એક પૂરા આંદોલનમાં જતો વખત હમેશાં એકનો એક જ આવતો હતો. આમાં વખત માપવાનો નવો સિદ્ધાન્ત તેને મળી ગયો.

એ વખતનો એક માન્ય સિદ્ધાંત એવો હતો કે પડતા પદાર્થની ગતિનો આધાર તેના વજન પર છે; પદાર્થ જેમ વજનદાર તેમ તે વધુ વહેલો જમીન પર પડે. પણ ગૅલિલીઓએ આ વાત ખોટી છે એવું સાબિત કર્યું.

પીસાના પ્રખ્યાત નમેલા મિનારા ઉપરથી બે પથ્થર તેણે એકીસાથે નીચે ફેંક્યા. આમાંનો એક અઢી મણ વજનનો હતો; બીજો અરધા શેરનો. અચંબાથી સૌ જોઈ રહ્યા કે બંને પથ્થર એકીસાથે જ નીચે પડ્યા અને જમીન પર અફળાયા. પ્રેક્ષકોએ આ પ્રયોગમાં વૈજ્ઞાનિક જ્ઞાનના નવા યુગનો પ્રારંભ જોયો.''

પરંતુ એ અંકની 'માધુકરી'નાં રામનારાયણ ના૦ પાઠકના 'વીર રાજા કુંવરસિંહ'ના ચરિત્રથી તો ઘણા આજે યે અજાણ હશે. જુઓ:

''વિશાળ દાઢી, મારકણી આંખો, પીસેલ જડબાં. એંશી વર્ષના કુંવરસિંહનું લોખંડી શરીર જમને ડરાવે એવું હતું. તેનો જન્મ ૧૭૮૨માં જગદીશપુરની નાનીશી જાગીરમાં થયો હતો. શહેનશાહ શાહજહાંના વખતમાં તેના બાપદાદાને 'રાજા'ના ઇલકાબ સાથે મળેલી આ જાગીર ૧૮૫૭ની સાલમાં જપ્ત થઈ. કુંવરસિંહે તલવાર તાણી ને કેડ બાંધી. પોતાની ભૂમિને પરહાથે જતી અટકાવવા એણે એંશીમે વર્ષે છાતી સુધી ભેટ બાંધીને અંદર બબ્બે જમૈયા ધરબ્યા. દાનપુરના સૈન્યની સરદારી લઇને આરાની છાવણી પર હલ્લો કર્યો. ખજાનો લૂટ્યો ને જેલ તોડી. આરાના કિલ્લામાં થોડું શીખ અને અંગ્રેજ સૈન્ય હતું. ગઢને ઘેરીને કુંવરસિંહે તોપો માંડી. ત્રણ દિવસ ઘેરો ચાલ્યો. ચોથા દિવસે આરા છા-

વાણીની મદદે દાનાપુરથી કપ્તાન ડનબર ત્રણસો ગોરા ને સો શીખ લઈ નીકળ્યો. રસ્તામાં આંબાવાડિયાની ઘટામાં કુંવરસિંહે ચારસો માણસો સંતાડી દીધા. જેવી ડનબરની સેના બાગમાં પડાવ નાખી પડી તેવી જ ઉપરથી ગોળીઓ છૂટી. ત્રણસોથી સાડા ત્રણસો સૈનિકો ત્યાં ને ત્યાં રાત રહીગયા. કપ્તાન ડનબર પણ ખલાસ થઈ ગયો.

પણ જબરી સેના ને તોપો સાથે આરાની મદદે મેજર આયર આવી પહોંચ્યો. મૂઠીભર સૈન્યથી કુંવરસિંહે આઠ દિવસ તેની સામે ટક્કર ઝીલી, પણ છેવટ હઠવું પડ્યું. કુંવરસિંહ જગદીશપુર પાછો ફર્યો. હવે મેજર આયરે જગદીશપુર ઘેર્યું. કુંવરસિંહ રાજકુટુંબ સહિત ત્યાંથી નીકળીને અતરોલિયા પહોંચ્યો. કુંવરસિંહ આવ્યાના ખબર પડતાં જ સરદાર મિલમૅન અતરોલિયા ચાલ્યો. બંને સેના વચ્ચે જંગ મચ્યો. બુઢ્ઢો કુંવરસિંહ તો લડાઇમાં જ ઊછર્યો હતો. એણે મિલમૅનને ચારે કોરથી ઘેર્યો. ચાર કલાકમાં તો મિટ્ટી દાણાદાર કરી નાખી. મિલમૅનનું લશ્કર જીવ લઇને નાઠું ને મિલમૅન મરતાંમરતાં આઝમગઢ પહોંચ્યો. કુંવરસિંહ જેવા કાળા રાજાથી ભાગવા માટે મિલમૅનની મશ્કરી કરતો કર્નલ ડેમ્સ સામે આવ્યો. આઝમગઢ પાસે યુદ્ધ જામ્યું. કુંવરસિંહે ઉપરાઉપરી એવા તો હલ્લા કર્યા કે ડેમ્સ ચકિત થઈ ગયો ને છેવટે એ પણ ભાગ્યો. આઝમગઢ પહોંચતાં તો એને ભોં ભારે થઈ પડી.

આઝમગઢના ઘેરા માટે થોડું સૈન્ય રાખી રાજા કુંવરસિંહ બનારસ ચાલ્યો. કુંવરસિંહના ઉપરાઉપરી વિજયની જાણ થતાં લૉર્ડ કૅનિંગની છાતી ધડકવા માંડી. તુરત સેનાપતિ માર્કને મોટા લશ્કર સાથે કુંવરસિંહ ઉપર મોકલ્યો. માર્ક મૂછે તાલ દેતો આવ્યો: કુંવરસિંહ જેવા મગતરાને મસળતાં કેટલી વાર? એકદમ હુમલો કરવાનો હુકમ છોડ્યો. બંને સેના ભેટી ઘમસાણ થયું. એકાશી વરસનો કુંવરસિંહ પોતાના ધોળા ઘોડા પર વીજળી વેગે ઘૂમવા માંડ્યો. જોતજોતાંમાં તો માર્કની સેના પાછી પડી. માર્ક આઝમગઢ તરફ ભાગ્યો કુંવરસિંહ પાછળ પડ્યો. માર્ક આઝમગઢના કિલ્લામાં પેઠો એવો જ કુંવરસિંહે ગઢને ઘેરી લીધો.

ગોરો સેનાપતિ લગર્ડ માર્કની મદદે આવવા નીકળ્યો. લગર્ડ આવવાની ખબર મળતાં કુંવરસિંહે ઘેરો ઉઠાવ્યો અને પોતાની બાપુકી જાગીર જગદીશપુરમાં હતી ત્યાં પહોંચવા વિચાર કર્યો. રસ્તામાં આડી ગંગા નદી હતી. સેના સહિત ગંગા પાર કરવા કુંવરસિંહ ઝપાટાબંધ નીકળ્યો. રસ્તામાં લગર્ડની સેના મળી.



રાજા કુંવરસિંહ

તાશેરો મચ્યો. લગર્ડ હારીને પાછો હઠ્યો. ત્યાં ડગલસ સામે આવ્યો. એની પણ એ જ દશા. કુંવરસિંહના થોડા હાથી ડગલસને હાથ પડ્યા, પણ કુંવરસિંહ આબાદ છટકી ગયો.

કુંવરસિંહે અફવા ઉડાવી કે પોતે સેના સહિત બાલિયાઘાટ પાસે હાથીઓ ઉપર સેના ઉતારશે. અંગ્રેજ સેના બાલિયાઘાટ ઉપર મોરચા માંડીને પડી. યુક્તિ આબાદ પાર પડી અને અહીં કુંવરસિંહે બાલિયાઘાટથી સાત માઈલ દૂર શિવપુરઘાટ ઉપર રાતોરાત સેના હોડીઓમાં ઉતારવા માંડી. અંગ્રેજ અમલદારોને ખબર પડતાં દોડતા શિવપુરઘાટ આવ્યા. ગંગાના શાંત જળમાં છેલ્લી હોડી મધવહેણમાં ચાલી જતી હતી. એ હોડીમાં સેનાનો પ્રાણ કુંવરસિંહ હતો. આ પારથી ગોરા સેનાપતિએ ગોળીઓ છોડી. સનનનન્ એક ગોળી આવીને કુંવરસિંહના જમણા હાથમાં પેઠી. ઝેરીલી ગોળીનું વિષ સારા શરીરમાં વ્યાપી જાય તે પહેલાં કુંવરસિંહે ડાબે હાથે તલવાર ખેંચી, જમણો હાથ કોણીમાંથી કાપીને ગંગામાં ફેંકી દીધો! સામે પાર જઇને હાથે પાટો બાંધી દીધો. અંગ્રેજ સેના અંધારામાં આંખો ફાડીને આ સાહસ જોઈ રહી!

જગદીશપુરને પાદર જઇ જનરલ લીગ્રૅન્ડની સેના સામે ઘવાએલા કુંવરસિંહે બાથ ભીડી. લીગ્રૅન્ડની સજ્જ, તાજી ને પ્રમાણમાં બમણી સેના ઉપર તે વરુ જેમ તૂટી પડ્યો. બે ઘડી પૂરી ન થઇ ત્યાં તો અંગ્રેજ સેના ભાગવા માંડી. ભાઇ લોકો ડોળીઓ મૂકીને નાસી છૂટ્યા; તરસ્યા સવારો પાણી-પાણી કરીને મર્યા; જનરલ લીગ્રૅન્ડ રણમાં સૂતો. ૧૯૯ ગોરામાંથી માત્ર એંશી જીવતા રહ્યા. બધી તોપો કુંવરસિંહને હાથ પડી.


કુંવરસિંહનો આ અદ્ભુત વિજય ભારતીય ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાયો છે. ફરી એક વાર કુંવરસિંહે પોતાના પિતાની જાગીરમાં સ્વાધીનતાનો ઝંડો ફરકતો કર્યો. પણ એના હાથનો ઘા રુઝાયો નહોતો. વૃદ્ધાવસ્થા, વ્યાધિ અને થાકને લીધે ૧૮૫૮ની ૨૬મી એપ્રિલે રાજા કુંવરસિંહ પોઢી ગયો. પણ પોતાની માતૃભૂમિને સ્વતંત્ર કર્યાનો સંતોષ એના ભવ્ય મુખ ઉપર ઝળહળી રહ્યો હતો.''

'ઉનાળે ઠંડક કેમ જાળવશો' એ મથાળા નીચેના એક નાના લેખમાંની થોડી સૂચનાઓ સાદી પણ સદાની ઉપયોગી છે:

''આ ઋતુમાં ઠંડાં પીણાં બહુ જ અગત્યનો ભાગ ભજવે છે. પણ એ ઠંડાં પીણાં ખરેખર ઠંડક આપે છે શું? આમાંનાં ઘણાં પીણાંમાં ખાંડ મુખ્ય ભાગ ભજવે છે; અને ઘણાને ખબર નહિ હોય કે ખાંડનું કાર્ય તો શરીરને ગરમી પૂરી પાડવાનું છે! આ નવાઈ જેવી વાત જાણ્યા પછી ઠંડા થવા માટે શરબત, આઈસ્ક્રીમ અને કુલફીમલાઈ કોણ લેશે? જે તાત્કાલિક અને કામચલાઉ ઠંડી અસર આ પીણાં ઉત્પન્ન કરે છે તે તો એમાં રહેલા બરફને લીધે હોય છે. પણ તેનો યે પાછળથી પ્રત્યાઘાત થતાં, પહેલાંના કરતાં વધુ ગરમી લાગે છે એ તો સૌને અનુભવ હશે. ખરી રીતે તો ટેટી, તરબૂચ, ફાલસા, લીંબુ, નારંગી, દ્રાક્ષ, કાચી કેરીનું કચુંબર, પાકાં ટમેટાં, મીઠું જીરું નાખેલી પાતળી છાશ, ભાંગનું દૂધિયું વગેરે પીણાં ઠંડી જાળવવા ઉપયોગી થઈ પડે.

કેટલાક માને છે કે ઠંડા પાણીએ નાહવાથી શરીર ઠંડું રહે છે. પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ ખરું નથી. ઠંડા પાણીથી ચામડીનાં છિદ્રો સંકોચાય છે અને અંદરની ગરમી બહાર નીકળી શકતી નથી. ઠંડા પાણીએ નાહવાથી આરામ લાગે છે તે તાત્કાલિક અસર હોઈ, થોડા જ વખતમાં તે શમી જઈ વધુ ગરમી જણાય છે.

આ બાબતમાં એકાદ સૂચના ઉપયોગી છે. જેને બપોરે ઊંઘવાની ટેવ હોય તેણે સાધારણ ઠંડું પાણી રબરની કોથળીમાં ભરી ઓશીકે મૂકી સૂઈ જવું. ઉનાળામાં પહેરવેશ સફેદ રંગનો હોવો જોઇએ, કારણ કે એ રંગ ઓછામાં ઓછી ગરમી ગ્રહણ કરે છે. કાપડનો વણાટ ઓછો અને સૂતર ખૂબ આમળેલું ન હોય તો હવા સારી રીતે આવ-જા કરી શકશે ને ગરમી ઓછી લાગશે.''



જહાંગીરી-ફકીરી : ફકીર બનેલા અમીર પિતાપુત્ર પં. મોતીલાલ અને જવાહરલાલ નેહરુ જેમણે આજથી ૨૫ વર્ષ પહેલાં આંગેનિ પ્રિય એવું અનિકેત વ્રત સ્વીકારી પોતાનો રાજ-શાહી નિવાસ 'આનંદ ભવન' તથા પોતાની સર્વ મિલકત દેશને અર્પણ કરી દીધી હતી.

આને એ વખતે ચાલતી લડતનું મુખ્ય પ્રતીક તો ગાંધીજીએ મીઠાને જ બનાવેલું. મીઠા જેવી, ગરીબમાં ગરીબ માણસ તથા પ્રાણી-વનસ્પતિ સર્વને ઉપયોગી સર્વવ્યાપી વસ્તુ ઉપર પણ કર નાખી બેઠેલી અંગ્રેજ સરકાર પાસે એ કર રદ કરાવવા જ તેમણે દાંડીને દરિયાકિનારે આવેલા મીઠાના અગરમાંથી કર ભર્યા વિના મીઠું ઉપાડી કાયદાભંગ કરવા એ કૂચ શરૂ કરેલી અને દેશ આખામાં હિંદી-માત્રને તેમ કરવા એલાન આપેલું. એ 'મીઠા-ની મહત્તા' ઉપર એક માહિતીપૂર્ણ લેખ ઉચિત રીતે જ એ અંકમાં આપવામાં આવેલો. જુઓ:

"કેટલાક પદાર્થો એવા છે જે અતિ અગત્ય-ના હોવા છતાં, બહુ સહેલાઈથી મળતા હોઇ આપણે એની ખરી કિંમત આંકી શકતા નથી. મીઠું એ આવો પદાર્થ છે. ખોરાકમાં, દવામાં અને હુન્નરઉદ્યોગમાં એનું સ્થાન બહુ ઊંચું છે.

દુનિયાનો મીઠાનો જથ્થો અખૂટ છે. દરિ-યાના પાણીમાં એટલું મીઠું ઓગળેલું છે કે બહાર કાઢી પૃથ્વીની બધી સૂકી જમીન પર પાથરે તો ૪૦૦ ફીટ ઊંચો થર થાય. ખોરાકમાં મીઠું ઉપયોગી છે એ તો સૌ જાણે છે. ઘરગથ્થુ દવા તરીકે મીઠાના અનેકવિધ ઉપયોગ છે. ઢોરના ખોરાક તરીકે, ખાતર માટે, કૂવાનાં જજરૂ બદબો ન મારે તે સારુ અને મરેલાં પ્રાણી દાટતી વખતે મીઠાનો છૂટથી ઉપયોગ થાય છે. આઈસક્રીમ અને બરફ બનાવવામાં પણ એ વપરાય છે. માખણ, ચામડાં, માંસ, માછલી અને અથાણામાં સડો અટકાવનાર તરીકે એ વપરાય છે. હુન્નરઉદ્યોગોમાં પણ મીઠું સૌથી સોંઘો ક્ષાર હોવાથી ઘણી જગ્યાએ વપરાય છે. સાબુના ઉદ્યોગમાં ગ્લીસરીન જુદું પાડવા જથ્થાબંધ મીઠું વપરાય છે. ધોવાનો સોડા, કૉસ્ટિક સોડા, મીઠાનો તેજાબ, સોડિયમ ધાતુ અને ક્લોરીન વાયુની બનાવટમાં મીઠું મૂળ પદાર્થ છે. રંગો બનાવવાના કાર-ખાનામાં પણ મીઠાના વાપર વિના ન ચાલે.

મીઠામાંથી બનતો ધોવાનો સોડા, કાચ તથા સાબુ બનાવવાનાં અને રંગવા તથા નિખારવાનાં કારખાનાંમાં પુષ્કળ વપરાય છે. મીઠાના પાણીમાં વીજળીનો પ્રવાહ દાખલ કરવાથી કૉસ્ટિક સોડા, હાઇડ્રોજન અને ક્લોરિન વાયુ બને છે. કૉસ્ટિક સોડા સાબુ બનાવવા ઉપરાંત બનાવટી રેશમ બનાવવા-માં, નેફથોલ, ઍલિઝરીન ને રીસૉર્સીન જેવા રંગને લગતા પદાર્થો બનાવવામાં, મર્સિરાઇ-ઝડ કાપડ બનાવવામાં, તેલ પેટ્રોલ ને ચરબી સાફ કરવામાં ને કાગળ તથા કાપડની મિલો-માં પણ ઘણાં કામ માટે વપરાય છે. સાબુના ઉદ્યોગમાં મીઠું જે ગ્લીસરીન જુદું પાડે છે તે ડાઈનેમાઈટમાં, દવામાં, છાપખાનામાં ને શૃંગારની કેટલીક વસ્તુઓમાં પણ ઉપયોગી છે.

હાઇડ્રોજન વાયુ બલૂન ભરવા માટે અને વીજળીના ગ્લોબમાં નિષ્ક્રિય વાયુ ભરવામાં ખ-પનો છે. પ્રવાહી તેલમાંથી તે પસાર કરવાથી મીણબત્તી બને તેવી ને બનાવટી ઘી તરીકે વપરાય તેવી ઘટ્ટ ચરબી તૈયાર થાય છે. લોઢા-નાં યંત્રોના તૂટેલા ભાગ સાંધવા (વેલ્ડ કરવા) માટે હાઇડ્રોજન વાયુની જ જ્યોત વપરાય છે.

પીવાના પાણીમાં જંતુનાશક તરીકે મ્યુ-નિસિપાલિટી ક્લોરીન વાયુનો ઘણી વાર ઉપયોગ કરે છે. ચૂનાની સાથે ક્લોરીન મળવાથી બ્લીચિંગ પાઉડર બને છે, જેનો મિલોમાં કપડાં નિખારવા મોટો વપરાશ છે. ક્લોરિન ગંધક સાથે મળતાં સલ્ફર ક્લોરાઈડ બને છે, જે રબરને ગંધકિત કરવામાં વપરાય છે. મોટર-નાં ટાયરો માટે આ ગંધકિત રબર જ વાપરી શકાય છે. મહાયુદ્ધોમાં ક્લોરીનની મદદથી બનેલા પ્રાણઘાતક વાયુઓએ ત્રાહે પોકરાવી હતી. બનાવટી ગળી બનાવવામાં વપરાતો ક્લોર્-ઍસેટિક ઍસિડ પણ ક્લોરીન અને ઍસેટિક ઍસિડમાંથી જ તૈયાર થાય છે. કૉ-સ્ટિક પોટાશ ને ક્લોરીનના સંયોગથી પોટાશ ક્લોરેટ બને છે, જે દીવાસળી દારૂખાનું અને બંદૂકનો દારૂ બનાવવામાં વપરાય છે."

આધુનિક જીવન પર કટાક્ષ કરતી પંચતંત્રની શૈલીએ લખાએલી

પંચતંત્રની વાતો

ઘાણીના બળદની વાત

લેખક · નવનીત સેવક



કોઇ એક ગામને વિષે કોઇ એક વેળાએ નારણ નામે પટેલ વસતો હતો. અતિપ્રયાસે પાંચમા પ્રયત્ને એસ. એસ. સી. પરીક્ષા પાસ થઈ છે જેના વડે, એવા તે પટેલને ત્યાર બાદ પોતાનો ખેતીનો ધંધો કનિષ્ઠ અને ગામડાના ખેડૂતોને છેતરીને પાંચ પૈસા પેદા કરનાર વણિકનો ધંધો શ્રેષ્ઠ લાગ્યો. એટલે, એક વેળાએ જ્યારે પરચૂરણ વેપાર કરનાર ગામના વણિકની દુકાને ખેડૂતો વડે કપાસ તેમજ અનાજના બદલામાં સામાન લઈ જવાતો હતો, વણિક વડે તેલમાં બોળેલા હાથે ગોળ જોખાતો હતો ત્યારે તે નારણ નામે પટેલ વડે તે વણિકને આ પ્રમાણે કહેવાયું: 'હે બંધુ, વૈદના હાથે મરવા કરતાં જેમ ડૉક્ટરના હાથે મરવું ઉત્તમ છે, તેમ ખેડૂતનો ધંધો કરવા કરતાં તમારો ધંધો કરવો વધુ સારો છે. હે મિત્ર! મારો વિચાર તમારા જેવો ધંધો શરૂ કરવાનો છે, તો કૃપા કરીને મને તેના લાભાલાભ સમજાવો.'

પટેલનું આવું ઉદ્બોધન સાંભળીને, દુકાનમાંથી માખીઓ ઉડાડતા તે વણિક વડે આ પ્રમાણે કહેવાયું: 'હે ભાઈ! તારું કહેવું યથાર્થ છે; પરંતુ વેપારીઓને જેમ સેલ્સટૅક્સ નડે છે તેમ અમને પણ આ ગામનો મુખી નડે છે. કહેવત છે કે–

સિનેમા ટિકિટના કાળાબજારિયાને જેમ મેનેજરનો લાગો હોય છે, શહેરમાં ફરતી લારીઓને જેમ એનક્રોચમેન્ટવાળાઓનો લાગો બાંધેલો હોય છે, સટ્ટા-ફીચરિયાઓને જેમ પોલીસનો લાગો હોય છે તેમ ગામડાના વેપારીને મુખીનો લાગો બાંધેલો હોય છે. (૧)

તે માટે હે બંધુ, જો તારે વગર મહેનતે કમાવાનો ધંધો કરવો હોય તો ગામનો મુખી થવા માટે પ્રયત્ન કર.'

તે પછીથી તે વણિકની આપેલી પૈસાની બેવાળી બીડી પીને ખુશી થતા તે નારણ નામે પટેલ વડે ગામના મુખી પાસે જઇને આ પ્રમાણે કહેવાયું: 'હે મુખી, દેવો જેમ વૃત્રાસુરથી ડરે તેમ ગામના લોકો આપ વડે ડરે છે. અમેરિકાની પેઠે આપ પણ અનેક સંધિઓ કરાવો છો, ને અનેક તોડાવો છો. રશિયાની જેમ આપનો વીટો-પાવર પણ અસીમ છે. માટે હે બંધુ! એસ. એસ. સી. પાસ થએલા એવા મારા વડે હવે મુખી થવાનો વિચાર કરાયો છે, માટે આપના આ મુખીપણાના લાભાલાભ મને સમજાવો.'

તે પરથી તે મુખી વડે આ પ્રમાણે કહેવાયું: 'હે નારણ! જો કે યાલ્ટા કરારની જેમ અમારા ધંધાની વાત પણ બહાર પાડવામાં મજા નથી, તોપણ હું તે તને કહું છું તે શ્રવણ કર. હે ભાઈ! ગામડામાં અમે સર્વસત્તાધીશ હોવા છતાં પણ પોલીસ ઈન્સ્પેક્ટરના આગમન વખતે તો અમે પણ સાવ બકરી જેવા થઈ જઇએ છીએ. કહ્યું છે કે–

રૅશનાલિઝેશન આવતાં જેમ મજૂર ગભરાય છે, ટી. ટી. ઈ. આવતાં જેમ (ખુદાબક્ષ) મુસાફર ગભરાય છે, પરીક્ષા આવતાં જેમ વિદ્યાર્થી ગભરાય છે, મહેમાન આવતાં જેમ અમદાવાદી ગભરાય છે, તેમ પોલીસ ઈન્સ્પેકટર આવતાં ગામડાનો મુખી ગભરાય છે. (૨)

માટે કરીને, હે ભાઈ, તારા વડે ગમે તેમ કરીને પોલીસ ઈન્સ્પેક્ટર થવાનું યોગ્ય છે.'

ત્યાર બાદ ફ્રાન્સના પ્રધાનમંડળની પેઠે વિચારો બદલાયા છે જેના, એવા તે નારણ નામે પટેલ વડે, પોલીસ ઈન્સ્પેક્ટર થવાનો વિચાર થયો. તે પછીથી એક વેળાએ જ્યારે ગામમાં પોલીસ ઈન્સ્પેકટરનું આગમન થતાં ઉતારો સજ્જ કરાવાતો હતો, માગી આણેલાં ગાદલાં પથરાતાં હતાં, રાવણિયાઓ વડે દોડાદોડી થતી હતી, કુંભારને ત્યાંથી મફત માટલાં આવી રહ્યાં હતાં અને હજામને ચંપી કરવાની વરધીઓ અપાતી હતી ત્યારે તે નારણ વડે તે ઈન્સ્પેકટર પાસે જઇને આ પ્રમાણે કહેવામાં આવ્યું: 'હે સાહેબ, બેકારોની સંખ્યા જેમ અપરિમિત છે તેમ આપની સત્તા પણ અપરિમિત છે. આપની કૃપા વડે કરીને અનેક કેસો દબાઈ જાય છે અને અકૃપા વડે અનેક નિર્દોષો રહેંસાઈ જાય છે. આવી આપની સત્તાનું વર્ણન સાંભળીને પોલીસ અધિકારી બનવાની આકાંક્ષાવાળો હું આપને આ સંબંધમાં પૂછવા માટે આવ્યો છું.'

તે પરથી તે ઈન્સ્પેકટરે કહ્યું: 'હે મિત્ર! પોલીસ ડિપાર્ટમેન્ટમાં અત્યારે વિનય-સપ્તાહ ચાલતું હોવાથી તારા પ્રશ્નોના ઉત્તર હું શાન્તિથી આપું છું તે તું શ્રવણ કર. હે ભાઈ! વકીલાતનો ધંધો મૂકીને પોલીસ થવું એ કૉંગ્રેસ કારોબારીના સભ્ય મટીને ગવર્નર બનવા જેવું છે. સરકારના અનેક પ્રશ્નોમાં માથું મારતી કારોબારીની જેમ વકીલો પણ પોલીસોનાં અનેક (સારાંનરસાં) કામોમાં માથું મારે છે. કોર્ટમાં અનેક કેસ વખતે અમારે વકીલથી ડરવું પડે છે. કહેવામાં આવ્યું છે કે–

જેમ (અમદાવાદી) કાછિયાને રખડતી ગાયોનો ડર છે, લૅંકેશાયરના કાપડઉદ્યોગને ભારતનો ડર છે, વેપારીને ઇન્કમટૅક્સ અધિકારીનો ડર છે, ફિલ્મનિર્માતાને સેન્સરનો ડર છે તેમ પોલીસના સિપાહીને વકીલનો ડર છે. (૩)'

ત્યાર બાદ તે પોલીસ ઈન્સ્પેકટરની સલાહ ગમી છે જેને, એવા તે પટેલ વડે વકીલાતનું ભણવાનો વિચાર કરવામાં આવ્યો, તથા એક વેળાએ જ્યારે કોર્ટ પાસે 'હાજર હૈ!'ની બૂમો પડતી હતી, બનાવટી જામીન થનારાઓ ઘરાક માટે આમતેમ ફરતા હતા, બોગસ પંચનાં નામોનાં સમન્સો નીકળતાં હતાં, રજૂ કરવા માટે લવાએલા કેદીઓ પાસેથી બીડીઓ માગીને સિપાહીઓ પીતા હતા, તથા રૂઆબવાળા વકીલોને મૅજિસ્ટ્રેટ ધારીને અજાણ્યાઓ વડે સલામો ભરાતી હતી ત્યારે તે નારણ નામે પટેલ વડે એક વકીલ પાસે જઇને તથા તેની દક્ષિણાના પૈસા અપાઇને આ પ્રમાણે કહેવાયું: 'હે સાહેબ, હોલાંડના ડૉકટરો જેમ પુરુષને સ્ત્રી અને સ્ત્રીને પુરુષ બનાવી શકે છે, તેમ આપ પણ સત્યને અસત્ય અને અસત્યને સત્ય બનાવી શકો છો. હે સાહેબ! મારા વડે વકીલાતની પરીક્ષા આપવાનો વિચાર કરવામાં આવ્યો છે તે યોગ્ય છે કે નહિ તે આપના વડે કહેવાઓ.'

તે પરથી તે વકીલે કહ્યું: 'હે બંધુ! ગોવધ સત્યાગ્રહીઓની જેમ તારા મગજમાં અનેક વિચારો આવે તે સ્વાભાવિક છે; પરંતુ અમદાવાદી જીવદયાપ્રેમીઓ જેવી રીતે કૂતરાંને પકડીને બીજાં ગામોની સીમમાં

મૂકી આવે, તેવી જ રીતે તારા મનમાંથી વકીલ થવાના વિચારોને તું કાઢી મૂક, કેમકે સારા નરસાનું જ્ઞાન હોવા છતાં પણ રાષ્ટ્રપ્રમુખની જેમ અમારી પાસે પણ કંઈ કરવાની સત્તા નથી. વકીલોની દલીલ કરતાં મૅજિસ્ટ્રેટના વિચારો ઉપર કેસ વધારે આધાર રાખે છે; માટે વકીલ કરતાં મૅજિસ્ટ્રેટ શ્રેષ્ઠ છે. કહેવત છે કે—

સો ડબા વેજીટેબલ ઘી કરતાં એક ડબો અમેરિકન ઘી સારું છે, સો રૂપિયાના ફીચર કરતાં એક રૂપિયાની (શબ્દ રચના)હરીફાઇ સારી છે,સો ઠરાવ કરતાં એક કાયદો સારો છે અને સો વકીલ કરતાં એક મૅજિસ્ટ્રેટ સારો છે. (૪)

તેથી કરીને હે વીર! જો તારો કોઈ પણ લાઈન લેવાનો વિચાર હોય તો તું ગમે તેમ કરીને મૅજિસ્ટ્રેટ થા અને તારા ઓળખીતા વકીલોના ઉદ્ધાર માટે પ્રયત્ન કર.'

તે પછીથી મૅજિસ્ટ્રેટ થવાની ઉત્કંઠા વધી ગઈ છે જેની, એવા તે નારણ નામે પટેલ વડે એક થર્ડ ક્લાસ મૅજિસ્ટ્રેટના ઘેર જઇને આ પ્રમાણે કહેવાયું: 'હે માન્યવર! હું કોઈ કેસના કામ માટે નથી આવ્યો, પરંતુ સર્વે ધંધાઓમાં મૅજિસ્ટ્રેટ થવું ઉત્તમ છે એ પ્રમાણે સાંભળવામાં આવવાને લીધે તે સંબંધમાં આપની શી સલાહ છે તે જાણવા માટે હું અહીં આવ્યો છું.'

તેનું આવું કથન સાંભળીને તે મૅજિસ્ટ્રેટે તે નારણ નામે પટેલને કહ્યું: 'હે ભાઈ! તારાથી આ પ્રમાણે અહીં અવાયું છે તે યોગ્ય જ છે. જેવી રીતે પરભાષામાંથી ગુજરાતીમાં અનેક અનુવાદો પ્રકટ થયા કરે છે, તેમ મૅજિસ્ટ્રેટોની સત્તા બાબતમાં પણ અનેક અફવાઓ ઊડયા કરે છે; પરંતુ હે બંધુ! ખરું જોઇએ તો અમારા વડે તો કાયદાઓ પ્રમાણે જ ચુકાદા અપાય છે; પણ જેમણે ઊંઘતાં ઊંઘતાં ઘડેલા કાયદાઓનો અભ્યાસ કરીને પિટક્લાસના પ્રેક્ષકની જેમ અમારી ગરદન દુખી જાય છે એવા ધારાસભાના સભ્યો જ ખરેખરા સત્તાવાળા છે. માટે હે મિત્ર! જો તારે આરામ અને પૈસા બંને જોઈતા હોય તો તું ધારાસભાનો સભ્ય થા. કહ્યું છે કે—

ઉમરલાયક કન્યાનો પિતા રાત્રે તેમજ દિવસે જાગે છે; તસ્કર, વેશ્યા ને વિદ્યાર્થી રાત્રે જાગીને દિવસે ઊંઘે છે: પરંતુ એસ. ટી. ના વહીવટકર્તાઓ તેમજ ધારાસભાના સભ્યો તો રાત્રે અને દિવસે પણ ઊંઘે છે. (૫)

તેથી હે બંધુ! તું ખરેખરો સત્તાવાન થવા માગતો હોય તો ધારાસભાનો સભ્ય થવા માટે પ્રયત્ન કર.'

ત્યાર પછી એક વેળાએ રાતની ટ્રેનમાં જ્યારે ઉપર તેમજ નીચેના બર્થ પર બિસ્તરાઓ પથરાતા હતા, સૂતેલાઓ અને બેસનારાઓ વચ્ચે મારામારી થતી હતી, પોલીસો વડે અશુદ્ધ હિંદીમાં ગાળો દેવાતી હતી, ઠરાવેલા ચાર્જ માટે પોર્ટરો સાથે રકઝક થતી હતી તેમજ પાઉડરની ચાના પ્યાલા વેચાતા હતા ત્યારે તે નારણ નામે પટેલ વડે, બંધારણ સભામાં હાજરી આપવા માટે સરકાર તરફથી સેકંડ ક્લાસનું ભાડું મળવા છતાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરતા એક ધારાસભ્ય પાસે જઇને આ પ્રમાણે કહેવાયું: 'હે સાહેબ! આપ તો દેશના ભાગ્યવિધાતા છો. આપ ઊંઘતાં ઘડેલા કાયદા વડે અનેકોની ઊંઘ ઊડાડી દો છો, સિને અભિનેત્રીઓના ચાહકોની જેમ આપની ઓળખાણો પણ અનેક છે, રાજસ્થાનના સીમાલોભની જેમ આપનાં ભાષણો, ઉદ્ઘાટનો અને વચનોને પણ સીમા નથી, અરે હે ભાઈ! આપ તો પાકિસ્તાન ગવર્નર જનરલની જેમ બંધારણમાં પણ સુધારો કરી શકો છો. હે સાહેબ, મારો વિચાર પણ આવતી ચૂંટણીમાં ઊભા રહેવાનો છે, તો તે સંબંધમાં આપની શી સલાહ છે તે આપ મને જણાવો.'

અમદાવાદ-વડોદરા રેડિયો સ્ટેશનોના કાર્યક્રમોના જેવાં આ પટેલનાં વચન સાંભળીને માથું દુખ્યું છે જેનું, એવા તે ધારાસભ્ય વડે ત્યાર બાદ તેને બીજે દિવસે મળવા માટે સમજાવવામાં આવ્યો; પરંતુ તેમ છતાં પણ મુંબાઇ પર દાવો કરતા મહારાષ્ટ્રીઅનોની જેમ તે પણ પોતાની હઠમાંથી ડગ્યો નહિ. આથી તે ધારાસભ્ય વડે તેને આ પ્રમાણે કહેવાયું: 'હે બંધુ, રાજા બનનાર નટની જેમ અમે પણ રંગભૂમિ પર હોઇએ ત્યાં સુધી જ સત્તાવાન હોઈએ છીએ; પરંતુ તે પછી તો અમારાં સગાંને નોકરી અપાવવાની પણ અમારી સત્તા રહેતી નથી. માટે ખરેખર જોઇએ તો જેમના વડે અમે ધારાસભામાં ચૂંટાઈએ છીએ તે ગામડાના કરોડો ખેડૂતો જ સાચી રીતે મહાન છે. તેથી જ કહેવાયું છે કે—

પાટલૂન પટાને આધારે રહે છે, શહેરની સ્ત્રીઓ રામાને આધારે રહે છે, છાપાંવાળાઓ જાહેરખબરને આધારે રહે છે અને ધારાસભ્યો ખેડૂતોના તથા મજૂરોના મતને આધારે રહે છે. (૬)

માટે હે ભાઇ! ખરેખરા મહાન તો દેશના કરોડો ખેડૂતો જ છે'

આ પ્રમાણેનાં તે ધારાસભ્યનાં વચન સાંભળીને, રેલવે કન્સેશન માટે ધક્કા ખાતા યુનિવર્સિટીના વિદ્યાર્થીની જેમ બધે ફરીને નિરાશ થએલા તે નારણ નામે પટેલ વડે ત્યાર બાદ પોતાનો ધંધો સ્વીકારાયો.

સાર: મેલ કરવતિયા કરવત કે પટેલના પટેલ.

નવાં પુસ્તકો


વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ લિ.(૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબાઇ-૨)**નાં પ્રકાશનો: મારી વાર્તાઓ**: ચુનીલાલ મડિયાની ચૂંટેલી બાર નવલિકાઓ, ૧-૮-૦; **અભિષેક**: એ જ લેખકનો 'રંગદા'-નો અનુગામી એકાંકી સંગ્રહ, ૧-૮-૦; **અણુમલ લાખા**: ગુણવંતરાય આચાર્યની રસમય સાગરકથા, ૧-૧૨-૦; **વીજળીનાં અંધારાં** અને **માસ્તર મોહન**: અનુક્રમે જિતુભાઇ મહેતા અને ગુણવંતરાય આચાર્યે લખેલી મૌલિક ને રોમાંચક રહસ્યકથાઓ, મૂલ્ય અનુક્રમે ૨-૮-૦, ૨-૦-૦; **શ્રી રામકૃષ્ણ પરમહંસ**નું વિખ્યાત સાહિત્યકાર રોમાં રોલાંએ લખેલું પ્રેરક ને મનનીય જીવનચરિત્ર, અનુ. ચંદ્રશંકર શુકલ, ૫-૦-૦; **અબ્રાહામ લિંકન**: અમેરિકાના તે રાષ્ટ્રનાયકનું એમિલ લડવિગે લખેલું પ્રેરણાદાયી ચરિત્ર, અનુ. મગનભાઈ નાયક, ૧-૮-૦; **ઠગ**: રમણલાલ વ. દેસાઇની તે નામની નવલનો તેમના પુત્ર અક્ષયકુમારે કરેલો મૂળનાં મૌલિકતા ને રસ જાળવી રાખતો સંક્ષેપ, ૧-૮-૦; **જનમટીપ**: ઇશ્વર પેટલીકરની તે પ્રસિદ્ધ વાર્તાનો સંક્ષેપ, ૧-૮-૦; **કરણઘેલો**: એ પ્રથમ ગુજરાતી ઐતિહાસિક નવલકથાનો કનુભાઇ વોરાએ કરેલો સંક્ષેપ, ૨-૦-૦; **ગોદાન**: પ્રેમચંદજીની આ સર્વોત્તમ હિંદી નવલનો રમણલાલ સોનીએ ગુજરાતીમાં કરેલો સંક્ષેપ, ૧-૮-૦; **કાવ્યલહરી**: તનસુખ ભટ્ટનાં કાવ્યો ને મુક્તકો, ૧-૮-૦;

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય(ગાંધીરસ્તો, અમદાવાદ)**નાં પ્રકાશનો**: **પારિજાત**: પૂજાલાલ દલવાડીનાં કાવ્યો, બીજી આવૃત્તિ, ૪-૦-૦; **જય ભારતી**: ગુણવંતરાય આચાર્યે લખેલી પંચવર્ષીય યોજનાની પ્રેરક કથા, કાચું પૂંઠું ૧-૮-૦, પાકું ૨-૦-૦; **આંગણાની વનસ્પતિ** અને **આંગણાનાં પંખી**નો બાલભોગ્ય શૈલીમાં રસળતો પરિચય, લેખક: મનુભાઈ જોધાણી, બંનેના અલગઅલગ ૦-૧૨-૦; **ખીલેલાં કમળ**: પ્રૌઢશિક્ષણ તેમજ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી રસદાયક વાર્તાઓ, લેખક: મનુભાઈ જોધાણી, ૦-૯-૦.


એન્લાર્જિંગની કેટલીક રીતો

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળા : ૧૩

લેખક • ગોવિન્દ એસ. મેવાડા
(કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ • ગુજરાત કૉલેજ)



આકૃતિ : ૧



આકૃતિ : ૨

નેગેટિવ પરથી વિસ્તૃત છબિ તૈયાર કરવાની રીત જોઈ ગયા. કૉન્ટૅક્ટ પ્રિન્ટ કરતાં તેમાં સગવડ એ છે કે તે વડે છબિમાં ધાર્યું પરિણામ લાવી શકાય છે. 'ચિતારાના હાથમાં પીંછી જે કામ કરે છે તે કામ એક કુશળ ફોટો–ટૅક્નીશિયન એન્લાર્જરથી કરે છે' એમ કહેવામાં કંઇ અતિશયોક્તિ નથી. સિલોનના ખ્યાતનામ ફોટોકલાકાર લાયોનલ વેન્ટના ગુજરી ગયા પછી તેની ડાર્કરૂમમાંથી એક જ નેગેટિવ પર કરામત કરી તેણે એન્લાર્જ કરેલી સંખ્યાબંધ છાપોના ફોટા મળી આવેલા જે સામાન્ય રીતે તે નેગેટિવના જ હશે કે કેમ એમ માનવું ય મુશ્કેલ લાગે! આવી કેટલીક રીતો ટૂંકમાં જોઇએ:

(૧) ઊંચાં મકાનોના તથા એવા કેટલાક ફોટાઓમાં ઊભી (vertical) રેખાકૃતિઓ એકબીજાથી તથા ફોટાની બાજુઓથી અસમાંતર હોય તો આંખને ખૂંચે છે. આવી ત્રાંસી અથવા એકબીજાની સામે ઢળતી રેખાઓને બની શકે તેટલી ઊભી અથવા એકબીજાને સમાંતર કરવા માટે બૉર્ડ પર પડતી છાયાને એક જુદા બૉર્ડ પર ઝીલવી અને તે રેખાઓ સમાંતર થાય અને ફોકસમાં કંઈ ઊણપ ન આવે ત્યાં સુધી બૉર્ડનો અનુકૂળ છેડો યોગ્ય ઊંચાઇ સુધી ધીમેધીમે ઊંચો ઉપાડવો અને પછી તેની નીચે ચોપડીઓ કે એવું કંઇક મૂકી ત્યાં સ્થિર કરી દેવો. જુઓ સામે આકૃતિ : ૧ (એન્લાર્જર ત્રાંસુ કરી શકાય એમ હોય તો તેમ કરીને પણ આવી અસર લાવી શકાય છે.), આકૃતિ: ૨. ત્યાર બાદ બૉર્ડ પર પેપર ગોઠવી એક્સ્પોઝ કરી લેવો. એક્સ્પોઝર આપતી વખતે એટલું યાદ રાખવું કે ઊંચો ઉપાડેલો છેડો નીચા છેડા કરતાં એન્લાર્જરથી વધારે નજીક હોવાથી તે ભાગને ઓછું એક્સ્પોઝર જોઇએ.

એ જ પ્રમાણે ફોટામાં રહસ્યમય અને વિકૃત અસરો ઉપજાવી કાઢવી હોય તો પેપરનો એક ખૂણો કે બાજુ ઉપાડી અથવા વાંકી વાળી એક્સ્પોઝર આપવું. ફોકસમાં ખામી ન આવે તે માટે બની શકે તેટલી નાની ડાયાફ્રામ લગાવવી. આ રીતે છબિમાંની આખી આકૃતિ કે તેના ભાગને લાંબો કે પહોળો કરી શકાય છે. આ રીતની બરાબર ફાવટ આવી ગયા બાદ મનુષ્યાકૃતિવાળા ફોટાગ્રાફોમાં શરીરના ભાગ લાંબા-ટૂંકા કરી ઠઠ્ઠાચિત્રો ઉપજાવી શકાય છે.

(૨) નેગેટિવનો અમુક વધારાનો કે અપ્રિય લાગતો ભાગ ઢાંકી દઈ અથવા એન્લાર્જિંગ વખતે છોડી દઇ બાકીના ભાગનું એન્લાર્જમેન્ટ કાઢી લેવાથી કંઇ જુદી જ અસરવાળી છબિ મળશે. છબિ ત્રાંસી હોય તો યોગ્ય રીતે પેપર ગોઠવી છબિનું બરાબર આયોજન કરી શકાય છે. સામેના કૉલમમાં આપેલો મૂળ પ્રિન્ટ અને તેમાંથી આ રીતે કાઢેલું પોર્ટ્રેટ એન્લાર્જમેન્ટ જુઓ.

(૩) એક જ છબિમાં તેની બારીક વિગતો સ્પષ્ટ કરવા માટે ઘણી વખત એક ભાગને બીજા કરતાં વધારે એક્સ્પોઝર આપવાની જરૂર પડે છે. ખાસ કરીને પ્રકાશવાળા (નેગેટિવમાં કાળાશવાળા) ભાગમાં આવેલી વિગતો સ્પષ્ટ થવા માટે વધારે એક્સ્પોઝર માગે છે. આ વધારાનું એક્સ્પોઝર છાયાવાળા ભાગના ભોગે તો ન જ આપી શકાય, નહિ તો તે ભાગ વધુ ને વધુ કાળાશ પકડતો જાય; પરિણામે, તેમાં રહેલી વિગતો ઘેરાતી જાય. આમ થતું અટકાવવા માટે છબિ અને એન્લાર્જર વચ્ચે યોગ્ય માપ તથા આકારનાં કાણાંવાળું પૂઠું એવી રીતે પકડી રાખવું કે તેમાંથી આવતો પ્રકાશ છબિના પ્રકાશવાળા ભાગ પર પડે અને છાયાવાળો ભાગ પૂઠાની છાયા નીચે રહી પ્રકાશની વધુ અસરથી અલિપ્ત રહે. એક્સ્પોઝર ચાલુ હોય તે દરમિયાન પૂઠું થોડું આમતેમ ઝડપથી હાલતું રાખવું જેથી કાણામાંથી પડતી આકૃતિની આજુબાજુ કાણાની સ્પષ્ટ રેખા જેવું કંઈ ન પડે. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે પૂઠાને બદલે હાથ વડે પણ આમ કરી શકાય. (પાછળ આકૃતિ ૩ થી ૬)






નેગેટિવમાંથી જુદી જુદી ભાગનું એન્લાર્જમેન્ટ કેમ કે હાય તે દર્શાવતાં ચિત્રો. નાના ચિત્રમાં ચોકઠામાંના ભાગનું જ એન્લાર્જમેન્ટ મોટા ચિત્રમાં છે.

છબિના વચ્ચેના ભાગને ઓછો પ્રકાશ આપવાનો હોય તો એક પૂઠાના અથવા પતરાના અનુકૂળ આકારના ટુકડાને ધાતુના પાતળા સળિયા (છત્રીના સળિયો અથવા સાઈકલના સ્પોક ઠીક થઇ પડશે) ઉપર ચોડી દઈ છબિ અને એન્લાર્જરની વચ્ચે પ્રથમની માફક હલાવતા જવું, જેથી સળિયાના પડછાયો છબિમાં અંકાશે નહિ. સાદી પણ ઘણી અગત્યની આ રીતથી છબિના જુદાજુદા ભાગોમાં તેજ-છાયાની અસરો જોઇએ તે પ્રમાણે ઉપજાવી શકાય છે. (આકૃતિ : ૭)

આ બંને રીતો અનુક્રમે 'સ્પૉટ-પ્રિન્ટિંગ' અને 'શેઈડિંગ' તરીકે ઓળખાય છે. પ્રથમ દર્શાવેલી રીતથી જૂના વખતમાં પોર્ટ્રેટની

આકૃતિ : ૩ આકૃતિ : ૪



આકૃતિ : ૫ આકૃતિ : ૭ આકૃતિ : ૬

←બાજુમાં આકૃતિ ૩ અને ૪માં એક્સપોઝર આપતી વખતે છાયાવાળો ભાગ હાથ અથવા પૂઠા વડે ઢાંકી રાખવાની રીત બતાવી છે; આકૃતિ ૫ અને ૬માં છબિની વચ્ચેના ભાગમાં વધુ એક્સપોઝર જરૂરી હોય તો બે હાથ વચ્ચેના પોલાણ અગર કાણાવાળા પૂંઠા વડે તે કેવી રીતે આપી શકાય તે બતાવ્યું છે; અને વચલી આકૃતિ ૭માં છબિની અંદરનો નાનો મોટો કોઈ પણ અચોક્કસ આકારનો ભાગ વધુ એક્સપોઝરથી બચાવી લેવો હોય તો તે ઢાંકવા માટે એક સળિયા પર વિધવિધ આકૃતિઓના પતરાના કટકા ચોડીને બનાવેલાં નાનાવિધ માસ્ક બતાવ્યાં છે.


આજુબાજુનો ભાગ ધીમેધીમે અદૃશ્ય થતો હોય તેવો બતાવવામાં આવતો તેથી ખૂણા તથા કિનારીનો ભાગ ધોળો રહેતો. વિગ્નેટિંગ (Vigneting) તરીકે ઓળખાતી આ રીતથી મોટા પેપર પર નાની છબિ ઊપજતી. અત્યારે આ પ્રથા ગ્રૂપ ફોટામાંથી અમુક એકાદ વ્યક્તિનો ફોટો નેગેટિવ પર કંઈ પણ કરામત કર્યા સિવાય કાઢવો હોય તો અપનાવવી પડે છે. તેથી ઊલટું, આખા ફોટોને યોગ્ય એક્સ્પોઝર આપી વચ્ચેનો અગત્યનો ભાગ ઉપર જણાવેલી બીજી રીત પ્રમાણે ઢાંકી રાખી બાજુઓને વધારે પ્રકાશ આપી કાળી પણ બનાવી શકાય. આ રીતને ફ્લૅશિંગ (Flashing) કહે છે.

(૪) મૉન્ટાજ (Mon'age): એક જ છબિમાં બે અથવા તેથી વધારે નેગેટિવોની અસર ઉમેરી તેમાં નવીનતા લાવવાની આ રીત છે. આમાં, એક નેગેટિવનો જે ભાગ લેવાનો હોય તે ભાગ બોર્ડ પર બરાબર ગોઠવી, તેના સામેના ભાગના માપનું પૂઠાનું અથવા કાળા કાગળનું માસ્ક કાપી, બોર્ડથી લગભગ ત્રણેક ઈંચ જેટલું ઊંચું ગોઠવી દેવું. આ માટે બોર્ડની બંને બાજુ આશરે ત્રણેક ઈંચ જાડા અને આઠ-દસ ઈંચ લાંબા લાકડાના કડકા ઉપર ટકવેલા કાચ ઉપર માસ્ક રાખવું અનુકૂળ પડશે. ત્યાર બાદ તે ભાગને એક્સ્પોઝર આપવું. પછી બીજી નેગેટિવ ભરાવી, તેની બરાબર ગોઠવણ કરી, પહેલાં એક્સ્પોઝ કરેલા પેપરના



ભાગ પર પ્રકાશ ન પડે તે માટે પહેલાં વાપરેલા માસ્કનું પૂરક (complementary) માસ્ક ઉપર પ્રમાણે ગોઠવી એક્સપોઝર આપવું. પેપરને ડેવલપ કર્યા બાદ તેમાં બન્ને નેગેટિવોની ધારી અસર જણાએલી માલૂમ પડશે અને એકમાં બીજી ગોઠવી છે તેવું ખાસ લાગશે નહિ. આ રીતે ફોટાઓમાં ઘણા ફેરફારો કરી શકાય છે: એક વખતે એકના જગ્યાએ બીજાનું માથું ગોઠવી શકાય છે તો બીજી વખતે બાજુમાં બેઠેલી વ્યક્તિ જ બદલી શકાય છે! ખાસ કરીને આ રીત લૅન્ડસ્કેપ અથવા મકાનોના ફોટાઓમાં મોટા ભાગમાં સ્વચ્છ આકાશ આવેલું હોય તો તેમાં વાદળાં ઉમેરવા માટે વપરાય છે. (આકૃતિ : ૮)

(૫) સૉફ્ટ ફોકસ કરવાની રીત: ફોટામાં બહુ કડક ફોકસિંગ હોય તો એન્લાર્જ કરતી વખતે ડીફ્યુઝન સ્ક્રીન (રેડ-સ્ક્રીનની જગ્યાએ) ગોઠવવામાં આવે છે. સપાટ કાચ ઉપર ઉત્તરોત્તર મોટાં થતાં એક-કેન્દ્રી વર્તુળો દોરી આ સ્ક્રીન બનાવેલી હોય છે. તેના બદલે પૂઠાની ગોળ ફ્રેમ-



માં ક્રેપ જ્યૉર્જેટનો કાળો ટુકડો એકસરખા ખેંચી ભરાવી દઈ જાતે સ્કીન બનાવી લીધી હોય તો પણ ચાલે. જ્યૉર્જેટના વણાટની ગોળાકાર અથવા ચોરસ જાળીઓ ભિન્નભિન્ન અસરો ઉપજાવે છે.

(૬) કિનારી: પેપર પર યોગ્ય માસ્ક મૂકવાથી તેની કિનારી ધોળી રહે છે. તે માટે બૉર્ડ પર પેપરની કિનારીને ઢાંકી શકાય તેવી માસ્કિંગ ફ્રેમ પણ આવે છે. તે ઘણી કીમતી હોવાથી તેવી કામચલાઉ ફ્રેમ ઓછી કિંમતમાં જાતે પણ બનાવી લેવડાવાય. (નીચેની આકૃતિ: ૯)

ઘણી વખત કાળી કિનાર વધુ આકર્ષક લાગે છે. તે માટે એક્સ્પોઝ કરેલા પેપરને તેનાથી મોટા સપાટ ગોઠવેલા કાળા કાગળ પર મૂકો, અને પછી પેપરથી મોટા તથા પાસેની બંને બાજુઓ કાટખૂણામાં કાપેલી હોય તેવો એક કાળો કાગળ પેપર પર એવી રીતે મૂકો કે જેથી પેપરની લાંબી અને પહોળી એમ બે કિનારોનો થોડો ભાગ બહાર દેખાય. તેના પર સાવચેતીથી મોટો સ્વચ્છ કાચ (શીટ-ગ્લાસ) મૂકો અને પછી તેને પ્રકાશ આપો. એન્લાર્જરમાંથી પ્રકાશ આપવો ઠીક પડશે. આ પ્રમાણે હવે સામેની બાજુઓની કિનાર ખુલ્લી રાખી ફરી પ્રકાશ આપો. ડેવલપ થયા બાદ ચારે બાજુ સંપૂર્ણ કાળી કિનારી છપાએલી દેખાશે.

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળની શિષ્ટ વાચન પરીક્ષા


આ પાંચમી વખત તા. ૨૫-૯-'૫૫ના રોજ સવારના ૭ા થી ૧૦ા ને સમયે લેવાશે. પરીક્ષા માટે શ્રી ચન્દ્રશંકર શુક્લ કૃત 'સીતાહરણ' પુસ્તક પસંદ થયું છે. જ્યાં પાંચ પરીક્ષાર્થીઓ ઊભા થાય તે ગામમાં એક પરીક્ષા-કેન્દ્ર ખૂલી શકશે. પરીક્ષા-ફી ૦-૪-૦ છે. ઉપલે નંબરે ઉત્તીર્ણ થનારાઓને ઈનામો પણ અપાશે. લખો : શ્રી વ. મૂ. પટેલ, સહમંત્રી, વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ. C/o સેન્ટ્રલ લાઇબ્રેરી, વડોદરા.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષેની માહિતી આપતો વિભાગ



ગયા માસમાં પોતાને ત્યાં ભરાએલી એશિયન-આફ્રિકન પરિષદને સ્મરણાંકિત કરવા ઇન્ડોનેશિયાએ બહાર પાડેલી ટિકિટો ચોડવા માટે એ પરિષદના ભવનનાં ફોટો-પોસ્ટકાર્ડ પણ ત્યાં પ્રકટ થએલાં. આ સામે એ ફોટોગ્રાફ તથા એ ટિકિટ (મોટી કરીને) આપી છે. ફોટામાં ભવન આગળ દેશ-દેશના ધ્વજ રોપેલા છે; ટિકિટમાં એશિયા-આફ્રિકા દર્શાવતા પૃથ્વીના ગોળામાંથી નીકળતાં પ્રકાશકિરણો પ્રતિ જનતા શાન્તિનાં કબૂતર ઉડાડે છે. (કાન્તિકુમાર દોશીના સૌજન્યથી)



એશિયન-આફ્રિકન પરિષદના સ્મરણમાં ઇન્ડોનેશિયાએ બહાર પાડેલી ટિકિટ તથા પોસ્ટકાર્ડ

ઑસ્ટ્રેલિયાની બે નવી ટિકિટો ચિત્રદૃષ્ટિએ નોંધપાત્ર છે. પહેલી ટિકિટ, પોતાની નજીક આવેલા દક્ષિણ ધ્રુવના 'ઍન્ટાર્કટિક' પ્રદેશના સંશોધનની રાષ્ટ્રીય સફર-સંસ્થા 'ઑસ્ટ્રેલિયન નૅશનલ ઍન્ટાર્કટિક રીસર્ચ એક્સપીડીશન્સ'ના માનમાં ફર્સ્ટ ડે કવર સાથે બહાર પડેલી તે આ નીચે મોટી કરીને (રાજેન્દ્ર ભટ્ટના સંગ્રહમાંથી) આપી છે. ટિકિટની વચ્ચે ઍન્ટાર્કટિકના ગોળ નકશાની ચોમેર સંસ્થાનું નામ અને ફરતા વર્તુલમાં એ પ્રદેશનાં જાનવર છે. કવર પરના ચિત્રમાં નીચે દક્ષિણ ધ્રુવ પાસે ઑસ્ટ્રેલિયાની માલિકીના ઍન્ટાર્કટિક પ્રદેશ ઘેરા રંગે દર્શાવ્યા છે. તે ઑસ્ટ્રેલિયાથી કેટલો નજીક છે તેનો ખયાલ ચિત્રને મથાળે આપેલા ઑસ્ટ્રેલિયાના દક્ષિણ ભાગના નકશાથી આપ્યો છે. ડાબી બાજુ સંશોધનનું જહાજ, પેન્ગ્વીન પંખી અને માનવીનાં ચિત્ર છે.

બીજું એવું ચિત્ર ઑસ્ટ્રેલિયા-અમેરિકાની મૈત્રીના સ્મરણમાં આ માસની ચોથી તારીખે બહાર પડેલી ટિકિટનું છે, (નીચે) તેના પર, રાજધાની કૅનબારામાં ગયે વર્ષે રાણી ઈલીઝાબેથે ખુલ્લા મૂકેલા અમેરિકન સ્મરણ-સ્તંભનું આલેખન તથા રાણીનું મ્હોરું છે.

આ માસની ૧૦મી અને ૧૧મીએ સંયુક્ત રાષ્ટ્રસંસ્થા 'યૂનો' તરફથી બહાર પડનારી બે ટિકિટોનાં આલેખન આ સાથે આપ્યાં છે. એ પૈકી પહેલી ટિકિટ યૂનોએ સ્થાપેલી 'આંતરરાષ્ટ્રીય મજૂર સંઘ' સંસ્થાએ કરેલા કામના માનમાં બહાર પડનાર છે, જે પર એ સંસ્થાના ભાવદર્શક ચિત્ર એરણ પર 'યૂનો'નું પ્રતીક છે.

બીજી ટિકિટ 'યૂનો'ની સૌથી અગ્રણી સંસ્થા 'યુનેસ્કો'ની કારવાઇના માનમાં બહાર પડનાર છે. તેમાં વચ્ચોવચ એ સંસ્થાના પ્રતીક 'ડારિક શૈલીના ગ્રીક મંદિર'ની સાદી આકૃતિ છે ને તેના થાંભલાને સ્થાને એ સંસ્થાના નામના પ્રથમાક્ષરોનું આલેખન છે.





સંયુક્ત રાષ્ટ્રસંસ્થા યૂનોની બે નવી બહાર પડેલી ટિકિટો



ઑસ્ટ્રેલિયાની બે નવી ટિકિટો તથા તેનું ફર્સ્ટ-ડે કવર





કલાવાર્તા



યાળી

આ અંકમાં શ્રી ઉમાકાન્ત પ્રેમાનંદ શાહે ગુપ્ત સમય પછીનાં શિલ્પોનું નિરૂપણ કરતા પોતાના લેખમાં 'વ્યાળી' નામના એક 'ગજ-શાર્દૂલ' જેવા મિશ્રિત પ્રાણીનો ઉલ્લેખ કર્યો છે, જેનો આગલો ભાગ હાથીનો અને પાછલો ભાગ સિંહ જેવો હોય. આવા 'સૂંઢાળા સિંહ'ના કાલ્પનિક પ્રાણીને કેટલાંક મધ્યકાલીન સાહિત્ય તથા ચિત્રણોમાં 'કેસરીસિંહ' તરીકે પણ ઓળખાવ્યું છે. જોકે આપણાં સાહિત્ય તથા કલામાં, પશ્ચિમને મુકાબલે, આવાં કાલ્પનિક મિશ્રપ્રાણીઓના બહુ ઓછા પ્રકાર જાણવા મળે છે; છતાં, ધન રાશિના ચિત્રમાં માણસના ધડવાળો ઘોડો, કિન્નરના ચિત્ર તરીકે માણસના મુખવાળું પક્ષી આદિ ઘણાંએ જોયાં હશે.

શ્રી ઉમાકાન્તે જે શિલ્પ પરત્વે આ 'વ્યાળી'નો ઉલ્લેખ કર્યો છે તે વ્યાળીનો સંપૂર્ણતઃ ખયાલ નથી આપતું. આ ઉપર આપેલા તેના સ્પષ્ટ રેખાંકન પરથી જણાશે કે તે સૂંઢવાળા સિંહ કરતાં શીંગડાવાળો સિંહ જણાય છે. વસ્તુતઃ જેને વ્યાળી કે યાળી તરીકે ઓળખવામાં આવે છે તે ગજ-શાર્દૂલની એક સ્પષ્ટ ને મોટી આકૃતિ આ નીચે આપી છે. પશ્ચિમના દેશોમાં આવું એક વિચિત્ર મિશ્ર-પ્રાણી 'Gryphon' તરીકે ઓળખાતું હોઈ આપણે ત્યાંનો આ 'યાળી' અંગ્રેજીમાં Leogryphનું નામ પામ્યો છે. મોટે ભાગે દક્ષિણ ભારતના



શિલ્પમાં તે પુષ્કળ આલેખાયો છે અને તામિલ સાહિત્યમાં પણ તેના ઉલ્લેખો મળે છે, જેમાં તેને કલ્પનાતીત એવી ભાષણ શક્તિવાળા એક રહસ્યમય અલૌકિક પ્રાણી તરીકે વર્ણવ્યો છે. દક્ષિણ ભારતમાં તો ભાગ્યે જ એવી પ્રાચીન ઈમારત હશે જેમાં તેનું આલેખન ન હોય. થાંભલાની કુંભીમાં, ટોડલામાં, ટેકણિયાઓમાં વગેરે સ્થળે તેના ઉપયોગ ઉપરાંત મંદિરોની દીવાલોના કંદોરાઓમાં તો નાનાવિધ લીલા કરતી તેની સંખ્યાબંધ આકૃતિઓ જોવા મળે છે. એમાં ઘણી યે વાર સૂંઢ બિલકુલ નથી હોતી, અને કેશવાળી પણ જવલ્લે હોય છે. કાન ઊભા ને શીંગડાં જેવા તથા દંતૂશળને બદલે સિંહની દાઢો બહાર નીકળીને નીચે લંબાતી દર્શાવેલી હોય છે. આ બધાં મૂળ 'યાળી'નાં વિકૃત સ્વરૂપ છે. તેના ખરા સ્વરૂપનો ખ્યાલ આપતી આ સાથેની આકૃતિ દક્ષિણ ભારતના આર્કટ જિલ્લાના કાવેરીપખ્ખમ મંદિરની એક 'કોણ-શિલા'માં કોતરેલી હતી અને હાલ તે મદ્રાસના સરકારી મ્યૂઝિયમમાં છે.

લોકસાહિત્યમાં આ ભયંકર પ્રાણીનાં વર્ણનો મળી આવે છે અને હાથીને પણ મારી નાખતા પશુઓના સમ્રાટ સિંહને પણ ઝબ્બે કરી શકે એવી પ્રચંડ તાકાત આ 'કેસરીસિંહ'ની વર્ણવી છે. જોકે શિલ્પમાં તેની આ તાકાત વ્યક્ત કરવાનો બહુ અવકાશ ન હોવાથી મોટે ભાગે તે ઉપર કહ્યાં તેવાં સુશોભન તરીકે વપરાયો છે. દક્ષિણનાં મંદિરોમાં કોઈ કોઈ સ્થળે તો શિલ્પીઓની કારીગરી એટલી હદ સુધી પહોંચી છે કે એક જ પથ્થરમાંથી કોતરેલા આવા યાળીના ખુલ્લા મોંની અંદર બે-ત્રણ કે ચાર-પાંચ છુટ્ટા ગોળા એ જ પથ્થરમાંથી એવી ખૂબીથી કોતરેલા હોય કે તમે તેમાં આંગળી નાખીને એ ગોળા આમતેમ ફેરવી શકો!

શિલ્પાંજલિ

એ નામથી, મુંબાઈની કળા-કસબ-શાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના 'ઍપ્લાઈડ આર્ટ' વિભાગના વિદ્યાર્થીઓની 'મજલિસ' તરફથી દર વર્ષે એક વાર્ષિક પ્રકાશન નીકળે છે, જેમાં શાળાના એ વિભાગના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ તથા પ્રગતિનો સચિત્ર ખયાલ મબલખ ચિત્રો દ્વારા આપેલો હોય છે. આ વર્ષે (૧૯૫૫)ના એના અંકમાં એવો ખયાલ આપતાં ૪૦ જેટલાં પોસ્ટર ચિત્રો તથા પચ્ચીસેક પ્રેસ-લેઆઉટ ઉપરાંત લેબલ ડિઝાઇન, ફર્નિચર ડિઝાઈન, પૉટરી વર્ક, બુક જૅકેટ, લેટરહેડ, સીનેમા-સ્લાઈડ, પેન ઍન્ડ ઇંક, પેન્સિલ તથા સ્ક્રેપર-બોર્ડના નમૂના, ફોટોગ્રાફ આદિનાં ચિત્રો આપેલાં છે; અને લેખસામગ્રીમાં પણ ટાઈપોગ્રાફી, લેઆઉટ, કલર ઈન ડિઝાઈન, ડિસ્પ્લે ઈન ઍડવર્ટાઈઝિંગ, ડ્રોઈંગ ફૉર રેપ્રોડક્શન, સ્ક્રેપર બોર્ડ, રફ ટુ ફિનિશ વગેરે વિષયો નિરૂપતાં ઉપયોગી લખાણો છે.

પોતાના વાર્ષિક પ્રદર્શન માટે આ વર્ષે એણે 'પંચવર્ષીય યોજના'નો વિષય આપેલો જે પૈકી શ્રી કે. કે. મેનનની કૃતિ પૂર્ણરંગમાં એ વાર્ષિકના પૂઠા પર છાપેલી છે, તે એમના સૌજન્યથી આ અંકના મુખચિત્ર તરીકે અમે રજૂ કરીએ છીએ. એમાં હવાડા પર બેઠેલાં કબૂતરોથી માંડી, પ્રસન્ન ગાય-વાછરૂ, ફળશાકથી છલકાતા ટોપલાવાળાં ગ્રામજન, ને સુખી ઘરનાં આંગણાની પાર વહેતી તાજા પાણીની નહેર વગેરેના ભર્યાભર્યા સંયોજન દ્વારા ભવિષ્યના ગામડાની સમૃદ્ધિનું આલેખન ભિત્તિચિત્રની સાદી બહોળી શૈલીથી કરેલું છે.

વડોદરાનું કલાવિદ્યાલય

એના અધ્યક્ષ શ્રી માર્કંડ ભટ્ટનો પરિચય આપતાં અમે ઘણા વખત પહેલાં એ વિદ્યાલયનો પણ ઉલ્લેખ કરેલો છે. તે પછી ત્યાંના વિદ્યાર્થીઓનાં 'વૂડકટ' વગેરે પણ અમે પ્રકટ કર્યા છે. આટલાં વર્ષોમાં તેણે એટલી પ્રગતિ કરી છે કે તેના વિદ્યાર્થીઓનાં કામ ભારતમાં માત્ર આંતરદેશીય જ નહિ પણ પરદેશમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યાં છે. ત્યાંનાં ચિત્રો સ્વિટ્ઝર્લૅન્ડના પ્રદર્શનમાં વેચાયાં છે અને અહીં આવેલા જાપાની કલાકાર શ્રી આબેને ત્યાંના વાતાવરણ તથા વિકાસ ખૂબ ગમેલાં. ગુજરાતમાં કલાશિક્ષણનાં સર્વ અંગોને સમાવી લેતી એ એક માત્ર સંસ્થા છે અને વડોદરા યુનિવર્સિટીની ઓથથી તે કાબેલ અધ્યાપકોને અદ્યતન સાધનો ધરાવે છે. ચિત્ર, શિલ્પ, કુંભકારી, વ્યાપારી કલા, મુદ્રણ આદિના તેના કામના ચૂંટેલા છેલ્લા નમૂના હવેના અંકોમાં આપવાની અમારી યોજના છે. બહુધા મૉડર્ન–અદ્યતન–કલા શૈલીથી થતાં તેનાં ચિત્ર તથા શિલ્પના થોડા નમૂના આ સામેના પાના ઉપર આપ્યા છે.









વડોદરા યુનિવર્સિટીના કલાવિદ્યાલયના વિદ્યાર્થીઓની કૃતિઓ–મથાળે (૧) 'ઘરકામ': ભાઈ જે. એમ. ભટ્ટનું, સાદી બહોળી શૈલીમાં ટેમ્પેરા રંગો વડે કરેલું એક આકર્ષક ચિત્ર-સંયોજન: જેમાં ઊભા લંબચોરસ ચિત્રની વચ્ચે ચોકટ આકારે પડેલાં પાથરણાંની આકૃતિને સ્ત્રીપાત્રો તથા બે છેડા પર ડબ્બા તથા પવાલી ખૂબીપૂર્વક ભાંગતાં ચીતરીને રસમય ગૂંથણી કરી છે, અને ઉપરની ખાલી જગ્યાને માટલાં, પંખી તથા ખાંડણીઆ વડે ખૂબીથી ભરી છે. (૨) 'ઘોડા': અદ્યતન શૈલીએ કરેલા આ શિલ્પના વચલા ભાગ બધા પોલા કરેલા હોવા છતાં માત્ર જરૂરી શિલ્પરેખાઓ દ્વારા પણ ઘોડાઓની છટા આણવામાં કલાકારની સફળતા છે. (૩) નીચે: કુંભકારી વિભાગના માટીકામના કેટલાક વિશિષ્ટ ઘાટ. (૪) કેશ-સંમાર્જન: ભાઈ પી. એ. માનગાંવકરનું આ શિલ્પ ૧૯૫૪માં હૈદરાબાદમાં ભરાએલા અખિલહિંદ કલાશાળા પ્રદર્શનમાં તથા દિલ્હીમાં યોજાએલી સમસ્ત ભારત શિલ્પ હરીફાઈમાં ઈનામો જીતી આવેલું છે.

સૌ. રાસ-ગરબાના રાગ ને તાલ



■ શાંતિબહેન બરફીવાળાના તાજેતરમાં બહાર પડેલા સંગ્રહ 'રાસ-કુંજ'ની ત્રીજી આવૃત્તિમાં, આ વિષય પર કરેલી થોડી ચર્ચા નોંધપાત્ર છે. 'જે ગરબે ફરીને તાલબદ્ધ રીતે ગાઈ શકાય તે રાસ' એવો રાસનો વિસ્તીર્ણ અર્થ લઈને સંપાદિત કરેલા આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિમાં લીધેલા ૯૯ કવિ, ૩૩૮ રાસ અને ૨૦૫૧૦ ઢાળથી તથા તેમાં પ્રાચીન તથા અર્વાચીન બધા કવિઓની પ્રતિનિધિરૂપ ચૂંટણી કરેલી હોવાથી તેનું કદ એવડું થયું છે. સ્વ. મેઘાણીએ એને વિષે અગાઉ લખ્યું હતું તે મુજબ 'ગુજરાતી કવિતાના શિખરો કેટલી ઊંચાઈ સુધી વિસ્તરાયા છે, તે નિહાળવા જાણે આપણે એક મિનારા પર ચડ્યા હોઈએ એવું આ સંગ્રહમાંથી દીસે છે.' (પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી લિ. મુંબાઈ ૨; રૂ. ૫-૦-૦)

વસ્તુવૈવિધ્ય, ભાવવૈવિધ્ય અને ઢાળવૈવિધ્યવાળા આવા સમૃદ્ધ સંગ્રહ ઉપરાંત આ ગ્રંથની એક વિશેષતા તેમાંની બે પ્રસ્તાવનાઓ છે. ડૉ. મંજુલાલ મજમુદારે લખેલી ૪૦ પાનાંની એની પ્રસ્તાવના, એ તો અભ્યાસીઓનો આદરપાત્ર બને તેવો 'રાસ, ગરબો અને ગરબી' ઉપરનો એક માહિતીપૂર્ણ નિબંધ જ છે. અને સંગ્રાહિકા બહેને, પોતાની પ્રસ્તાવનામાં રાસના ગેયત્વ પરત્વે વિસ્તૃત ચર્ચા કરી છે. એમાં એમણે આધુનિક યુગની અસર નીચે ગરબા-રાસના પલટાતા સ્વરૂપ વિષે ચેતવણી આપી છે, સંગીતનાં ત્રણે અંગોના નિર્દેશ કરીને ગરબામાં તેનાં કયાં અંગો જરૂરી છે તે દર્શાવ્યું છે અને તાલની ચર્ચામાં 'હીંચ' વિષે જુદાજુદા મતો તારવીને પહેલી જ વાર માહિતીપૂર્ણ સામગ્રી આપી છે. એમાંથી આસ્વાદ્ય ભાગ તારવવા જેવો છે :

"વીસ વર્ષના આ લાંબા ગાળામાં રાસ-ગરબાનાં સાહિત્ય અને સંગીત-બામાં અનેક ફેરફારો થયા છે. એમાં અલ્પજીવી, જનતાના સ્પર્શથી બહુધા વંચિત રચનાઓના ઢગ પણ થયા છે અને ઊંડાણને બદલે વિસ્તારમાં વૃદ્ધિ થઈ છે. રાસપ્રિય બહેનોની રુચિ પણ અન્ય દિશા તરફ ઢળી ગઈ છે. રાસનું જે અગત્યનું અંગ 'નૃત્ત' તે અનેક દિશામાંથી પ્રોત્સાહન મેળવી પ્રધાન અંગ 'નૃત્ય' બનવા માંડ્યું છે, અને પુરોગામી સાહિત્ય તથા તેનું વિશિષ્ટ સંગીત ગૌણ બનતાં ચાલ્યાં છે. દીર્ઘજીવી, હૃદયસ્પર્શી ગરબાને બદલે ક્ષણજીવી ચક્ષુર્ગમ્ય રાસનૃત્યો આદર પામતાં થયાં છે. ગરબાઓ ઢાળના વિશિષ્ટ સ્થાનથી કંઈક ચ્યુત થઈ સંગીતની ઉસ્તાદી 'ચીજ' થવા લાગ્યા છે.

આ વિપ્લવ, કૈંક અંશે આપણી બદલાતી સામાજિક પરિસ્થિતિનું પ્રતિબિંબ છે. ગુજરાત હવે હિંદના બીજા વિભાગો સાથે, તેની વિચારશ્રેણી, તેના સાહિત્ય અને સંગીત સાથે વધારે પરિચિત થયું છે. પરિણામે ગરબા-રાસનું સંગીત હિંદના જુદા જુદા ભાગમાં પ્રચલિત સંગીતરીતિઓથી રંગાયું છે. મનોહારી બંગાળી સંગીત-શૈલીએ એના પર મોહજાળ બિછાવી, સિનેમાના સંગીતે એને ઘેરી લીધું, નવોદિત રાસ-રચનાઓએ એને નવીનતમ ઓપ આપ્યો, ગરબા રાસનું શિક્ષણ આપનારી નવી ખૂલેલી સંસ્થાઓએ, મહિલા મંડળોના ક્લાસોએ, પ્રૅક્ટિસના ગરબાઓએ અને રેડિયોની ગરબાપાર્ટીઓએ આ પ્રવાહમાં જોરદાર વહેણ પૂર્યાં. આ ક્રાન્તિકારી ફેરફારોનો ઉલ્લેખ કરી 'જૂનું તે જ સોનું ને નવું તે બધું ખોટું' એમ કહેવાનો આશય લેશમાત્ર નથી. રાસરસિયણ સૂરીલકંઠી બહેનો તરફથી ગવાતા ગરબા કેટલા બધા મનોરંજક થઈ પડ્યા છે તે તો સર્વવિદિત છે. છતાં જ્યારે એ જ બહેનો જૂના રાસો એના અનુકૂળ ઢાળે ગાય છે ત્યારે જે નૈસર્ગિક અને વિશિષ્ટ આનંદ આપણે અનુભવીએ છીએ તે હાલના ગરબાના સંગીતમય વાતાવરણમાં ગૌણ થઈ જાય છે. જોકે સાક્ષરશ્રી નરસિંહરાવને પણ શાસ્ત્રીય સંગીત તરફ અનન્ય પ્રેમભાવ હતો, છતાં આ વિપ્લવકારી ફેરફારોથી એમને પણ ચિંતા ઊપજી હતી. ગરબાને સંગીતની 'ચીજ' થતી જોવાને તેઓ નારાજ હતા. ગરબામાંનાં 'નૃત્ત' ને 'નૃત્ય'માં ફરી જતું જોતાં તેઓ દિલગીર થતા. ગુજરાતનું 'આગવું' અંગરૂપ ગરબાને જાળવી રાખવાની એમને મમતા હતી. આથી 'ગરબા-રાસમાં સંગીતનું સ્થાન' આ સ્થિતિમાં વધારે ચર્ચા માગે છે.

સંગીત એટલે ગાયન, વાદન ને નર્તન. વાદન ને નર્તનના સુયોગથી ગીત 'સંગીત' થાય. 'ગાયન અને વાદન' એ બે અંગો જ હોય તો પણ તેને સંગીત કહેવાની પ્રથા પડી છે. એ સંગીતના બે પ્રકાર : (૧) પ્રાચીન કાળમાં ઋષિમુનિઓએ જે નિયમબદ્ધ પ્રસ્થાપિત સિદ્ધાન્તાનુસાર આખા દેશમાં એક રૂપે પ્રસરાવેલું સંગીત તે 'માર્ગ સંગીત'; અને (૨) દેશકાળાનુસાર પરિવર્તનશીલ, પ્રચલિત નિયમોથી બદ્ધ પ્રાકૃત સંગીત તે 'દેશી સંગીત'.

'માર્ગ સંગીત'ના છ મૂળ રાગો ભૈરવ, માલકૌંષ, હિંડોલ, દીપક, શ્રીરાગ અને મેઘ સામાન્યતઃ આપણા ગરબામાં આવતા નથી. પણ એ મુખ્ય રાગોની રાગિણી-પુત્ર, પુત્રવધૂ અને પુત્રીઓમાંથી કેટલાંક રાગરાગિણી વિશેષ રૂપે ગરબામાં જોવામાં આવે છે. કેટલાકોની માન્યતા છે કે રાસગરબામાં શાસ્ત્રોક્ત રાગતાલને બિલકુલ સ્થાન જ નથી. પણ આપણું પ્રાચીન રાસસાહિત્ય શાસ્ત્રીય રાગવિહોણું નહોતું. નીચેની પંક્તિઓથી શરૂ થતા જાણીતા પ્રાચીન રાસોનું સંગીત તપાસતાં સહજ જણાશે કે તે શાસ્ત્રીય રાગમાં જ રચાએલા છે :

વા વાયા ને વાદળ ઊમટ્યા	સારંગ દાદરા
આશાભર્યાં તે અમે આવિયાં	ઝીંઝોટી દાદરા
લોચનમનનો રે કે ઝઘડો લોચનમનનો	માઢ દીપચંદી
કહોને, સખિ! કારતક કેમ જશે?	કાફી દીપચંદી
રિસાણાં રસિક સંગાથે રાધા	કાલિંગડા દીપચંદી
સુણ, સાહેલડી રે! મારે નંદકુંવરશું નેહ	ગારા એકતાલ
વનમાં ભૂલી પડી રે, પેલો ક્યાં ગયો કાનુડો!	ગારા એકતાલ
રઘુપતિ રામ! હૃદયમાં રહેજો રે	ખમાચ દીપચંદી
તમે અજાણ્યા, અમે જાણીએ રે	ગારા દીપચંદી
આહિતે આનન્દ, સહિયર! કહું છું રે	દેસ ત્રિતાલ
શહેરના સૂબા ક્યારે આવશો રે?	ઝીંઝોટી દીપચંદી
મા! પાવા તે ગઢથી ઊતર્યા	ભીમપલાસી કેરબા-ધુમાળી

આમ ગરબા-રાસમાં પૂર્ણ સ્વરમાળા નહિ તો પણ અમુક સ્વરો સાથે કેટલાક રાગો ઠામઠામ મળી આવે. આ સાથે રાગનાં કેટલાંક

અંગો, તેના આરોહ-અવરોહ, વિરલ સુકંઠોત્પન્ન શ્રુતિઓ, બે-ચાર સ્વરનાં તાનો, કણ, ગમકના દસપંદર પ્રકારોમાંથી મીંડ કંપ આદિ અને ત્રણ લય વગેરે કેટલેક અંશે ગરબાનાં સંગીતમાં આમેજ થયાં છે. એટલે લોકભોગ્ય દૃષ્ટિએ ઘડાએલા ને મુખપરંપરાથી ચાલી આવેલા ઢાળોમાં 'દેશી સંગીત' ઘણે અંશે જીવંત છે.

સંગીતના બીજા અંગ તાલ સંબંધી ચર્ચા શરૂ કર્યા પૂર્વે નર્તન સંબંધી એક બે વાત સમજી લઇએ. તે માટે 'નૃત્ય' અને 'નૃત્ત' વચ્ચેનો ભેદ જાણી લેવાની જરૂર છે. નૃત્ય એ અભિનય-હાવભાવયુક્ત હોય છે, જ્યારે નૃત્ત અભિનયરહિત. નૃત્ય એ ભાવાશ્રિત (તાલ-લય યુક્ત), અને નૃત્ત તાલ અને લય આશ્રિત. વળી નૃત્યના બે પ્રકાર: 'તાંડવ' અને લાસ્ય'. પ્રથમ પ્રકાર પુરુષસુલભ અને બીજો સ્ત્રીસુલભ છે.

આપણા મૂળ ગરબામાં અભિનયયુક્ત 'નૃત્ય'ને નહિ પણ અભિનયરહિત 'નૃત્ત' ને પ્રાધાન્ય છે; પણ હાલના ગરબા-રાસનો ઝોક છે અભિનયયુક્ત નૃત્ય તરફ, એ આપણે ઉપર જોઈ ગયા.

હવે ગરબામાં આવતા તાલો સંબંધે. ઉપર આપેલાં ઉદાહરણોમાં ગરબાના રાગની સામે તેના તાલ પણ દર્શાવ્યા છે. તે મુજબ સામાન્ય વપરાશમાં દાદરા, દીપચંદી, ધુમાળી વગેરે તાલો નજરે પડે છે. અને અન્ય રાસલેખકોએ પણ એ વાતનું સમર્થન કર્યું છે. પણ માત્ર હીંચ સંબંધી ચર્ચા ઘણાએ છેડયા છતાં હજી અધૂરી રહી છે.

આ વિષય પર વધારે અજવાળું મેળવવાનો થોડોક પ્રયત્ન મેં કર્યો છે.'માર્ગ સંગીત'માં હીંચનો ઉલ્લેખ મળતો નથી, એટલે 'દેશી સંગીત'-સાહિત્યમાંથી જ એ સંબંધી માહિતી મળી શકે. એ તો ચોક્કસ કે હીંચ એ સંગીતના તાલ વિભાગનો વિષય છે. તાલ એટલે કાળનું માપ. મુકરર કાળના માપ અનુસાર તાળી (=બે હાથનો સંયોગ અથવા કોઈ ટકોરો), અને ખાલી (=બે હાથનો મુકરર માપ અનુસાર વિયોગ) હીંચમાં પણ વ્યવસ્થિતપણે મળી આવે છે. પરંતુ પ્રશ્ન એ રહે છે કે હીંચ એ સ્વતંત્ર તાલ છે કે કોઈ એક યા વધુ સ્વતંત્ર તાલોને અમુક ગણતરીએ હીંચને નામે જાણીતું માધુર્ય-કર્ણમધુર ધ્વનિ ઉત્પન્ન કરવાની હસ્તકળા છે?

સંગીતશાસ્ત્રનિપુણ શ્રી બર્વેએ ચાર માત્રાના એકતાલના ૧૧ પ્રકારોમાં માનુષીજાતિ એકતાલ આપ્યો છે. તેમાં લાવણી, ધુમાળી, કેરબા, હીંચ વગેરેનો સમાવેશ કર્યો છે. સ્વ. શ્રી નારાયણ મોરેશ્વર ખરેના 'લોકસંગીત'માં સંગ્રહ કરેલાં ઘણાં ગીતો હીંચનાં છે. ઉદાહરણાર્થે: દળ હાલ્યાં ને વાદળ ઊમટયાં,-તાલ દાદરા; આશાભર્યા તે અમે આવિયાં-દાદરા; આમ એમણે ધુમાળી, દીપચંદી, તીનતાલ, દાદરા વગેરે તાલો આપ્યા છે. છતાં કોઇ પણ ગીત પર હીંચનું નામ આપ્યું નથી.

સૌ. દીપકબા દેસાઈની 'રાસ બત્રીસી'માં કોઈ સંગીતજ્ઞની મદદથી તૈયાર કરેલી સ્વરલિપિ આપેલી છે. તેમાં દીપચંદી, લાવણી, ખેમટો અને હીંચ એટલા તાલનાં નામો ગીતોને મથાળે લખ્યાં છે. માત્ર દાદરા તાલ એમાં નથી, જે ગરબા-રાસમાં સામાન્યતઃ જોવામાં આવે છે. છતાં એમાં દાદરા તાલનાં ગીતો તો છે. તો શું દાદરાને જ હીંચ કહ્યો અને ખેમટાને હીંચથી તદ્દન જુદો તાલ ગણ્યો છે?

જાણીતા તાલ દાદરા સાથેની હીંચની સગાઇ જેમ સહેજે તરી આવે છે તેમ ખેમટા સાથેનો એનો સંબંધ પણ નજદીકનો લાગે છે. આ લેખને મથાળે મૂકેલી આકૃતિમાનાં ત્રણ વર્તુલો દાદરા અને હીંચનો સંબંધ દર્શાવે છે. એમાં

(૧) મધ્યવર્તી વર્તુળ દાદરાના બોલ તાલી (સમ)-ખાલી અને તેના ખંડ બતાવે છે. તે આ પ્રમાણે: ધા ધીં ના | ધા તીં નાં ||
× | ૦

(૨) વચલું વર્તુળ દાદરા તાલને જ કંઈક અલંકારથી સજી રજૂ કરે છે. તે આ પ્રમાણે: ધા ધીં નક | ધા તીં નક ||
× | ૦

(૩) બાહ્ય વર્તુળ હીંચને દર્શાવે છે તે આ પ્રમાણે:

ધીં નક ધા | તીં નક ધા ||
× | ૦

તબલાવાદનમાં નિપુણ ભાઈ શ્રી પરાશર દેસાઇએ મહેનત લઇ આ બાબત પર ઠીકઠીક અજવાળું નાખ્યું છે. એ ભાઈ મને લખે છે કે

'હીંચ તાલના પ્રચલિત બોલ, જે સાધારણ રીતે ગરબા રાસ ઇત્યાદિમાં એટલે કે લોકસંગીતમાં વગાડવામાં આવે છે તે નીચે આપ્યા છે:

* હીંચના બોલ- ધીં ન્ન ધી ન ક | તીં ન્ન તી ન ક | ૬ માત્રા;
× ૦ ૦ ૦ ૦ | ૦ ૦ ૦ ૦ ૦ || બે ખંડ

ઉપર જણાવેલા હીંચના બોલનું વજન, તબલા ઉપર હીંચ બંધ હાથે વગાડવાની ઢબ તાલ ખેમટા સાથે બહુ જ મળતી આવતી હોવાથી ઘણા હીંચની જગ્યાએ તાલ ખેમટો વગાડે છે, જે સ્વાભાવિક રીતે માત્રા અને વજનના હિસાબે હીંચ તાલની જગ્યાએ બરાબર બંધ બેસતો આવે છે. પરંતુ આટલા ઉપરથી જ તાલ ખેમટાને હીંચ તાલ તરીકે જો ઓળખાવવામાં આવે તો તે ભૂલ ગણાય.

ઉદાહરણ તરીકે તાલ દાદરા અને તાલ એકતાલ (દ્રુત, ચલતી) બંનેની માત્રા ૬ હોવા છતાં બંને તાલનું સ્વતંત્ર સ્વરૂપ તો જુદું જ છે. એકતાલની જગાએ દાદરા વગાડીએ કે દાદરાની જગાએ એકતાલ વગાડીએ તો માત્રાની દૃષ્ટિએ કશો ફરક પડતો નથી, પરંતુ બંને તાલનાં અંગ, વજન અને બોલ તો દેખીતી રીતે જ જુદાં હોવાથી એકતાલને દાદરા યા દાદરાને એકતાલ તરીકે ઓળખાવી શકાય નહિ.'

હીંચને અલગ તાલ નહિ માનતાં ખેમટા સાથે એને મેળવી લેનાર પક્ષ પણ સબળ છે. ફેલોશિપ સ્કૂલના સંગીતાચાર્ય શ્રી ભીમરાવ શાસ્ત્રી અને મૉડર્ન સ્કૂલના સંગીતાચાર્ય શ્રી યશવંતરાવ પુરોહિત પોતાના મત દર્શાવે છે કે 'ગુજરાતમાં જેને હીંચ કહે છે તે રૂઢ થએલો પ્રચલિત શબ્દ છે. બાકી હીંચનો તાલ એવો કોઇ શાસ્ત્રીય ઉલ્લેખ નથી. જ્યાં હીંચ કહીએ છીએ ત્યાં વાગે છે ખેમટો, અને એના બોલ છે


ધીડ ન ધીનક તીડ ન તીનક'

આને મળતો મત શ્રી અવિનાશ વ્યાસે પણ 'દૂધગંગા'માં રજૂ કર્યો છે. ડૉ. ભીમભાઈ કૃત 'સંગીત વિદ્યાસાર'માં હીંચને સ્વતંત્ર તાલ કહ્યો છે. અને તેના બે પ્રકારના ઠેકાના બોલ તેમણે તેમાં આપ્યા છે.

આ બધા પરસ્પર વિરોધી દેખાતા વિચારોનો સમન્વય કરી નિશ્ચયાત્મક મત બાંધવાનું મારી શક્તિ બહારનું છે. આ બહુરૂપી, અનેક વેશધારી હીંચની કળાને તેના શુદ્ધ સ્વરૂપમાં લાવી સંગીતના તાલ પક્ષમાં કોઈ નિપુણ વ્યક્તિ તેનો યથાવત્ બોધ કરાવે એ ઇચ્છાથી મેં કેટલોક પ્રયત્ન કર્યો, પણ હજી સંતોષ થતો નથી.

ગરબા-ગરબી, રાસ-રાસડો વગેરે સંજ્ઞાઓનાં મૂળ, રૂઢ અર્થો અને સમજૂતી, તેનો ઇતિહાસ-લતારાસક, દંડરાસક, તાલરાસક આદિ ભેદો, ઉપરૂપક 'હલ્લીશક' સાથેનો સંબંધ, બૅલેડ આદિ પાશ્ચાત્ય લોકનૃત્યો સાથેનું સામ્ય, મહારાષ્ટ્રીય ટીપરી નૃત્ય, તાંજોરની કુંભી પ્રથા, મણિપુરી રાસલીલા અને ભારત નજદીકના બીજા દેશોમાં પ્રચલિત રાસ સાથે સામ્ય ધરાવતાં સંગીત વગેરેની ચર્ચા છૂટક છૂટક થઈ છે; સાહિત્ય પણ ઠીક ઠીક એકઠું થયું છે. હવે એક જ ઠેકાણે સળંગ ચર્ચા, સવિસ્તર અને અધિકૃત નિબંધ રૂપે બહાર પડે એ જરૂરનું છે.''

અમદાવાદ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી રીસર્ચ એસોસીએશન



ઢાકાની મલમલ બનાવનાર આપણો દેશ અનુપમ વણાટના કાપડ માટે સુવિખ્યાત હતો. પૂર્વ-પશ્ચિમના સર્વ દેશો હિંદી કાપડની જે કારીગરીના સૌન્દર્યથી મુગ્ધ બનતા એ કારીગરી કાળબળે મૃતપ્રાય થઈ ગઈ. પરંતુ 'ચક્રનેમિક્રમેણ' ન્યાયે કાપડની બાબતમાં આપણો દેશ પુનઃ પ્રગતિ સાધતો જાય છે.

હિંદના આધુનિક કાપડઉદ્યોગે ગયે વર્ષે પોતાની શતાબ્દી ઊજવી. દેશના અર્થતંત્રમાં આ ઉદ્યોગ ગૌરવવંતું સ્થાન પામી ચૂક્યો છે. પંચ-વર્ષીય યોજનામાં કાપડ-ઉત્પાદનનું જે લક્ષ્ય રાખવામાં આવ્યું હતું તેના કરતાં ૨,૦૫૦ લાખ વાર વધારે કાપડ પેદા થયું છે. આજે સૂતરાઉ કાપડના દુનિયાના ઉત્પાદનમાં હિંદ બીજે નંબરે આવે છે. આપણું કાપડ જાત, ભાત અને ગુણવત્તામાં બીજા દેશોની સાથે હરોળમાં ઊભું રહી શકે છે. મધ્યપૂર્વમાં આપણા કાપડની માગણી સારી રહી છે.

આ સિદ્ધિ એ કંઈ એક દિવસનું કામ નથી. ૧૮૫૧માં કાવસજી નાનાભાઇ દાવર નામના પારસી ગૃહસ્થે સૌપ્રથમ કાપડની મિલ કાઢી ત્યારથી માંડીને અનેક મુશ્કેલીઓ અને હરીફાઇઓમાંથી પસાર થઇને ઉદ્યોગ આ સ્થિતિએ પહોંચ્યો છે. બે વિશ્વયુદ્ધોએ પણ આમાં પોતાનો હિસ્સો આપ્યો છે. મંદીના જમાનામાં પૂજ્ય મહાત્માજીએ શરૂ કરેલી સ્વદેશીની પ્રવૃત્તિએ પણ તેને મદદ કરી છે. આજે આ ઉદ્યોગમાં ૧૧૦ કરોડ રૂપિયા રોકાયા છે. આપણા દેશમાં ૪૫૭ મિલો છે, તેમાં મુંબાઈ રાજ્ય અગ્રે છે. ૬૫ મિલો મુંબાઈમાં, ૭૪ અમદાવાદમાં અને બીજી ૬૧ મિલો રાજ્યના બીજા ભાગોમાં આવેલી છે. બીજા નંબરે મદ્રાસ રાજ્ય આવે છે જ્યાં ૯૩ મિલો આવેલી છે. દેશમાં કાપડના ઉત્પાદનમાં ૧,૧૭,૨૧,૧૩૯ ત્રાકો ને ૨,૦૭,૨૫૦ શાળો કામમાં લેવાય છે. આખા એશિયામાં સૌથી મોટી મુંબાઇની સ્પ્રિંગ મિલમાં લગભગ એક લાખ દસ હજાર ત્રાકો અને સવા ત્રણ હજાર ઉપરાંત શાળો છે. કાપડ ઉદ્યોગ લગભગ આઠ લાખ ઉપરાંત માણસોને રોજી આપે છે.

કોઈ પણ ઉદ્યોગની પ્રગતિ સંશોધન વિના સંભવે નહિ એમાં હવે બે મત છે જ નહિ. અમદાવાદના મિલમાલિકોએ ૧૯૪૪માં આ દિશામાં પગલાં ભરવા માંડ્યાં. કાપડ અંગે સંશોધન માટે પ્રયોગ-શાળા કાઢવાનો વિચાર તેઓએ કર્યો. ઉદ્યોગ અને સરકારના સહકારી પ્રયત્નો વડે યોજાએલી આ સંસ્થા ૧૯૪૭માં રજિસ્ટર્ડ કરવામાં આવી. પરિણામે 'અમદાવાદ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી રીસર્ચ એસોસીએશન' (ATIRA-અટીરા) અસ્તિત્વમાં આવ્યું. ૭૧ મિલો તેની સંસ્થાપક સભ્યો બની અને ૫૦ લાખ રૂપિયાના ભંડોળથી શરૂઆત કરવામાં આવી. હિંદી સરકારે ૧૯ લાખ રૂપિયા તેમાં આપ્યા. સંસ્થાનું ચાલુ ખર્ચ સભ્ય મિલની ત્રાક અને શાળોની સંખ્યાના પ્રમાણમાં વરાડે વહેંચી લેવાય છે, અને સરકાર એટલી બીજી રકમ ગ્રાન્ટ તરીકે આપે છે. હવે સભ્યપદ દેશની બધી મિલો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે ને અત્યારે ૮૧ સભ્યોમાંથી ૧૨ અમદાવાદ બહારની મિલો પણ છે.

અટીરાની પ્રયોગશાળાઓ ગુજરાત યુનિવર્સિટીના કૅમ્પસ પર આવેલી છે. વચલો બ્લૉક લાયબ્રેરી, જુદીજુદી સંશોધન પ્રયોગશાળાઓ, ઑફિસ તથા વર્કશૉપ માટે વપરાય છે. તેના પર ત્રણ માળ આવેલા છે. તેની એક બાજુ પાઇલૉટ મિલ આવેલી છે અને બીજી બાજુ કાફે તથા વ્યાખ્યાનગૃહ છે. આખું મકાન ઍર-કન્ડિશન્ડ છે. આ મકાનનો પાયો સરદાર વલ્લભભાઇએ ૧૯૫૦માં નાખ્યો હતો અને ૧૯૫૪ના એપ્રિલમાં વડા પ્રધાન પંડિત નેહરુએ તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

અટીરાનો સંશોધન-કાર્યક્રમ ઉદ્યોગ તરફથી મળતા પ્રશ્નો પર રચવામાં આવે છે. આ સંશોધન મૂળભૂત, વ્યવહારુ તેમજ કાર્યસાધક એમ ત્રણ રીતે હાથ ધરવામાં આવે છે. સંશોધનનાં પરિણામો જુદી-જુદી મિલોમાં અખતરા માટે આપવામાં આવે છે. આ પરિણામો અટીરાનાં પ્રકાશનો દ્વારા પ્રકટ કરવામાં આવે છે.

અટીરા હાલ આ આઠ વિભાગોમાં વહેંચાએલું છે: (૧) ભૌતિક વિજ્ઞાન, (૨) રસાયન, (૩) આંકડાશાસ્ત્ર, (૪) માનસશાસ્ત્ર, (૫) ટેક્નૉલૉજી, (૬) લાયેસન, (૭) લાયબ્રેરી ને (૮) વહીવટ માટે કાર્યાલય. ભૌતિક વિજ્ઞાન વિભાગમાં તાંતણાની સપાટી પર રંગ અને બીજા રસાયનોની અસર, મર્સરાઈઝ તાંતણાઓ અને તેમના તેજ-ચળકાટનો સંબંધ, ક્ષ-કિરણો વડે તાંતણાઓના અભ્યાસ વગેરે સંશોધન ચાલે છે. આ ઉપરાંત કાપડ-વણાટમાં વપરાતા પદાર્થોના ગુણધર્મો તપાસવા માટે આધુનિક યંત્રો પણ અહીં વસાવેલાં છે.

રસાયન વિભાગમાં સાઇઝિંગને લગતા પદાર્થોનો અભ્યાસ, સભ્ય મિલોમાં પ્રોસેસિંગને લગતી તપાસ વગેરે અન્વેષણ હાથ ધરવામાં આવે છે. ટેક્સ્ટાઈલ ટેક્નૉલૉજી વિભાગ પાઇલૉટ મિલની મશિનરી આવ્યા પછી તાજેતરમાં કાઢવામાં આવ્યો છે. આંકડાશાસ્ત્ર વિભાગ-માં ક્વૉલિટી-કન્ટ્રોલનું કાર્ય ચાલે છે. માનસશાસ્ત્ર વિભાગમાં મજૂર અને માલિકના સંબંધો, મજૂરોની તબિયત પર કામની અસર ઇત્યાદિ પ્રશ્નો હાથ ધરવામાં આવે છે. લાયેસન વિભાગ મિલો, તેના ટેક્ની-શિયનો અને અટીરાના સંશોધકોના પરસ્પરના સંબંધો સચવાય તથા સંશોધનનાં પરિણામોને મિલોમાં તપાસાય એ રીતે કામ કરે છે. આમ અટીરા સહકારનો એક સુંદર દાખલો પૂરો પાડે છે.

અટીરાની સ્થાપના પછી મુંબાઇ અને કોઈમ્બતૂરના મિલમાલિકો-એ પણ આવી સંસ્થા કાઢવા પગલાં ભરવા માંડ્યાં છે એ આનંદની વાત છે. આ બધી સંસ્થાઓના કાર્યની અસર ભવિષ્યમાં આપણા કાપડ ઉદ્યોગ પર થશે એમાં શંકા નથી. પરિણામે કાપડની સુધારણા થાય એમાં દેશને ફાયદો છે. ઢાકાની મલમલની કીર્તિ આપણો દેશ પાછી પ્રાપ્ત કરે એમ ઈચ્છીએ.

નરસિંહ મૂ. શાહ

સુખ અને દુઃખ

દસ સુખ

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા;
ત્રીજું સુખ સુલક્ષણી નાર, ચોથું સુખ કોઠીએ જાર;
પાંચમું સુખ તે ઘરનું નાણું, છઠ્ઠું સુખ તે ઘેર દુઝાણું;
સાતમું સુખ તે આંગણ કૂવો, આઠમું સુખ ઘર એક ન મૂઓ.
નવમું સુખ તે પ્રભુમાં પ્રીતિ, દસમું સુખ તે રાખવી નીતિ.

પહેલું દુઃખ જે બારણે તાડ, બીજું દુઃખ પાડોશી લબાડ,
ત્રીજું દુઃખ વાંસામાં ચાંદું, ચોથું દુઃખ જે બૈરું માંદું.

એ જ રીતે બીજાં દુઃખના પ્રકાર

સાંકડું ઘર ને વચમાં વડ, બાપ મૂરખ ને છોકરો જડ,
ખાવા ન મળે ને મોટું તડ, માથે ભારો ને આગળ દડ.

તાણી બાંધે પાઘડી, દાબી લેવડાવે નખ,
ગાંપી પહેરે મોજડી, એ અણુસરજ્યાં દુખ.

આ માસ (મે) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : વીર સાવરકર



હિંદુ કોમવાદ તરફ ઢળેલા પોતાના વિચારોને લીધે છેલ્લાં વર્ષોમાં પોતાની લોકપ્રિયતા ઓસરી ગઈ હોવા છતાં જે સમસ્ત જીવન દરમ્યાન સ્વાતંત્ર્ય-ચિનગારીના ભવ્ય સ્ફુલિંગ રહેલા છે, તે વીરસાવરકરનો જન્મ ઈ. ૧૮૮૩ની ૨૮મી મેએ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ભંગુર નામના ગામમાં થયો હતો. તેમનું આખું નામ વિનાયક દામોદર સાવરકર. તેઓ થઇને ચાર ભાંડુ : એક બહેન મેના, ને બે ભાઈ. એમનાથી મોટા ભાઈ ગણેશ, ને ત્રીજા ભાઈ નારાયણરાવ તેઓ વિનાયકથી પાંચ વર્ષે નાના. બચપણથી જ સાહિત્યરસિક વિનાયકની વીરરસભરી કવિતાઓ પૂનાથી પ્રકટ થતા 'જગત્‌હિતેચ્છુ'માં છપાતી (અને વખણાતી પણ ખરી), ત્યારે તેમની ઉમર માત્ર દસ વર્ષની હતી! દેશનાં દુઃખદારિદ્રય ફેડવા સ્વતંત્રતા એ એકમાત્ર ઉપાય છે એ વિચાર ત્યારથી એમના બાળમાનસમાં એવાં ઊંડાં મૂળ ઘાલી ઊગી ગયો હતો કે ઈ. ૧૮૯૯ને એક ધન્ય દિવસે સોળ વર્ષના એ કિશોર વિનાયકે વજ્રેશ્વરી માતાને મંદિરે જઈ હિંદમાં સ્વરાજ્ય સ્થાપવાની પ્રતિજ્ઞા લીધી. હવે તેમણે ઠેરઠેર ગુપ્ત સભાઓ ભરી 'પૂર્ણ સ્વરાજ્ય'ની ચળવળ આરંભી દીધી. એવામાં પિતાને મરકી લાગુ પડતાં તેમનું અવસાન થયું. બે ભાઇઓ પણ આ રોગમાં સપડાયા, પરંતુ પ્રભુકૃપાએ બચી જવા પામ્યા. વર્ષના દસ માસ સ્વાતંત્ર્ય-ચળવળ પાછળ ગાળનાર વિનાયક છેલ્લા બે માસ જ પરીક્ષાનું ભણતા, ને એ રીતે ૧૯૦૧માં મૅટ્રિક થઇને તે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થયા. કૉલેજમાં પણ તેમણે સ્વાતંત્ર્ય-પ્રવૃત્તિ જારી રાખી. પરદેશી વસ્ત્રોનાં ગાડાં ભરીને લોકમાન્ય ટિળકની દેખરેખ નીચે તેમણે જ તેની ભારતમાં પહેલી હોળી સળગાવેલી.

દેશને પરદેશી પકડમાંથી છોડાવવા તેમણે 'અભિનવ ભારત સભા' નામની ગુપ્ત સભા સ્થાપી. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં આ સભાની શાખાઓ સ્થાપતા જતા. દિવસે દિવસે તેની સેંકડો શાખાઓ સ્થપાઈ ગઈ. દરમ્યાન ઈ. ૧૯૦૬માં તેમણે મુંબાઈ આવી એલએલ. બી.ની પરીક્ષા પાસ કરી.

બાદ તેઓ આગળ અભ્યાસ માટે શ્યામજી કૃષ્ણ વર્માની સ્કૉલરશિપ મેળવી વિલાયત ગયા. દુર્દમ સ્વાતંત્ર્યઝંખા-પ્રેર્યા સાવરકરે અહીં પણ સ્વદેશી અને સ્વરાજની ચળવળ ચાલુ રાખી. અહીંથી તેમણે 'જોસેફ મેઝિની'નું સ્વાતંત્ર્ય-પ્રેરક ચરિત્ર લખ્યું, જે સરકારે જપ્ત કર્યું. પછી તો ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધનો સળગતો ઇતિહાસ લખવાનું તેમણે શરૂ કર્યું. સરકારને તેની ગંધ આવતાં તે પુસ્તકને તો તેણે એ પ્રકટ થાય તે અગાઉ જ જપ્ત કર્યું. આખા જગતમાં પુસ્તક લખાઇ રહ્યા પહેલાં જપ્ત થયાનો કદાચ આ પહેલો જ પ્રસંગ હશે! લંડનમાં પણ તેમણે 'અભિનવ ભારત'ની ગુપ્ત સભા સ્થાપી અને સાથોસાથ 'ફ્રી ઇન્ડિયા લીગ' નામની જાહેર સભા પણ ઊભી કરી, જે દેશ-સેવાનું ખુલ્લેખુલ્લું કામ કરતી. હવે તેમણે મરાઠી ભાષામાં 'શીખોનો ઇતિહાસ' લખવા માંડ્યો, તેને યે સરકારે જપ્ત કર્યો.

ઈ. ૧૯૦૬માં તેઓ બૅરિસ્ટર થયા, પણ વકીલાતની સનદ માગતાં તેમની આગળ પહેલી શરત એ મુકાઈ કે સ્વરાજની સઘળી જ ચળવળ છોડી દેવી. પણ વીર સાવરકરે તો તેને બદલે વકીલાત જ છોડી દીધી! દેશને માટે ધીકતી કોર્ટ-કારકિર્દીનો ભોગ આપનાર તેઓ હિંદના પહેલા બૅરિસ્ટર હતા.

દરમ્યાન 'અભિનવ ભારત સભા'નાં પુસ્તકો છાપવા બદલ તેમના વડીલ ભાઈ ગણેશને જન્મકેદની સજા થએલી. પછી નાના ભાઇ નારાયણરાવને વાઇસરૉય પર બૉંબ ફેંકવાના ગુનાસર અટકમાં લેવામાં આવ્યા, અને 'અભિનવ ભારત સભા' હથિયારો લાવીને સરકાર સામે કાવતરું કરે છે' એ આરોપસર સરકારે લંડનમાં એમની પણ ધરપકડ કરી. ત્યાંથી તેમને હિંદ લાવવા કડક બંદોબસ્ત નીચે સ્ટીમર દ્વારા રવાના કર્યા, પણ રસ્તામાં જ એ સ્ટીમરના જાજરૂના બાકોરામાંથી છટક્યા અને મહાસાગરમાં ભુસકો મારી તરતાતરતા પૅરિસ પહોંચ્યા! અહીં અંગ્રેજ પોલીસે તેમને ચોર જાહેર કરી ફ્રેન્ચ પોલીસ પાસે તેમની ધરપકડ કરાવી, અને કડકમાં કડક બંદોબસ્ત નીચે હાથે લોખંડની મજબૂત બેડી પહેરેલા સાવરકરને હિંદ લાવી, કાળાં પાણીની સજા કરી, બ્રિટિશ સરકારે ૧૯૧૧માં આંદામાન મોકલી દીધા. ત્યાંથી ૧૯૨૪માં પાછા તેમને હિંદ લાવી રત્નાગિરિમાં કેદ રાખ્યા, પણ પછી મુંબાઈના ગવર્નરની ભલામણથી તેમને મુક્ત કરી રત્નાગિરિમાં માત્ર નજરકેદ રાખવામાં આવ્યા. ત્યાંથી તેમની મુક્તિ થઈ ત્યારે દેશે તેમને ઊલટથી વધાવી લીધા.

જેલનિવાસ દરમ્યાન તેમણે પુષ્કળ ઓજસ્વી લેખનકાર્ય કર્યું : 'મારી જન્મટીપ' એ તેમની લેખનકારકિર્દીના સીમાસ્તંભ સમું પુસ્તક છે. કાવ્ય, નાટક, નવલકથા, આત્મચરિત્ર, નિબંધ, ભાષાસાહિત્ય આદિ સર્વ સાહિત્ય-પ્રકારોનું તેમણે સફળ ખેડાણ કર્યું છે. મરાઠી ભાષાશુદ્ધિના તેઓ પુરોધા છે.

દિનવિશેષ

તા. ૧ દુનિયાભરના મજૂરોની જાગૃતિનું મહાપર્વ 'મે દિવસ.'
તા. ૨ યુરોપની અસાધારણ વિભૂતિ લીઓનાર્દો-દ-વિન્ચીનો જન્મ, ૧૪૫૨.
તા. ૬ કવિવર ટાગોર યોજિત 'વિશ્વભારતી' સંસ્થાની સ્થાપના, ૧૯૨૨.
તા. ૮ ૧૮૫૭ના બળવામાં સર હ્યુ રોઝે તાત્યા ટોપેને કુંચ મુકામે હરાવ્યો, ૧૮૫૭.
તા. ૧૦ બીજા મહાયુદ્ધની વિષમ પળે ઇંગ્લંડને ઉગારવા ચર્ચિલ વડા પ્રધાન બન્યો, ૧૯૪૦.
તા. ૧૪ માનવતાવાદી મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઈનનો જન્મ, ૧૮૭૯.
તા. ૨૪ કલકત્તાના નવાબ સિરાજુદ્દૌલાએ કાસિમબજારની અંગ્રેજ કોઠી જીતી લીધી, ૧૭૫૬.
તા. ૩૦ ફ્રાન્સની મુક્તિદાત્રી જોન ઑવ આર્કને અંગ્રેજોએ જીવતી બાળી મૂકી, ૧૪૩૧.

ક્રૉમવેલના મૃત્યુ પછી ઈંગ્લંડમાં રાજાશાહીની સ્થાપના : ૨૯મી મે ૧૬૬૦

ઈંગ્લંડના રાજા પહેલા ચાર્લ્સે કરેલાં આપખુદ કામોથી પ્રજા એટલી કોપાયમાન થઈ કે ઈ. ૧૬૪૨માં રાજા અને પાર્લમેન્ટ વચ્ચે આંતરવિગ્રહ શરૂ થયો, જેમાં ઉમરાવો ને ધનિકો રાજાને પક્ષે હતા. પણ સમર્થ વ્યવસ્થાકાર ને મહાન નેતા ઑલિવર ક્રૉમવેલે પાર્લમેન્ટને પક્ષે રહીને પોતાના 'પ્યુરીટન' લશ્કર વડે રાજાને હરાવી કેદ કર્યો, ને તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

ક્રૉમવેલના દક્ષ અમલ દરમ્યાન ઈંગ્લંડનું સામર્થ્ય વધ્યું પણ ૧૬૫૮માં તેના મરણ પછી પ્રજાતંત્ર પૂરાં અગિયાર વરસ પણ ન ટક્યું. પહેલા ચાર્લ્સનો પરદેશ ભાગી ગએલો પુત્ર બીજો ચાર્લ્સ લાગ જોઈ ઇંગ્લંડ આવ્યો. લોકોએ તેને વધાવ્યો અને તેનો રાજ્યાભિષેક કર્યો, ૨૯મી મે ૧૬૬૦. એ ચાર્લ્સ બીજો ચારિત્ર્યહીન હોવા છતાં પાર્લમેન્ટનો વધુ પડતો વિરોધ ન કરવા જેટલો ચતુર હતો. પણ ક્રૉમવેલે ઇંગ્લંડને મેળવી આપેલી પ્રતિષ્ઠા તે સાચવી શક્યો નહિ.

શેરીનો રાજા (અનુસંધાન પૃષ્ઠ ૧૯૯થી)

ભાલુએ વાત બદલતાં કહ્યું, 'જિજાજી, બજારમાં આવો છો કે?'

અમે બંને બજારમાં ઊપડ્યા. મોતી સાથે આવ્યો ન હતો એટલે મેં પૂછ્યું, 'કેમ ભાલુ, મોતી ક્યાં છે?'

તેણે કહ્યું: 'બોલાવ્યા વગર તે ક્યાંય બહાર આવતો-જતો નથી.'

તા. ૬ઠ્ઠી મે ૧૯૫૧

આજે માધવ આવ્યો હતો. મોતીને જોતાં જ તે બોલ્યો, 'કેમ રે, ગાજરપારખુ! મિત્ર ગયા પછી તો તું રત્નપારખુ થઈ ગયો કે શું?'

'કેમ, વળી?' તેના તરફ જોતાં હું આશ્ચર્યથી બોલ્યો.

'પેલા જંગલી મોતીને છોડી આ 'ટૉમી' ક્યારથી પાળ્યો?'

હું ખડખડાટ હસી પડ્યો. માધવ મારા તરફ આશ્ચર્યથી જોઈ રહ્યો. મેં કહ્યું: 'મહાશય, સુકાઈ ગએલા જામફળ જેવા મોઢાવાળો અને ચુસાઈ ગએલી શેરડી જેવા શરીરવાળો મોતી તે આ જ!'

ચા પીતાંપીતાં માધવ કંઈ ન બોલ્યો. પછી તેણે હસતાંહસતાં કહ્યું, 'ખેર, એ જવા દે. પરંતુ એ તો કહે કે તેં મોતીને કેવા પ્રકારની 'ટ્રીટમેંટ' આપી હતી?'

'તેનો યશ મને મળે તેમ નથી. એનો અધિકારી તો તારી ભાભી છે.'

'નર્યું જૂઠું.' ખુરશી ઉપર બેસતાં વીણા બોલી.

'તો ભાલુ?' માધવે પૂછ્યું.

'નહિ, નહિ, તેનો યશ ખુદ મોતીને જ જાય છે.' ભાલુએ કહ્યું.

'એટલે?' માધવે ફરી પૂછ્યું.

'દરરોજ સવારે મોતી ફરવા જાય છે. એમ જ તે દોડતાં શીખ્યો. તાર પરથી કૂદવાની કળા પણ તેણે જાતે જ સાધ્ય કરી. ભસ્યા વગર, શેરીનાં બીજાં કૂતરાંને અને ચાર ભિખારીઓને ડરાવવામાં પણ તે પોતે જ કુશળ બન્યો. આજે એ 'શેરીનો રાજા' કહેવાય છે.'

'શ્રીમાન મોતી મહાશય, હાર્દિક અભિનંદન!' મોતીને થાબડી, અને અમને નમસ્કાર કરી માધવ ગયો.

તા. ૧૦મી મે ૧૯૫૧

આજે પાંચ દિવસથી હું મોતી વિષે વિચારી રહ્યો છું. જાતવંત કૂતરાના ગુણ મોતીમાં આવ્યા છે. તેણે પ્રયત્નપૂર્વક તે આણ્યા છે; તો બીજા કૂતરાઓ કેમ ન લાવી શકે?

વફાદારીની જે ભાવના કૂતરાઓમાં હોવી જોઈએ તે મોતીમાં છે. મોતીએ પ્રયત્નપૂર્વક એ ગુણ કેળવ્યા છે. એક વાર જીવવું કેમ, એ સમજ્યા પછી આપણે સુદ્ધાં યશસ્વી જીવન જીવવા માટે જરૂરી ગુણ પ્રયત્નપૂર્વક સાધ્ય કરી શકીએ કે નહિ?

બધાની એક જ ફરિયાદ છે કે મોતી ભસતો નથી. એટલે મોતીને ભસતાં આવડતું નથી એમ નથી; પરંતુ ફાલતુ ભસીને તે પોતાના અસ્તિત્વની જાણ ને પોતાની વફાદારીનું પ્રદર્શન બીજાને કરવા ઇચ્છતો નથી. ઇનામદારનો સુંદર ટાઈગર, ખાનસાહેબના શિકારી જૅન ને મિ. લૉકહોમના બ્લડહાઉન્ડ ટૉમની સરખામણીમાં મોતી કોઈને કરડ્યો નથી કે ભસીને કોઈને ડરાવ્યા નથી.

તા. ૧૫મી મે ૧૯૫૧


અમારા ઘરની પાછળની ગલીમાં આજ સવારે દસ-પંદર પેટીઓ પડી હતી. તેમાંની એક પેટી ઉપર મોતીનો મૃતદેહ પડ્યો હતો! તેનું સુંવાળું શરીર ચાર-પાંચ લાંબા છૂરાઓથી વીંધાઈ ગયું હતું. તેના મોઢામાં કોઈ માણસની એક આંગળી તેના દાંત વચ્ચે સખત રીતે પકડાઈ ગઈ હતી. બધી પેટીઓ લોહીથી ખરડાએલી હતી. ચોરો નાસી ગયા હતા, પણ એક આંગળી વિનાના પકડાએલ ચોરે બીજા ચોરોને પણ પકડાવી દીધા હતા. પોલીસે, ને લોકોએ મારાં વખાણ કર્યાં. કૂતરો મારો હતો, તેથી જ હું જ મોતી માટે રડ્યો.

હું રડ્યો! મને દુઃખ થયું, સાથે મને મારા કૂતરા માટે ગૌરવ પણ થયું. પણ મોતી,... તને બેવકૂફ, આડંબર કરતાં આવડતો ન હતો. તું શીખ્યો માત્ર કર્તવ્ય બજાવતાં જ?!

તારું મૂંગું બલિદાન માણસજાતને કંઈ શીખવશે?

જયંત વ્યાસ

(શ્રી પ્રહ્લાદ ગણેશ બાપટની મૂળ મરાઠી વાર્તા ઉપરથી અનુવાદ)



જરીક પતને પ્રવૃત્તિ માહતી બની જાય છે!
જરી જરી કરી સમુદ્ર સરી સ્વર્ગથી જાહ્નવી,
જરીક સરણું જ પાપ ભરખી જતું ભૈરવી
બરી ભડ સ્વરૂપ; તુંગતમ શૃંગથી થાય છે
જરીક માહીં પાત ખીણ માહીં પ્રાણહારી નર્યા :
સદૈવ સ્થિર સાવધાન જન પાર છે ઊતર્યા.

['કેસૂડાં'માંથી] —પૂજાલાલ

બ્રિટનના નવા વડા પ્રધાન સર ઍન્થની ઈડન

વિશ્વના રાજકારણમાં એક ચોંકાવનારો પ્રસંગ ગયા મહિનાની પાંચમીએ બન્યો. બ્રિટનના વિચક્ષણ રાજપુરુષ સર વિન્સ્ટન ચર્ચિલે વડા પ્રધાનપદેથી રાજીનામું આપ્યું. સદીઓ સુધી બ્રિટનની શાસનધુરા ચર્ચિલ સંભાળે તો ય બ્રિટનને તે ઓછું પડે એટલી જરૂરિયાત ચર્ચિલની બ્રિટનને છે. પરંતુ ચર્ચિલે છેક સુધી વહ્યા કરેલો અતિ કપરો કાર્યભાર જોતાં (અને તે પણ ૮૦ સાલની જૈફ વયે) હવે વિશ્રામ તેને જરૂરી હતો.

એમને સ્થાને આવનાર ઈડન સ્વભાવે એમનાથી લગભગ વિરુદ્ધ લાગે. પણ ઈડનની તાકાત તેમની ધીરજમાં છે. તેમની ચોખ્ખી વિચારાવલિ અને ઠંડી ન્યાયિતા સાથે સત્વસ્પર્શિતા અને ધૃતિ દૂધમાં સાકર જેમ ભળેલી છે. ચર્ચિલ જેવી પ્રભાવશાળી વક્તૃતા તેમને નથી વરી, પરંતુ પાર્લમેન્ટની વિવિધ આયોજનપદ્ધતિઓમાં તેઓ અદ્ભુત કૌશલ્ય ધરાવે છે.

પરાપૂર્વથી રાજકારણમાં રસ લેતા આવતા કુટુંબમાંથી ઈડન આવે છે. અઢારમી સદીમાં ચાર ઈડન ભાઈઓ(ઍન્થનીના પૂર્વજો)માં એક પાર્લમેન્ટનો સભ્ય હતો, બે અન્ય દેશોના એલચી હતા ને ચોથો સ્વાતંત્ર્ય માટેના મેરીલૅન્ડના એક અમેરિકન યુદ્ધનો ગવર્નર હતો.

લંડનની શાળામાંથી શિક્ષણ લઈને ઈડન પહેલા મહાયુદ્ધમાં જોડાયા, જેમાં તે મિલિટરી ક્રૉસ જીતેલા અને તેમાં જ આગળ વધતા રહી મેજરના હોદ્દા સુધી પહોંચેલા. બાદ તેઓ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં દાખલ થયા, જ્યાં પૂર્વદેશોની ભાષાઓના વિષય પર તેઓ અપ્રતિમ પ્રભુત્વ ધરાવતા. ઈ. ૧૯૨૩માં તેમણે પાર્લમેન્ટમાં પ્રવેશ મેળવતાંની સાથે જ કૂદકે ને ભૂસકે આગળ વધવા માંડ્યું અને ૧૯૩૧માં તો પરદેશખાતાના અંડરસેક્રેટરી થયા. ૧૯૩૪માં તેઓ 'લીગ ઑવ નેશન્સ'-ની બહારની પ્રવૃત્તિઓ ખાતે ઉપાધ્યક્ષ હતા. ત્યારે સેક્રેટરીને મળતા દરેક જાતના હક્કો તેમને આપવામાં આવેલા. ત્યાં જીનિવામાં તો તેમની કારકિર્દી સોળે કળાએ ખીલી ઊઠેલી. ૧૯૩૫માં તેઓ બ્રિટનના પરદેશખાતાના સેક્રેટરી નિમાયા ત્યારે, એ પદે સળંગ એક આખી સદી સુધી આવેલી વ્યક્તિઓમાં તેઓ સૌથી નાના હતા. અને ત્યારથી આજ લગભગ પા સદી સુધી તેમણે બ્રિટનનું પરદેશખાતું સંભાળ્યું છે.



'ઍબિસીનિયા સાથે તડજોડ કરી શંકાપાત્ર બનવા કરતાં તો હું રાજીનામું જ આપીશ' એવા પોતાના નિશ્ચયને તેમણે ૧૯૩૫માં અમલમાં મૂક્યો. આ નૈતિક હિંમત તે તેમની સમગ્ર રાજકીય કારકિર્દી દરમ્યાનનાં સીમાચિહ્ન માંનું

આપણાં પ્રાણીઓ : ૮


શાહુડી

કોઈના માથાના જાડા ને ઊભા રહેતા વાળને જે 'શાહુડીનાં પીંછાં (શિશોળિયાં)'ની ઉપમા આપણે આપીએ છીએ એ શાહુડી ભાગ્યે જ કોઈએ જોઈ હશે. સર્વ સ્થળે મળી આવતા આ પ્રાણીનું મોં સસલા જેવું, ચારે પગે પાંચ પાંચ આંગળાં ને આંગળાંને છેડે તીણા નહોર હોય છે. આગલા પગ હાથની ગરજ સારે : ખિસકોલીની પેઠે તે વડે ખાવાનું પકડીને પાછલા પગ પર બેસીને તે મઝાથી ખાય. મોં પર લાંબી મૂછો. શરીર બેએક ફૂટ લાંબું અને ઘેરા તપખીરિયા કે કાળા રંગનું, પૂંછડી ટૂંકી. ગળા પર આછો સફેદ પટો. શરીર પર શિશોળિયાં — લાંબાં અણીદાર ને ધોળા રંગનાં, ક્વચિત્ વચ્ચેવચ્ચે કાળા પટાવાળાં; કોઈનાં ધુમાડિયા રંગનાં પણ ખરાં.

કરોળિયા કરતાં શતગુણ પ્રબળ પુરુષાર્થવાળી શાહુડી પ્રયત્ન કરતાં કદી થાકે નહિ, વરસોનાં વરસો સુધી તેના પ્રયત્નો ચાલુ રહે. સ્વભાવે નિશાચર. આહાર માંસનો નહિ, વનસ્પતિનો : કંદમૂળ, ઝાડનાં છાલપાંદડાં ને ફળફૂલ. એટલે ખેતીને તે ભારે નુકસાન કરે. ચાલે ત્યારે શરીર પરનાં શિશોળિયાં ખખડે. છુપાવાની દરકાર નહિ. ચિડાય ત્યારે સામે મોંએ તે નથી લડતી, પણ પાછા પગે દોડતી-દોડતી માણસ કે જનાવરના પગ વચ્ચે આવીને પેસી જાય છે, અને એના બરડાના પાછલા ભાગનાં અને થાપા પરનાં જાડાં ને મોટાં શિશોળિયાં જોરથી વાગી શરીરમાં પેસે છે. શરીરમાં પેઠેલાં એનાં એ તીક્ષ્ણ શિશોળિયાં તરત વીણી લેવામાં ન આવે તો ચાલીએ તેમ ઊંડા ઊતરતાં જાય.

કોઈ ટેકરાની ઓથે ભોંયમાં દર કરીને રહેનારા એ પ્રાણીને બેચાર બચ્ચાં આવે. જન્મે ત્યારથી જ દેખતાં, ઉંદર પેઠે આંધળાં નહિ.

(શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી તારવીને)



એક ગણાય છે. જર્મનીના નાઝીવાદને નરમ પાડવા મથતા નેવિલ ચેમ્બરલેઈનના પ્રધાનમંડળ દરમ્યાન તેઓ લગભગ રાજકારણથી નિવૃત્ત રહેલા, પરંતુ બીજું મહાયુદ્ધ સળગી ઊઠતાં જ રૂઢિચુસ્ત સરકાર વતી તેમને દરિયાપારનાં સંસ્થાનોના સેક્રેટરી તરીકે બોલાવવામાં આવ્યા. યુદ્ધની શરૂઆતની આફતો આવી પડવા બાદ ચર્ચિલે જ્યારે જવાબદારી સંભાળી ત્યારે ફરી ઇડન પરદેશખાતાના મંત્રીપદે આવ્યા અને રૂઢિચુસ્ત પક્ષના નેતાઓ જ્યારે ૧૯૫૧ની ચૂંટણી જીત્યા ત્યારે આપમેળે એ ખાતાના તે પ્રધાન બન્યા.

ગઈ સાલ ભરાએલી જીનિવા-પરિષદમાં તેમની સફળ વાટાઘાટ-પદ્ધતિએ હિંદી ચીનના પ્રકરણનો અંત તાહફૂબીથી આણ્યો. લાંબા સમય સુધી ગૂંચવાતા રહેલા સુએઝ નહેર કટિબંધ પરના તેલના પ્રકરણનો ઉકેલ પણ ગયે ઉનાળે તેમના જ અધ્યક્ષપણા નીચે આવ્યો. ફ્રાન્સે 'યુરોપિયન ડીફેન્સ કમિટી'નો બહિષ્કાર કર્યો ત્યારે તેમણે જ જર્મનીના પશ્ચિમી રક્ષણ મોરચાનો કોયડો ઉકેલવાનો પ્રારંભ કરેલો.

મધુર, શાંત ને શરમાળ પ્રકૃતિનો અને ઈંગ્લંડમાં શ્રેષ્ઠ પોષાક પહેરનાર ગણાતો ફાંકડો ઇડન બ્રિટિશરોનો એટલો તો લાડીલો છે કે તેને 'પ્રિન્સ ચાર્મિંગ'નું હુલામણું બિરુદ મળ્યું છે. પહેલું લગ્ન નિષ્ફળ ગયા બાદ લાંબે સમયે હમણાં ૧૯૫૨માં તેમણે સર વિન્સ્ટન ચર્ચિલની ભત્રીજી ક્લૅરિસ્સા ચર્ચિલ સાથે બીજું લગ્ન કર્યું છે. પરદેશનાં ઘણાં પર્યટનોમાં ઈડનને તેમનાં પત્નીએ સાથ આપ્યો છે. સૌજન્યશીલ રહેણીકરણી તેમને બહુ ગમે છે. ચિત્રકળાના તેઓ શોખીન છે ને નામી કલાકારોનાં અનેક ચિત્રોનો સંગ્રહ તેમની પાસે છે.

મિસરના સૂત્રધાર : અબ્દુલ ગમાલ નાસિર

નવેમ્બર ૧૯૫૪ના પહેલા અઠવાડિયામાં મિસરના પ્રધાન મંત્રી નાસિર સિકંદરિયા શહેરના માનશિયા ચોકમાં લગભગ ૩ લાખ દેશબાંધવોને સંબોધી રહ્યા હતા: 'આજથી ૨૪ વર્ષ પહેલાં એક દિવસ આ જ ચોકમાં મેં પહેલી વાર અંગ્રેજ-વિરોધી દેખાવોમાં ભાગ લીધેલો; ત્યારે મેં મારી આ સગી આંખે આપણા અનેક દેશબાંધવોને અંગ્રેજી ગોળીઓના શિકાર થતા દેખ્યા હતા, પરંતુ...' હજી વાત પૂરી પણ ન થઇ ત્યાં તેમનાથી ચાલીસેક ફૂટ દૂર બેઠેલા કોઈ એક હિચકારાએ રિવૉલ્વરમાંથી ગોળીઓ છોડી. ધાંય...ધાંય કરતી આઠ ગોળીઓનો અવાજ રેડિયો દ્વારા આખા મિસરમાં ગાજી ઊઠયો. વક્તાની ઉપર લટકતાં વીજળિક દીવાનાં ઝૂમખાં ચૂરેચૂરા થઈને મંચ પર ફસડાયાં. તુર્ત આજુબાજુથી અનેક માણસો પ્રધાન મંત્રીને એક બાજુ ખસેડવા કોશિશ કરવા લાગ્યા. પચ્ચીસ પચ્ચીસ વર્ષ સુધી ગોળીઓ સાથે ખેલ ખેલનાર નાસિર તો દેશ-દર્દે ભર્યા અવાજે બોલ્યે જ જતા હતા: 'સ્વતંત્ર દેશવાસીઓ! મારું લોહી તમારે માટે છે, મારું જીવન તમારા ઉપર ન્યોચ્છાવર છે!' આ દુર્ઘટનાએ મિસરની સૈનિક ક્રાંતિના સૂત્રધાર અબ્દુલ ગમાલ નાસિરને, એમનાં દેશપ્રેમ અને કર્તવ્યનિષ્ઠાને જનતામાં પ્રકટ કરી દીધાં. સિકંદરિયાથી કાહિરા પાછા ફરતાં સ્ટેશન પર લાખોની ભીડે 'યાહિશ ગમાલ'(ગમાલ ઝિંદાબાદ)ના ગગનભેદી પોકારો વડે તેમની વધતી જતી લોકપ્રિયતાને પુષ્ટિ આપી.

અડગ દેશપ્રેમી નાસિરમાં યોજના ઘડવાની અને તેને કાર્યરૂપમાં પરિણત કરવાની અસીમ શક્તિ હોવા છતાં ડોળ-દેખાવો કરીને જાહેર જીવનમાં ઝંપલાવતાં તેઓ હમેશ ખચકાયા છે. આ સંકોચશીલ સ્વભાવને લઈને જ મિસરના ભ્રષ્ટાચારી શાસક ફારુકને દેશનિકાલ કરવાની પોતાની યોજના ફળીભૂત થવા છતાં શાસનદોર સંભાળવા માટે તો તેમણે એક અન્ય વ્યક્તિને જ ચૂંટી, અને તે હતા જનરલ નજીબ. આખી દુનિયા અને ખુદ મિસરની જનતા પણ જનરલ નજીબને જ એ



સફળ ક્રાંતિના સૂત્રધાર માની બેઠી. પણ પડદા પાછળના નાસિરના મહાન વ્યક્તિત્વ પર,—જે હરરોજ ૨૦ કલાક અથાગ પરિશ્રમથી વાસ્તવમાં રાજકાજ સંભાળી રહ્યા હતા, કોઈની દૃષ્ટિ ન પડી: તે છેક ત્યાં સુધી કે લોકપ્રિયતાની મધલાળે ખુદ નજીબને જ ભ્રમમાં નાખી દીધા. તેઓ પણ પોતાના રાજનૈતિક અસ્તિત્વના વાસ્તવિક આધારરૂપ કર્નલ નાસિરને ભૂલી જઇને બધી જ સત્તા પોતાને હાથ કરવાની વેતરણમાં પડ્યા. ક્રાંતિ અને તે પછીના શાસનનું સંચાલન કરનારી સંસ્થા 'રેવૉલ્યુશનરી કમાન્ડ કાઉન્સિલ' પાસે તેમણે હજી પણ વિશેષાધિકારની માગણી કરી. તે ન મળ્યો તો પોતે રાજીનામું આપશે એવી ધમકી પણ આપી. દૂરદર્શી નાસિર હવે આ પરિસ્થિતિ વધુ સહન ન કરી શક્યા. એમની સૂક્ષ્મ બુદ્ધિએ જનરલ નજીબની નબળી બાજુને પારખી લીધી. રાજ્યને આપખુદ તંત્રમાં ઘસડાતું બચાવવા તેઓ રાતભર પોતાના સાથીદારો સાથે વિચારવિમર્શ કરતા રહ્યા.

બીજા દિવસનું પ્રભાત ખુલતાં જ નજીબની આંખ પણ ખૂલી ગઇ, અને સડક પર છાપાંવાળાની બૂમ સંભળાઈ: 'નજીબના રાજીનામાનો સ્વીકાર. કર્નલ નાસિર પ્રધાનમંત્રી બન્યા.' ઘટનાચક્રની આ તીવ્ર ગતિ સાથે જનતા પણ તાલ ન મેળવી શકી. રાષ્ટ્રની પરોક્ષ તાકાત સમા નાસિર જ્યારે પ્રત્યક્ષ રૂપે તેની સામે પ્રકટ થયા ત્યારે તે તેમને ઓળખી ન શકી. કાહિરામાં તેમનો વિરોધ કરતા દેખાવો થયા. એક લશ્કરી ટુકડીએ પણ વિદ્રોહ કર્યો. નાસિરે પરિસ્થિતિની નાડ પારખી લઇને જનરલ નજીબને તત્કાળ સંદેશો મોકલ્યો: 'હું પ્રધાનમંત્રીપદે ચાલુ રહું તો શું આપ રાષ્ટ્રપતિપદનો સ્વીકાર કરશો?' નજીબનો જવાબ હકારાત્મક હતો. પ્રજાકીય શાંતિ અને રાજકીય સહકારે દેશના રૂંધાઇ ગએલા નવનિર્માણને નવો જ વેગ આપ્યો.

મિસરને રાજાશાહી શાસનમાંથી મુક્તિ અપાવનાર આ કર્નલ નાસિરનો જન્મ ઈ. ૧૯૧૮ની ૧૫મી જાન્યુઆરીએ બેનીમૂર ગામના ટપાલમાસ્તરને ઘેર થયો હતો. પિતાએ આઠ વરસના ગમાલને ભણવા માટે કાહિરા મોકલ્યો. એ જ વર્ષે ગમાલની વહાલસોયી માતાનું અવસાન થતાં ત્રણે પુત્રો સાથે પિતા પોતે જ કાહિરા આવી વસ્યા. ગમાલને તેની મા પ્રત્યે અનહદ વહાલ હતું. મા ચાલી જવાથી તેના બાળમાનસમાં વિરક્તિનો ભાવ ઊભરાઈ આવ્યો. આ જ ભાવે ગમાલના ભાવિ જીવનમાં ઈમાનદારી, આત્મ-સંમાન, નિઃસ્વાર્થતા આદિ ગુણોને જન્મ આપ્યો. હવે તેમના હૃદયમાંનું માતૃસ્નેહનું સ્થાન દેશપ્રેમે લીધું. અંગ્રેજવિરોધી દરેક દેખાવમાં તે વિદ્યાર્થીઓની નેતાગીરી સંભાળતા અને 'વિદ્યાર્થીમંડળો' બનાવી દેશના ત્યારના આગેવાનોને ઘેર જઈ દેશને ખાતર તેમને સંગઠિત થવાની માગણી પણ કરતા!

અદ્ભુત સંગઠનશક્તિ અને સુંદર સ્વાસ્થ્ય ધરાવતા સત્તર વર્ષના વિદ્યાર્થી ગમાલે મૅટ્રિક પાસ કરીને કાહિરાની સૈનિક અકાદમીમાં પ્રવેશ મેળવ્યો. અહીં તેના ચારિત્ર્યનો એક વધુ ગુણ પ્રકાશમાં આવ્યો, અને તે દૃઢ નિશ્ચય. ન્યાયપ્રિય બુદ્ધિથી પોતે એક વાર જે નિશ્ચય કરી લીધો તેને પાર પાડવામાં જ પછી તે મંડી જ પડતા, પછી તે ભલે કોઈ દેશદ્રોહીને ઉડાડી દેવાનો હોય, કે સુએઝ નહેરના ક્ષેત્રમાંથી

અંગ્રેજ સેનાઓને હાંકી કાઢવાની હોય. ફોજમાં અફસર બન્યા એટલે તેમણે પોતાના સમાનશીલ અફસરોની ખોજ આરંભી. આ પ્રયાસમાં માદરે વતન પ્રત્યે સાચી તમન્નાવાળા અનવર અલ્સાદાત, જકરિયા મોહિયુદ્દીન અબ્દુલ હકીમ અમર આદિ જોડે તેમને પરિચય થયો. આ મિત્રતાને તેમણે દેશપ્રેમ ને કર્તવ્યચેતનામાં ફેરવી નાખી. આમ ધીરે-ધીરે એક નાનકડું સ્વાતંત્ર્ય સંગઠન તૈયાર થતું જતું ગયું.

૧૯૪૪માં મિસરી સેના સાથે તેમને પણ પૅલેસ્ટાઇનના યુદ્ધમાં મોકલવવામાં આવ્યા, જે દ્વારા તેમણે પોતાના અદ્ભુત રણકૌશલ ને વીરત્વનો જગતને પરિચય આપ્યો. કોઈ પણ યુદ્ધવ્યૂહમાં તેમની સેના જીત્યા વિના પાછી ન આવતી. એક વાર તો તેમને લડતાંલડતાં ત્રણ ગોળીઓ વાગી, પરંતુ થોડા દિવસ ઇસ્પિતાલમાં કાઢી આવી તેઓ પાછા મેદાનમાં આવી ઊભા. આ યુદ્ધ દરમ્યાન પણ તેમના સ્વાતંત્ર્ય-સંગઠનમાં કેટલીક ઉપયોગી વ્યક્તિઓનો ઉમેરો તો થતો જ રહ્યો. પણ સંગઠનમાં કોઈ પણ વ્યક્તિને દાખલ કરતાં પહેલાં તેની કડકમાં કડક પરીક્ષા તેઓ કરતા, અને આ કારણને લીધે જ મિસરની આજ સુધી ચાલુ રહેલી 'રેવૉલ્યુશનરી કમાન્ડ કાઉન્સિલ'ના સભ્યો અરસ-પરસ અતૂટ બંધનથી બંધાઇને બેનમૂન સહકારથી કામ કરી રહ્યા છે. તેમણે એક જગ્યાએ લખ્યું છે: 'સ્વતંત્રતા-આંદોલનના અફસરોને મેં સાતસાત સાલની તાલીમ આપીને તૈયાર કર્યા છે. તેમને ખબર ન હોય તેવી રીતે અનેક વાર હું તેમની પરીક્ષા લેતો રહેતો.'

૨૩મી જુલાઈ,૧૯૫૨ની સફળ ક્રાંતિના પ્રણેતા હોવા છતાં નાસિર સ્વભાવે શાંતિપ્રિય છે. જન્મજાત સૈનિક હોવા છતાં હત્યાઓ ને યુદ્ધો પ્રત્યે તેમને હમેશાં ઘૃણા રહી છે. એક વાર તેમણે એક અત્યાચારી ને દેશદ્રોહી વ્યક્તિને ખતમ કરવાનું ષડ્યંત્ર રચેલું. તે સફળ થયું. વ્યક્તિનું ગોળીથી ખૂન કરવામાં આવ્યું. પરંતુ તે પછી ઘેર જઈને તે સૂઈ ન શકયા. ષડ્યંત્ર રચીને જેનું તેમણે ખૂન કરાવ્યું હતું તેના આત્માની શાંતિ માટે તેઓ ખુદાને બંદગી કરવા લાગ્યા. આ પછી તેમણે ક્રાંતિનું રૂપ અને તેની ધારા જ બદલી નાખી.

અને તેથી જ હમણાં પં. નહેરુની શાંતિનીતિ તથા પંચશીલ સિદ્ધાન્તને તેમણે ટેકો આપ્યો છે. (હિંદી ઉપરથી)

વેદના વિનાનો એક અજબ માનવી

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કોઈ લશ્કરી દાકતરને એક એવો માણસ મળેલો કે જેને પીડા કે વેદનાનો કશો અનુભવ જ નહોતો! તે માણસ હવાઈ દળનો એક રસોયો હતો. તે પચ્ચીસ વર્ષનો હોવા છતાં, વધુમાં વધુ તેણે દર્દ અનુભવ્યું હોય તો તે આંખના ડોળા નાસિકાના મૂળ તરફ ખેંચતાં માથામાં થતું ખેંચાણવાળું દર્દ. બાકી કોઈ પણ દર્દ-ની તેને ખબર જ ન હતી. જીવડાં કરડે તે શું તેની તેને અસર જ નહોતી, પછી ભલેને જીવડાં કરડવાથી તેને ઢીમણું થઇ આવે! તેને છીંક પણ, તેના નાકમાં મરી, તપખીર કે એવું કંઇ સૂંઘાડવામાં આવે ત્યારે જ આવે. દાંત પર દાકતરની સારડી ફરે તો યે તેને કઈ નહિ. એકવાર તો તેને કુહાડી છેક હાડકાં સુધી ઊતરી જવા જેટલી વાગેલી, છતાં લોહી વહેવા સિવાય તેનું દર્દ તો તેણે કશું અનુભવેલું નહિ! પણ આ બધું દાક્તરો સાબિતી વિના શાના માને? તેથી તેમણે તેની આંખમાં રૂની વાટના ઝોકા મારી જોયા, તેના શરીરમાં ટાંકણીઓ ભોંકી, નાકમાં ધાતુનો સળિયો–તેની આંખમાંથી પાણી છેક ગાલ પર આવી જાય ત્યાં સુધી ઘુસાડયો, તેને રબરનો ફુક્કો ગળાવીને સામાન્ય માણસ સહન કરી શકે તેનાથી પાંચગણો પેટમાં ફુલાવ્યો, બરફના પાણીમાં લાંબા સમય સુધી તેના હાથ ઝબોળી રાખ્યા, તેના કપાળે ડામ દીધા અને બીજા કોઈથી તો સહન જ ન થાય તેટલું માથું ચડી આવે એવી દવાઓ તેની નસોમાં રેડી. પણ આ બધા પ્રયોગો દરમિયાન ન તો તેને કંઇ દર્દ થયું, ન તો તે ગભરાયો કે ન તો તેણે ઉંહકારો સરખો યે કર્યો! ('વેદના અને પીડા'ની સવિસ્તર માહિતી આપતો એક લેખ આ અંકમાં અન્યત્ર આપ્યો છે.)

લીંડીપીપર

પીપર, મરી, નાગરવેલ, ચીનીકબાલા એ એક જ વર્ગની વનસ્પતિ. પીપરની બે જાત આવે છે. બંગાળી પીપરમાં તીખાશ ઓછી હોય છે. ગુજરાતમાં ગણદેવી, નવસારી વગેરેમાં ખૂબ પીપર થાય છે. તે સ્વાદ-માં તીખી હોય છે. ઔષધમાં તે જ લેવી જોઇએ. એ પાતળી, કાળી, ભાંગતાં લીલી ને જીભ પર મૂકતાં તમતમાટ ઉત્પન્ન કરે તેવી છે.

પીપર એ ગરીબોની કસ્તૂરી છે. શરદી થાય કે એક વાલ પીપરનું ચૂર્ણ મધ સાથે ચાટી જવાથી ગરમાટો આવી જાય છે. સુવાવડમાં પણ પીપર, પીપરીમૂળ વગેરે દીપન-પાચન દવાઓ હોય છે. પીપર એ ખરેખર ઘરગથ્થુ દવા છે. કોઈ ઘર એવું ન હોવું જોઇએ જ્યાં પીપર ન હોય. અનેક રોગોમાં તે વાપરી શકાય એવી સુંદર ચીજ છે. તે સ્વાદમાં તીખી હોઈ લોકો એને બહુ ગરમ ગણે છે, પરંતુ ક્ષય, દમ, ને ઝીણા તાવવાળાને જે દવા અપાય તે બહુ ગરમ ન જ હોય. એ વહેમ છે. એનાથી કોઈ જાતની ગરમી–લોહી પડવું વગેરે કંઈ જણાતું નથી.

પીપર રસાયન છે. આપણામાં 'રસાયન' એટલે તાંબાની, સોમલ-ની કે એવી બીજી ભસ્મો એવો ખયાલ રૂઢ થઈ ગયો છે તે બરાબર નથી. રસાયન એટલે રસ, રક્ત વગેરે શરીરની ધાતુઓની વૃદ્ધિ કરે, ઘડપણ દૂર રાખે, રોગો ન થવા દે તે. પીપર આ અર્થમાં રસાયન છે. આપણા દેશમાં આજકાલ પાંડુરોગ (ઍનીમિયા) ઘણો જોવામાં આવે છે. આવા ઓછા લોહીવાળા, ફિક્કા માણસો માટે નીચે આપેલો પ્રયોગ સતત કરવાથી ઘણો લાભ થાય છે. ભૂખ લાગતી ન હોય, ઝીણો તાવ રહેતો હોય, શરદી વારંવાર થતી હોય, શરીર ફિક્કું રહેતું હોય, લોહી લેતું ના હોય તેવાઓ માટે આ પ્રયોગ સુંદર છે.

૧ તોલો પીપરનું ચૂર્ણ ઘૂંટી, રાતે લોખંડના એક વાસણમાં પાણી-માં કાલવીને રાખી મૂકવું. સવારમાં આ ચૂર્ણ નવટાંક પાણી સાથે પી જવું. આ પ્રયોગ એક વર્ષ સુધી ચાલુ રાખવો. લિવરનાં ઇન્જેક્શનો જે કામ નથી કરતાં તે આ સાદો પ્રયોગ કરે છે. લોહભસ્મ અને લિવરનાં ઇન્જેક્શનો પાછળ પૈસા બરબાદ કરવા કરતાં આ સાદો પ્રયોગ નિય-મિત કરો. પરહેજી કોઈ જાતની નથી. ખર્ચ ઝાઝું નથી, ને ગુણ બહુ છે. ઝીણો તાવ (જેને ટી. બી.ની શરૂઆત તરીકે ઓળખવામાં આવે છે એ), શરદી, ખાંસી, દમ, પાંડુરોગ વગેરે ઉપર આ પ્રયોગ અજમાવવા સૌને વિનતિ છે. સ્વસ્થ માણસો કરે તો કોઈ જાતનું નુકસાન નથી.

પીપર ઝાડો સાફ લાવનાર ને વાયુ કટ કરનાર છે, એટલે ગૅસવાળા તથા હરસના દરદીઓ માટે સારી છે. હરસના દરદીએ રોજ જૂના ગોળ સાથે પીપરનું ચૂર્ણ ખાવું. ખાંસી, અજીર્ણ, પાંડુરોગ, મંદાગ્નિ, કમળા તથા અરુચિમાં રોજ પીપર જૂના ગોળ સાથે ખાવી.

નાનાં બાળકો માટે નીચેનું 'બાલ ચાતુર્ભદ્ર' ચૂર્ણ ઘણું સારુ છે. અતિવખની કળી, કાકડાસીંગ, નાગરમોથ અને લીંડીપીપર, આ ચારે ય દવાઓ સરખા ભાગે લઇને બારીક ચૂર્ણ કરી રાખવું. પ્રત્યેક બાળક-વાળા ઘરમાં એ રાખવા જેવું છે. તાવ ખાંસી, સસણી, વરાધ, કાચા ઝાડા વગેરે રોગોમાં આ ચૂર્ણ નિર્ભયપણે બાળકોને સવાર બપોર સાંજ ૦ા-૦ા વાલને આશરે મધમાં અથવા મધ-ધાવણમાં કાલવીને ચટાડવાથી બાળકોના સામાન્ય રોગો બધા મટે છે.

ત્રિકટુ નામ સાંભળ્યું છે? કટુનો અર્થ સંસ્કૃતમાં તીખું થાય છે. ત્રિકટુ એટલે ત્રણ તીખી ચીજોનો યોગ. સૂંઠ, મરી ને પીપર એ ત્રણ

ધરગથ્થુ દવાઓનો યોગ કરનારને હું મોટો શોધક માનું છું. જ ઠરાગ્નિ પ્રદીપ્ત કરી ખાધેલું પચાવવાની આમાં જે શક્તિ છે તે બીજાં ઓછાં ઔષધોમાં છે. કફ, શરદી, જૂના વખતનું સળેખમ (પીનસ), હાથીપગું, આ બધા રોગોમાં ત્રિકટુ જો નિયમિત લેવામાતો દરેક કુટુંબના ઘણા પૈસા બચી જાય. ત્રિફળાની પેઠે ત્રિકટુ પણ આયુર્વેદની વિશ્વને એક અનોખી ભેટ છે.

પીપરને આયુર્વેદના આચાર્યોએ વૃષ્ય એટલે વીર્યવર્ધક–વાજીકરણ કહેલી છે. પીપર સ્વાદમાં તીખી છે. પરંતુ એના આખરી વિપાક-મધુર છે. લીલી પીપરનું અથાણું પણ થાય છે, જે રોજ ખાવામાં સારું છે. પરંતુ લીલી પીપર કફ કરનાર છે. જ્યારે સૂકી કફના નાશ કરનાર છે. પીપર ફેફસાના રોગો ઉપર સુંદર દવા છે. શીત અને કફપ્રધાન રોગો ઉપર પીપરની અસર અદ્‌ભુત છે. પ્રસૂતિના આવતા તાવમાં, સંધિવામાં, ગૃધ્રસિ(સાયેટિકા) ને કફજ્વરમાં પીપર રોજ મધ સાથે ચાટવી. મેદવાળાએ રોજ પીપર મધમાં ચાટવી. કોઈ પણ દ્રવ્ય બારીક પિસાય અને લાંબો વખત ઘૂંટાય તેમ તેની અભિશોષક શક્તિ વધે છે. આથી 'ચોસઠ પહોરી પીપર'-ની મહત્તા છે. ચોસઠી પીપર થોડી મધમાં ચાટવાથી શરીરમાં ગરમી ને તાઝગી લાગે છે.



એક મોટી 'ગજપીપર' વેચાય છે, તે જુદી. તેની દાંડીને ચવક કહે છે. પીપરનાં મૂળ એ પીપરીમૂળ અથવા ગંઠોડા. આપણે ત્યાં ગંઠોડાનો વાપર ઘણો છે. સારી ગાંઠોવાળા પીપરીમૂળ પસંદ કરવાં. બજારમાં હલકી કિંમતે વેચાય છે, તે પીપરનાં ડાંખળાં. તે કંઈ જ ગુણ કરતાં નથી. મોટી ગાંઠો જેવાં પીપરમૂળ જ લેવાં જોઇએ. પીપરના તમામ ગુણો એમાં છે. વિશેષ કરી ઊંઘ લાવવા માટે આનો ખાસ ઉપયોગ છે. આયુર્વેદમાં ઊંઘ આણનાર દવાનો સર્વથા અભાવ છે. આ માટે આયુર્વેદની એક દૃષ્ટિ છે કે વાયુની વૃદ્ધિ થવાથી ઊંઘ ઊડી જાય છે, જ્યારે કફની વૃદ્ધિ થવાથી ઊંઘ આવે છે. એટલે વાયુના નાશ માટે પીપરીમૂળ ઉત્તમ હોવાને લઈને તેનો ઉપયોગ કરવો. એનાથી ઊંઘ તો આવશે જ, પરંતુ સાથેસાથે પેટનો વાયુ ટળશે, ભૂખ સારી લાગશે, હૃદય નબળું હશે તો સબળ બનશે, કફના રોગો મટશે.

પીપરીમૂળનું ચૂર્ણ ૦ા થી બા તોલો લઈ તેમાં બમણો ગોળ નાખી ખાવું અને ઉપરથી ભેંસનું દૂધ પી જવું. આ પ્રયોગથી ઊંઘ આવે છે.

પીપરીમૂળની ખાસ અસર ગર્ભાશય પર છે. વેણો (લેબર પેઈન્સ) ન આવતી હોય તો પીપરીમૂળની ભૂકી ઉપરાઉપરી કડક ચા કે કૉફી સાથે આપવાથી વેણો ઊપડે છે અને બાળકનો પ્રસવ થઈ જાય છે. બાળક જન્મ્યા પછી પણ આપણે ત્યાં પીપરીમૂળની રાબડી અપાય છે. એનાથી ઓળ અંદર રહી ગઈ હોય તો સહેલાઈથી નીકળી આવે છે ને ગર્ભાશયનું સંકોચન સાધે છે. આથી સુવાવડોમાં પીપળીમૂળનું અગત્યનું સ્થાન છે. અસેળિયાની અને પીપળીમૂળની રાબડી આપવાથી પણ જલદી પ્રસવ થાય છે. જેમ કફના રોગો અથવા ફેફસાં ઉપર પીપરનો ચોક્કસ પ્રભાવ છે તેમ પીપરીમૂળનો પ્રભાવ ગર્ભાશય ઉપર છે. સારા પીપરીમૂળથી હૃદયના રોગો ઉપર પણ સારો ફાયદો થાય છે.

(ભિષગ્ભારતી) —બાપાલાલ ગ. વૈદ્ય

સુગંધી મુખવાસ

૧ા તોલો પીપરમેન્ટ, ૧ા તોલો અજમાનાં ફૂલ, ૧ ગોટી કપૂર (મધ્યમ કદની), આ ત્રણે ચીજોને એક બાટલીમાં ભેગી કરવાથી પ્રવાહી થશે. પછી નીચેની ચીજોને ખાંડીને તેનો અધકચરો ભૂકો કરવો: ૭ રતલ આંબલીના શેકેલા કચૂકા, ૧ રતલ જેઠીમધનાં છોડાં, ૧ રતલ વરિયાળી, ૦ાા રતલ તજ, ૦ા રતલ લવિંગ, ૦ા રતલ મોટી એલચી, ૫ તોલા મરી. આ બધાનો ભૂકો એવી રીતે કરવો કે જે લોટથી માંડીને ઝીણી કાંગરી જેવો હોય. ભૂકાને મોટી ચાળણી વડે ચાળીને તેમાંથી જેઠીમધનાં ફોતરાં દૂર કરવાં.

પછી હથેળીમાં થોડુંથોડું ઉપર્યુક્ત પ્રવાહી લઈને આ ભૂકામાં ભેળવવું, ને ભૂકાને આઠ-દસ કલાક દબાવીને રાખી મૂકવો. પછી ફરીથી એક વાર તેને ચાળીને બંધ બાટલામાં ભરી લેવો. આ મુખવાસ સસ્તો ને ઉત્તમ છે. લગભગ એક રૂપિયાના અઢી રતલના હિસાબે પડશે. એ ખાનારાને એમ જ થશે કે પોતે સુવાસિત સોપારી જ ખાય છે.

(ગૃહમાધુરી) —હરદાસ અ. દેસાઈ

ક્રિકેટનો નવો દડો

તા. ૪ અને ૫ મેને દિવસે ઇંગ્લંડમાં લીસ્ટરશાયર તથા નૉર્થૅમ્પ્ટનશાયર વચ્ચેની રમતમાં એમ. સી. સી. હાલના કરતાં નાનકડા દડા વડે પ્રયોગ કરનાર છે. એક તરફ ૮ ૧/૨ વ્યાસ અને બીજી તરફ ૮ ૧/૨ વ્યાસવાળા આ દડાનો, તાજેતરમાં ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલૅંડના ખેલાડીઓને ત્રાહીત્રાહી પોકરાવનાર ફ્રાંક ટાયસન ઉપયોગ કરશે. અગાઉ બેઈલી તથા ઑસ્ટ્રેલિયાના રે લિન્ડવૉલે પણ તેનો ઉપયોગ કરી જોયો છે. લિન્ડવૉલે તો કહ્યું હતું કે 'આ દડા વડે તો હું વગર થાક્યે ગમે તેટલા લાંબા સમય સુધી ગોલંદાજી કરી શકું.'

કમળ જળે નિત્યે રહે, નિમિષ ન ભેદે નીર;
કામ ન ભેદે તેહને, જેનું શુદ્ધ શરીર.

—શામળ ભટ્ટ

ભગવાન બુદ્ધ પર એક માણસે ગાળોનો વરસાદ વરસાવવા માંડયો. થાક્યો એટલે ભગવાન બુદ્ધે પૂછ્યું: 'દાતાનું દાન ભિક્ષુક જો ન લે તો એ કોનું કહેવાય?' 'દાતાનું' તેણે જવાબ આપ્યો. 'આ ગાળો મારે નહિ જોઇએ. હવે એ કોની કહેવાય?' માણસ પાસે જવાબ ન હતો. તે તરત પ્રભુને પગે પડી ગયો.

અનેકાર્થી શબ્દ: **કાપ**=કાપવાથી પડતો આંકો, છેદ; કાપવાની ક્રિયા; ઘા, ઝાટકો; ચીર; કાદવ; લીટો, રેખા; કાનનું એક ઘરેણું; પતંગની કમાન.

કહેવતોના અર્થ: 'રોતીને પીઅરિયાં મળ્યાં' -સાસરાનાં દુઃખ રડતી સ્ત્રીને પીઅરનાં માણસ મળતાં જે સાનુકૂળ લાગણી થાય એવી, મનફાવતું મળ્યાની, છુટકારાની, અને વિશેષમાં ઢીલાપણાની લાગણી દર્શાવવા માટે આ ઉચિત રૂપકવાળી કહેવત વપરાય છે. એવી જ સચોટ રૂપકવાળી બીજી કહેવતો: 'ભાવતું હતું ને વૈદે કહ્યું', 'દોડવું હતું ને ઢાળ આવ્યો', 'બળદ ગળીઓ ને વળી બુચકાર્યો (એટલે બેસી ગયો)', 'ગાડું દેખી ગુડા ભાંગ્યા' વગેરે.

ગણિતગમ્મત: કોઈ પણ રકમને ૯ થી ગુણતાં આવેલા ગુણાકારના અંકોનો સરવાળો પણ ૯ જ આવે છે એ તો જાણીતી વાત છે. વળી ૯ને ૧ થી શરૂ કરી ૧૦ સુધી ગુણતાં આવેલા ગુણાકારના છેલ્લા અંકોનો ક્રમ આ પ્રમાણે હશે: ૯,૮,૭,૬,૫,૪,૩,૨,૧; અને એ ગુણાકારના પહેલા અંકોનો ક્રમ આ પ્રમાણે હશે: ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯. -રમેશ વોરા

ઈ. ૧૯૪૫માં લૉસ ઍન્જેલિસમાં એક બાળકનો જન્મ ૩૭૫ દિવસે થયો હતો. તેથી ઊલટું ન્યૂટન, નેપોલિયન, વિકટર હ્યુગો, વૉલ્તેર, રેન્વાર, ડાર્વિન ને ચર્ચિલ આ બધા 'અધૂરે' દહાડે જન્મેલા!

ઉંદરોને મારવાની વૃત્તિ બિલાડીમાં જન્મગત હોતી નથી. ઝેડ. વાય. કુઓ નામના એક માનસશાસ્ત્રીએ બિલાડીનાં ૨૧ બચ્ચાંને તેમના જન્મ પછી તરત એક પાંજરામાં ઉંદર સાથે પૂરી રાખેલાં, જેમાંના એકે બચ્ચાએ કોઈ ઉંદરને માર્યો ન હતો. માતાને ઉંદરને મારતી જોઇને જ બિલાડીનું બચ્ચું ઉંદર સાથે આજીવન દુશ્મનાવટ બાંધી લે છે.

બુડાપેસ્ટમાં 'સિક્સ્ટીન સ્ટોન ક્લબ' નામે ક્લબ છે. તેના સભ્ય થવા માટે તેના નામ પ્રમાણે ૧૬ સ્ટોન એટલે કે બસો ચોવીસ રતલ વજન હોવું જરૂરી ગણાય છે. અને આશ્ચર્યની વાત એ છે કે એ ક્લબના મોટા ભાગના સભ્યોનું વજન ૨૮૦ રતલથી યે વધુ છે.

મનુષ્ય રૂપથી, રૂપ ગુણથી, ગુણ જ્ઞાનથી ને જ્ઞાન વિવેકથી શોભે છે.

અણુબૉમ્બનો સૌપહેલો ધડાકો થયો ઈ. ૧૯૪૫ની સોળમી જુલાઇએ ન્યૂ મેક્સિકોના રણમાં 'હૉલોમેન ઍર ડેવેલપમેન્ટ સેન્ટર' નામની જગ્યાએ.

લીમડાનાં પાનનો ઉકાળો કરી રોજ સવારમાં તેના બબ્બે ચમચાનું પાન તાવના હુમલાને હઠાવશે. લીમડાંનાં પાન બાફી તેની પોટીસ બનાવીને મૂકવાથી ગૂમડાની મોટી ગાંઠો પણ ફૂટી જશે. અને લીમડો નાખી ઉકાળેલા પાણી વડે નાહવાથી શરીરમાં આવતી ચળ બંધ થશે.

બીડી પીવાથી જ્ઞાનતંતુ શાંત કે મજબૂત નહિ, પરંતુ કમજોર ને પરગજુ બની જાય છે. અને વધારેપડતી બીડી પીવાથી તે માંહેનું નિકોટીન અંધાપો પણ લાવે છે.


દુનિયામાં ઊંડામાં ઊંડું પાણી જાપાનથી ફિલિપાઇન જતાં રસ્તામાં આવતા મીન્ડીઆનો નામના પૅસિફિક મહાસાગરના એક ભાગનું છે, જ્યાં ઊંડાઇ ૩૪,૨૧૦ ફૂટ છે.

ફ્રાન્સનો વિખ્યાત સાહિત્યકાર ઍલેક્ઝાન્ડર ડ્યૂમા નવલકથા લખવા માટે આસમાની, કવિતા લખવા માટે પીળો અને બીજા લેખો માટે ગુલાબી કાગળ વાપરતો!


મા: (દીકરાને) તેં શા માટે તેને માર્યો?
દીકરો: મેં તેને ત્રણ વખત પૂછ્યું છતાં તેણે જવાબ ન આપ્યો, એટલે.
મા: પણ તે માણસ મૂગો છે.
દીકરો: તો તે પણ એણે જણાવવું જોઇએ ને?




અનુવાદક યંત્ર: એક ભાષામાંથી બીજીમાં આપમેળે અનુવાદ કરનારા આ યંત્રમાં ૨૫૦ રશિયન શબ્દની કોષ-તકતી છે, જેના સામા અંગ્રેજી શબ્દોની તકતી બીજી બાજુ છે. યંત્રચાલક જે શબ્દો ટાઈપ કરે તે અનુસાર જમણી બાજુ એક કાર્ડ પર ચોક્કસ સ્થળે કાણાં પડતાં જાય, અને તે તે સ્થળની પિન ત્યાં ભરાતાં ડાબી બાજુના ભાગમાં તે તે શબ્દોના અંગ્રેજી અનુવાદ છપાતા જાય. આ જ રીતે રશિયનને બદલે બીજી ભાષાની કોષતકતી ચડાવીને તે ભાષામાં પણ અનુવાદ કરી શકાય છે.




કલાકણિકા: કીમતી વસ્તુઓ તથા જરઝવેરાત ભરવા માટે હાલની તિજોરીઓની જેમ મધ્ય યુગમાં આવી 'સ્ટ્રૉંગ-બૉક્સ' રખાતી. સોળમી સદીની એવી મધ્ય યુરોપની આ મંજૂષા કારીગરીનો નમૂનો છે.



અમેરિકામાં પાલોમર ટેકરી પર આવેલું ૫૩૦ ટન વજનનું દુનિયાનું આ સૌથી જંગી દૂરબીન ફ્રિકશન-ફ્રી બેરિંગ પર એટલી તો અદ્ભુત રીતે ગોઠવ્યું છે કે તેને માત્ર ૧/૧૨ હૉર્સપાવર મોટરથી ચલાવી શકાય છે! ૨૦૦ ઇંચ વ્યાસના રિફ્લેક્ટર અને ૧૪ાા ટનના અરીસાવાળું એ દૂરબીન ૧૦૦ કરોડ પ્રકાશવર્ષનું અંતર ભેદીને જોઇ શકે છે.




આવતે વર્ષે ઑસ્ટ્રેલિયામાં ભરાનાર ઑલિમ્પિક-રમત સંમેલન સાથે સંકળાએલી દરેક વ્યક્તિને આપવા માટે તૈયાર થનારા ૧૦,૦૦૦ કાંસ્ય-પદકની આ આકૃતિમાં, વચ્ચે પાંચ કડીઓવાળું ઑલિમ્પિકનું પ્રતીક ધારતો ધ્વજ લઈને એક ખેલાડી ઊભો છે. તેની ચોમેર તેનું લાટિન સૂત્ર છે કે 'વધુ ઝડપી, વધુ ઊંચે, વધુ બલિષ્ઠ', અને તેને ફરતી બબ્બે ત્રણત્રણ હરીફોની આકૃતિઓ છે.




આવડી ખોબા જેવડી ચકલીની ડોકમાં જુદાંજુદાં ૧૪ હાડકાં હોય છે, જ્યારે આવડા જંગી જિરાફની ડોકમાં માત્ર ૭ જ.



વેનેઝુએલા અને બ્રાઝિલમાં થતાં આ 'ગાય-વૃક્ષ'માંથી સફેદ પોષક રસ નીકળે છે, જે દૂધ જેવો જ લાગે છે. એ પીવામાં ને રસોઇમાં વાપરી શકાય છે અને મલાઈ પણ તેમાંથી કાઢી શકાય છે.




હવે શોધાયું છે કે માણસના શરીરનો ૯૮ ટકા ભાગ દર વર્ષે બદલીને નવો થાય છે. અગાઉ મનાતું કે શરીરના પદાર્થો બદલાતાં સાત વર્ષ લાગે છે, એ માન્યતા હવે ખોટી ઠરી.



કારવણની બારસાખો

આ અંકમાંના લેખ 'ગુજરાતનું ગુપ્તોત્તર કાલીન શિલ્પ'માં વર્ણવેલાં ચિત્ર નં. ૪૧-૪૨ ફોટોઃડૉ.અર્નેસ્ટ બેન્ડર

લગભગ તેરચૌદ ફૂટ ઊંચી આ પ્રત્યેક બારસાખ સળંગ પાષાણની બનાવેલી છે અને કારવણની પ્રાચીન સંસ્કારસમૃદ્ધિના કીર્તિપતાકા સમી હાલ કારવણના તળાવનાસુથારઓવારા પાસે ઊભી છે. ત્રણ ઊભા ફલકો(પટ્ટીઓ)માં વહેંચાએલા એના બંને બાજુના અંદરના ફલકોમાં સૌથીનીચેની તકતીઓમાં ગંગા અને યમુના સામસામે ઊભી છે. વચલી બંને પટ્ટીની નીચેની તકતીઓમાં નાગદેવની આકૃતિઓ છે, જ્યારે બહારની મોટી પટ્ટીમાં નીચેના ભાગે બે શૈવ દ્વારપાલ છે. ડાબી બાજુના ચિત્રમાં, મોટી પટ્ટીમાં મથાળાના કીર્તિમુખઅથવા મકરમુખની નીચે, પહેલી તકતીમાં સિંહવાહના દુર્ગા છે; એની નીચેના ગોખમાં બે હાથમાં પદ્મધારી સૂર્ય છે; તેથી નીચે કોઈ યુગલની આકૃતિછે. વચલી પટ્ટીમાં ગાંધર્વો અને અપ્સરાઓની મનોહર આકૃતિઓ છે; જ્યારે છેલ્લી પટ્ટીમાં ગંગાની ઉપર અમૃતકુંભ, ને તેની ઉપર વજ્ર વેલ વગેરેનું સુશોભન છે. જમણી તરફની બારસાખમાં પણ અંદરની બે નાની પટ્ટીઓ ઉપર તો એવી જ આકૃતિઓ છે, જ્યારે બહારની મોટી પટ્ટી પર, કીર્તિમુખના મથાળે ડમરુ ઘાટનું ખંડિત સ્તંભશીર્ષક છે. એ શીર્ષકની નીચેના ગોખમાં ગરુડવાહન વિષ્ણુ, તેની નીચે ચતુર્ભુજ વિષ્ણુ (ત્રિવિક્રમ-રણછોડજી), તેથી નીચે ભક્ત-યુગલ, અને તેની નીચે દ્વારપાલ છે.



'કુમાર' મે ૧૯૫૫ · સળંગ અંક ૩૭૭ · છૂટક નકલના બાર આના

KUMAR Regd. No. B. 1808



પે હઈ પાર્કનું એક દૃશ્ય : કલાકાર · યજ્ઞેશ્વર શુકલ

'પે હઈ પાર્ક' એ ચીનના પેકિંગ શહેરનું એક રમ્ય સ્થળ છે. તેમાંનું સફેદ શિખરવાળું લામા દેવળ (પગોડા) એ તેનું મુખ્ય આકર્ષણ છે. આ દેવળને ચારે બાજુથી આવરી લેતું એક મોટું કમળ-તળાવ છે, જેમાંથી દેવળમાં જવા માટે ચોમેર સફેદ આરસના નાજુક મનોહર પૂલો બાંધવામાં આવ્યા છે. તળાવની પાળ ઉપર નાનાંમોટાં અનેક મંદિરો, દેવડીઓ (pavilinos) અને ચા-ઘરો આવેલાં છે. એ મંદિરોમાંનું એક ઉપરનું મંદિર છે.

ચીની સ્થાપત્યનું એક વિશિષ્ટ અંગ ચડઊતર પદ્ધતિનાં, વચ્ચેથી ઝોક લેતાં, રંગીન નળિયાંવાળાં છાપરાં હોય છે. એ છાપરાંને છેડે નાની મોટી ઘંટડીઓનાં ઝૂમખાં હોય છે, જે પવનની લહેરોથી એકબીજા સાથે અથડાઇને આહ્લાદક સ્વર ઉત્પન્ન કરી વાતાવરણ અને સ્થાપત્યને સજીવ રાખે છે. ચીની કળાનો જે પ્રાણ–rhythmic vitality તે આ ઘંટડીઓની પ્રથાથી સ્થાપત્યમાં પણ જાગી ઊઠે છે.

પ્રકૃતિ-ચિત્રને ચીની સાહિત્યમાં 'શાન સુઇ'–Shan Sui (એટલેકે પર્વત અને પાણી) કહે છે. એ ચિત્રોની પરંપરાગત આલેખનશૈલી એવી હોય છે કે જેમાં ત્રણ દૃષ્ટિકોણથી પહાડ, વાદળ, પાણી અને નીચેની ખીણો જોઈ શકાય. ઉપલું ચિત્ર એ શૈલીથી નહિ પરંતુ પશ્ચિમની હૂબહૂ –realistic દૃષ્ટિથી ચીતરાયું છે, જેમાં માત્ર એક સન્મુખદૃષ્ટિ જ છે. પરંતુ આ ચિત્રના માધ્યમમાં શુદ્ધ ચીની શાહી અને જળરંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વિશેષમાં, જે ચોકસાઈ જૂની શૈલીએ તૈયાર થએલા ચિત્રમાં જરૂરી છે તે જ ચીવટ શાહી અને પીછીના લસરકા (strokes)માં આમાં રાખી છે. જળરંગી ચિત્રોનું મુખ્ય લક્ષણ રંગોની ભીનાશ અને તાજગીમાં છે. અહીં રંગો કરતાં શાહીના વિવિધ આછાઘેરા પલટા–tones વધુ મહત્ત્વના છે, અને રંગોનો ઉપયોગ તો ચિત્રને માત્ર જરૂરી ઉઠાવ આપવા પૂરતો જૂજ જ કર્યો છે. લગભગ સમચોરસ આકૃતિમાં ગોઠવાએલા આ ચિત્ર ઉપર આપણી દૃષ્ટિ, ઉપલા ડાબા ખૂણાથી શરૂ થઇને નીચેના જમણા ખૂણા આગળથી વળાંક લઈ પાઈનના સફેદ વૃક્ષ ઉપર થઇને વળી પાછી નીચે ઊતરતી હોય એવી તેની સંયોજના છે. પ્રેક્ષક સફેદ સીડીની પગથીઓ પરથી મંદિરની ભીતરમાં જઇને જાણે પ્રદક્ષિણા કરીને બહાર આવતો હોય અને પુનઃ મંદિરપ્રવેશ કરતો હોય એવી ભાવના આ ચિત્રને નીરાંતે જોતાં થાય છે. હાલનાં ચીની પ્રકૃતિ-ચિત્રો આ પદ્ધતિએ આલેખાય છે, ને તેના મુખ્ય કલાકારો સ્વ. જુ પેઓ (Ju Peon), લીકો-ટન (Liko-Tan), ચાંગ તીંગ (Chang Ting) ને લોમીંગ (Lo Ming)છે.–ય. ક. શુ.